Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All Your Mortgage Needs
Get 2nd Opinion on Your Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645


FRIDAY, 21 FEBRUARY, 2025 Vol. 23, No. 08 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ભારતને મળનારા 21 મિલિયન ડોલરના ફંડને રદ કર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડનના નામે રાજકારણ રમ્યું

# બાયડન મોદીને હરાવવા માંગતા હતા, એટલે ફંડ આપતા : ટ્રમ્પ

## જો બાઈડન પર ટ્રમ્પે ભારતમાં ચૂંટણીમાં દખલગીરીનો પણ આરોપ લગાવ્યો : બચેલા નાણા માનવતા કાર્યમાં વપરાશે

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક નિર્ણય લીધો છે. આમાં તેમણે મતદાન ટકાવારી વધારવા માટે ભારતને મળનારા 21 મિલિયન ડોલરના ફંડને રદ કર્યું હતું. તેમના નિર્ણય અંગે વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. દરમિયાન, બુધવારે રાત્રે સાઉદી અરેબિયા સરકારના FII પ્રાયોરિટી સમિટને સંબોધિત કરતી વખતે, ટ્રમ્પે પોતાના નિર્ણયનો બચાવ કર્યો હતો. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાયડનની સરકાર પર ભારતમાં ચૂંટણીમાં દખલગીરીનો પણ આરોપ લગાવ્યો હતો.

ટ્રમ્પે કહ્યું, "ભારતમાં મતદાન વધારવા માટે આપણે 21 મિલિયન ડોલર ખર્ચવાની શું જરૂર છે? મને લાગે છે કે જો બાયડન ઈચ્છતા હતા કે કોઈ બીજું ચૂંટણી જીતે. આપણે આ વાત ભારત સરકારને જણાવવી પડશે. આ એક મોટો મુદ્દો છે."

આ પહેલા મંગળવારે પણ તેમણે આ મામલે સ્પષ્ટતા આપી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આજે ભારત પોતાના દમ પર સક્ષમ છે. ભારતમાં પૈસાની કોઈ અછત નથી. આવી સ્થિતિમાં, તેને ફંડ શા માટે આપવું જોઈએ? તેમણે કહ્યું હતું કે, "આપણે ભારતને 21 મિલિયન ડોલર કેમ આપી રહ્યા છીએ? તેમની પાસે ઘણા પૈસા છે. તેઓ વિશ્વના સૌથી વધુ કરવેરા કરનારા દેશોમાંનો એક છે. તેમના ટેરિફ એટલા ઊંચા છે કે આપણે ત્યાં વ્યવસાય કરવા માટે ભાગ્યે જ પ્રવેશી શકીએ છીએ. મને ભારત અને તેમના વડા પ્રધાન પ્રત્યે ખૂબ આદર છે, પરંતુ મતદાન માટે 21 મિલિયન ડોલર આપવાનું કેટલું વાજબી છે?"

વ્હાઈટ હાઉસ પરત ફર્યાના થોડા દિવસો પછી, ડોનાલ્ડ ટ્રમ્પે બધી વિદેશી સહાય લગભગ સંપૂર્ણપણે બંધ કરવાનો આદેશ આપ્યો. એલોન મસ્કે DOGE માટે USAID બંધ કરવાની યોજનાની પણ જાહેરાત કરી. તેનું વાર્ષિક બજેટ $40 બિલિયનથી વધુ છે. તે ખાસ કરીને ગરીબ દેશોમાં વિકાસ, આરોગ્ય અને માનવતાવાદી કાર્યક્રમોને સમર્થન આપે છે.



# અમેરિકામાં ગેરકાયદે ગયેલા ભારતીયોને પરત મોકલવાને બદલે પનામા મોકલાયા

## 299 ગેરકાયદે માઈગ્રન્ટસમાં ભારત, ચીન, ઉઝબેકિસ્તાન, ઈરાન, વિયેતનામના લોકોનો સમાવેશ

**પનામા**

અમેરિકામાં ટ્રમ્પ સરકારે ગેરકાયદે માઈગ્રન્ટ્સનું મોટા પાયે ડિપોર્ટેશન શરૂ કર્યું છે, જેમાં ઘણા લોકોને અમેરિકાની બહાર પનામાની હોટલોમાં રાખવામાં આવ્યા છે, જ્યાંથી તેમને ડિપોર્ટ કરવામાં આવશે. અમેરિકામાં મોકલેલા ત્રણ વિમાનમાં અત્યાર સુધીમાં 70થી વધુ ગુજરાતીઓને પણ પાછા મોકલાયા છે. પનામા સિટીમાં ડેકાપોલિસ નામની એક લક્ઝરી હોટલમાં બે છોકરીઓ પોતાના હાથમાં એક કાગળ લઈને રૂમની બારી પાસે ઊભી છે. તેમના કાગળ પર સંદેશ લખ્યો છે, "પ્લીઝ, અમને મદદ કરો."



આ હોટલમાંથી સમુદ્રનો નજારો માણી શકાય છે, તેમાં બે એક્સક્લુસિવ રેસ્ટોરાં, એક સ્વિમિંગ-પૂલ, એક સ્પા અને પ્રાઈવેટ ટ્રાન્સપોર્ટેશનની સગવડ છે. પરંતુ હાલમાં આ જગ્યા કામચલાઉ કસ્ટડી સેન્ટરમાં ફેરવાઈ ગઈ છે. પનામા સરકારે જણાવ્યા મુજબ અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા 299 ગેરકાયદે માઈગ્રન્ટ્સને અહીં રાખવામાં આવ્યા છે.

કેટલાક માઈગ્રન્ટ્સ પોતાના બંને હાથ વડે કાંડા પાસે ક્રોસની સાઈન બનાવે છે. એટલે કે તેમની સ્વતંત્રતા છીનવાઈ ગઈ છે એવું કહેવા માગે છે. બીજા કેટલાક માઈગ્રન્ટ કાગળ પર લખે છે કે, "અમે અમારા દેશમાં સુરક્ષિત નથી."

ટ્રમ્પ સરકારે અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા લાખો લોકોને ડિપોર્ટ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. પનામાના પ્રેસિડન્ટ જોસ રાઉલ મુલિનોએ આવા લોકો માટે પનામાએ સેતુ તરીકે કામ કરવાની તૈયારી દર્શાવી ત્યાર પછી આ લોકોને ગયા અઠવાડિયે ફ્લાઈટ દ્વારા પનામા સિટી લાવવામાં આવ્યા હતા. હોટલમાં લાવવામાં આવેલા 299 ગેરકાયદે માઈગ્રન્ટ્સમાં ભારત, ચીન, ઉઝબેકિસ્તાન, ઈરાન, વિયેતનામ, તુર્કી, નેપાળ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને શ્રીલંકાના લોકો છે. તેમાંથી માત્ર 171 લોકો પોતાના દેશ પાછા જવા માટે તૈયાર થયા છે.

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca


સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

VOYAGES InterSky TRAVELS
Visa Services
India
Nepal
Dubai
Europe
UK-ETA
OCI
PASSPORT RENEWAL
SURRENDER
CITIZENSHIP & PR APPLICATION
Wholesale Tour Operator
India-North & South
Nepal - Bhutan -Sri Lanka.
Dubai.
NRI-Europe( Veg & Jain Meals)
All kinds of Travel
Air Canada
Air India
Qatar
Emirates
Air Farnce/ KLM
British Airways
United -Delta
Turkish & many more.............
Divyesh (Dev) Patel
514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070


S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1


# ટેરિફથી કેનેડાના ખાંડ અને કેન્ડી ઉદ્યોગને ફટકો પડવો નિશ્ચિત

## ટેરિફ અંગે યુએસ યોગ્ય નિર્ણય ન લેશે તો કેનેડા અન્ય સ્થળોએથી વધુ મીઠાઈ ઉત્પાદનોની આયાત શરૂ કરી શકે

**ટોરોન્ટો**

જો યુએસ ટેરિફ અમલમાં આવશે તો કેનેડિયન ખાંડ અને કન્ફેક્શનરી કંપનીઓને ખાસ કરીને મોટો ફટકો પડશે. કારણ કે, મોટાભાગના ઉદ્યોગનું વેચાણ સરહદની દક્ષિણ તરફ જાય છે. ફાર્મ ક્રેડિટ કેનેડાના વરિષ્ઠ અર્થશાસ્ત્રી અમાન્ડા નોરિસે જણાવ્યું હતું કે, ખાંડ અને કન્ફેક્શનરી એવા ક્ષેત્રોમાંના એક તરીકે અલગ પડે છે, ખાસ કરીને ટૂંકા ગાળામાં જે યુ.એસ. પર ખૂબ નિર્ભર છે, અને તેથી યુ.એસ. ટેરિફની મોટી અસર જોવા મળી શકે છે. FCC અનુસાર આ ઉદ્યોગ કેનેડાના સૌથી સંવેદનશીલ કૃષિ-ખાદ્ય ક્ષેત્રોમાંનો



એક છે. કારણ કે, તેનું 80 ટકાથી વધુ વેચાણ યુ.એસ.માં થાય છે. કેનેડાએ કહ્યું છે કે તે પોતાના ટેરિફ સાથે બદલો લેશે. કૃષિ અને ખાદ્ય આર્થિક સલાહકાર સેબેસ્ટિયન પૌલિયટે જણાવ્યું હતું કે, જો અમેરિકા કેનેડિયન માલ પર વ્યાપક ટેરિફ લાદશે, તો અમેરિકા યુરોપ જેવા અન્ય સ્થળોએથી વધુ મીઠાઈ ઉત્પાદનોની આયાત શરૂ કરી શકે છે. વેપાર ડેટા દર્શાવે છે કે 2024માં કેનેડાએ યુ.એસ.માં $ 5.3 બિલિયન ખાંડ અને મીઠાઈ ઉત્પાદનોની નિકાસ કરી હતી. કૃષિ અને કૃષિ-ખાદ્ય કેનેડા અનુસાર તે મેક્સિકો અને જર્મનીથી આગળ યુનાઈટેડ સ્ટેટ્સમાં મીઠાઈ ઉત્પાદનોનો ટોચનો સપ્લાયર છે. કેનેડા રિફાઈન્ડ ખાંડની પણ નિકાસ કરે છે, જે યુ.એસ.નો અત્યાર સુધીનો સૌથી મોટો નિકાસ ગ્રાહક છે. કેનેડિયન સુગર ઈન્સ્ટિટ્યૂટ અનુસાર કેનેડાએ 2023 માં યુ.એસ. માં લગભગ 60,000 ટન શુદ્ધ ખાંડ મોકલી હતી. કેનેડામાં ખાંડની કિંમત ઓછી છે. કારણ કે યુ.એસ.માં હાલના સંરક્ષણવાદી ક્વોટા અને ટેરિફ છે. કેનેડામાં ઉત્પાદન કામગીરી ધરાવતી કેડબરી ચોકલેટ-નિર્માતા મોન્ડેલેઝ ઈન્ટરનેશનલે તેના કમાણી અહેવાલમાં જણાવ્યું હતું કે વેપાર વિવાદમાં કોઈપણ વધારો તેના વેચાણ અને ઈનપુટ ખર્ચ માટે “નોંધપાત્ર જોખમ” ઊભું કરશે. કેનેડામાં ઉત્પાદન કામગીરી ધરાવતી અન્ય બહુરાષ્ટ્રીય કન્ફેક્શનરી બ્રાન્ડ્સમાં હર્શી, નેસ્લે અને માર્સનો સમાવેશ થાય છે. જો કેનેડા બદલો લેશે તો પેકેજિંગ જેવા આયાતી ઉત્પાદનો પર પણ તેની મોટી અસર પડશે.

## ટોરોન્ટો એરપોર્ટ પર ઉતરાણ વખતે વિમાન ક્રેશ થતા 18 યાત્રી ઇજાગ્રસ્ત

ટોરોન્ટો : ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ નંબર 4819ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો છે. આ ફ્લાઈટ મિનિયાપોલિસ-સેન્ટ પોલ એરપોર્ટથી ટોરેન્ટ પિયર્સન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જઈ રહી હતી. જો કે, તે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પર લેન્ડીગ વખતે અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં 80 લોકો સવાર હતા, જેમાંથી 76 મુસાફરો અને 4 ચાલક દળના સભ્યો હતા. વિમાનમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, આ દુર્ઘટનામાં 18 લોકોને ઈજા પહોંચી છે. કેનેડાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 65 કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જેના લીધે વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્ક્સ કારણ જાણી શકાયું નથી. ટોરોન્ટોના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટે આ ઘટનાને લઈને X પર એક પોસ્ટમાં લખ્યું હતુ કે ‘અમે મિનિયાપોલિસથી આવનાર ડેલ્ટા એરલાઈન્સના વિમાન સાથે સંકળાયેલી એક ઘટનાથી માહિતગાર છીએ, અને ઈમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ ગઈ છે.

## મોન્ટ્રિયલ પાસે નવસારીના આધેડનું કારમાં રહસ્યમય સંજોગોમાં મોત થયું

**નવસારી**

કેનેડામાં રહેતા નવસારીના આધેડનું કારમાં શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ થયું છે. કેનેડાના મોન્ટ્રિયલ ખાતે નવસારીના આધેડ નરેન્દ્રભાઈનું મોત થયું છે. બોદાલીના રહેવાસી નરેન્દ્રભાઈનું શંકાસ્પદ મોત થતાં પરિવારમાં શોકનો માહોલ ફેલાયો છે. નરેન્દ્રભાઈનો મૃતદેહ પોતાની કારમાંથી મળી આવ્યો છે. કારનો ફેન ચાલુ હતો અને કાર બરફથી ઢંકાયેલી હતી. હાલ આ ઘટના સંદર્ભે કેનેડા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. કારમાં કાર્બન મોનોક્સાઈડનું



પ્રમાણ વધી જવાથી મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. કેનેડ પોલીસ તરફથી મળતી પ્રાથમિક માહિતી અનુસાર કારમાં કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધતાં મોત થયું હોવાનું જણાઈ રહયું છે. કેનેડા સ્થિત નવસારીના નરેન્દ્રભાઈનો મૃતદેહ હાલ પોસ્ટ મોર્ટમ માટે મોકલાયો છે જ્યાં તેમના મૃત્યુ અંગેની અન્ય વિગતો સામે આવશે પણ હાલ કેનેડા પોલીસ આ કેસ હાથમાં લઈને શોધખોળ હાથ ધરી છે. નોંધનીય છે કે નવસારીના નરેન્દ્રભાઈનું મોત થયું ત્યારે તેઓ તેમની ગાડીમાં હતા અને કાર બરફથી ઢંકાયેલી હતી અને કારનો ફેન પણ ચાલુ હતો. તેમના મોતથી અનેક શંકાઓ થઈ રહી છે. તેઓ લાંબા સામે સુધી કારમાં કેમ હતા? તે વિશે કોઈ જાણકારી મળી નથી.













# કેનેડામાં ખાદ્ય પદાર્થોના ભાવ 8 વર્ષમાં પહેલી વાર ઘટ્યા

## ફુગાવો ડિસેમ્બર-2024ની તુલનામાં થોડો વધ્યો છતાં લક્ષ્યાંકથી નીચે રહ્યો છે : સ્ટેટકેન

ઓન્ટેરિયો : સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, મે 2017 પછી પહેલી વાર કેનેડામાં ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો થયો છે. જાન્યુઆરીમાં એકંદર ફુગાવો ડિસેમ્બરની તુલનામાં થોડો વધ્યો હતો. કેનેડામાં ગ્રાહક ભાવમાં જાન્યુઆરીમાં થોડો વધારો થયો હતો, જે વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં ઓછો હતો.

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ મંગળવારે જણાવ્યું હતું, કે ફુગાવાનો વાર્ષિક દર ગયા મહિને 1.9 ટકા થયો હતો, જે ડિસેમ્બર કરતાં ટકાવારીના દસમા ભાગનો વધારો હતો. જોકે, ફુગાવો બેંક ઓફ કેનેડાના બે ટકાના લક્ષ્યાંકથી નીચે રહ્યો હતો. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, ફુગાવામાં થોડો વધારો મુખ્યત્વે કેનેડિયનોએ જાન્યુઆરીમાં ઊર્જા માટે વધુ ચૂકવણી કરવાથી થયો હતો. ગેસોલિન અને કુદરતી ગેસના ઊંચા ભાવને કારણે ડિસેમ્બરમાં એક ટકાનો વધારો થયા બાદ જાન્યુઆરીમાં



ઊર્જાના ભાવ 5.3 ટકા વધ્યા હતા. જોકે, GST/HST રજાની ઠંડક અસરથી ઊર્જાના ભાવમાં તીવ્ર વધારો સરભર થયો હતો. ડિસેમ્બરમાં પરિવહનનો ખર્ચ 2.3 ટકાથી વધીને જાન્યુઆરીમાં 3.4 ટકા થયો હતો, જ્યારે આશ્રયનો ખર્ચ 4.5 ટકા પર સ્થિર રહ્યો હતો. જો ટેરિફ આગામી મહિનાની અંદર અમલમાં નહીં આવે, તો બેંક ઓફ કેનેડા એક મહિના માટે થોભી શકે છે. કારણ કે, રોજગાર બજારો અત્યાર સુધી સ્વસ્થ રોજગાર લાભો સાથે સ્થિર રહ્યા છે. પરંતુ જો ટેરિફ અને બદલો લાગુ કરવામાં આવે, તો બીજો કાપ જરૂરી છે.

RBC રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે મોરગેજ વ્યાજ ખર્ચમાં ઊંચા વિકાસથી ભાવ વૃદ્ધિ અપ્રમાણસર રીતે પ્રભાવિત થઈ રહી છે. મંગળવારે ફુગાવાના આંકડા બેંક ઓફ કેનેડાના બે ટકાના લક્ષ્યાંક કરતા નીચે રહ્યા હોવા છતાં સેન્ટ્રલ બેંકે ચેતવણી આપી હતી કે કેનેડા અને અન્ય દેશો દ્વારા યુ.એસ. સામે પ્રતિશોધાત્મક ટેરિફ પણ ફુગાવાના સમયગાળાનું કારણ બની શકે છે. જ્યારે પ્રતિશોધાત્મક ટેરિફ કિંમતોના સ્તરમાં એક વખતનો વધારો રજૂ કરશે, સભ્યોએ નોંધ્યું હતું કે, આંચકાના કદને જોતાં એવું જોખમ હતું કે ઊંચા આયાત ભાવ અન્ય ભાવોમાં વધારો કરી શકે છે.

# કેનેડામાં 'મોટો નળ' જ પાણીના સંકટનું કારણ હોવાનું ટ્રમ્પનું તારણ

## અમેરિકામાં સત્તા પરિવર્તનથી કેનેડામાં સુવિધાને અસર થવાની સંભાવના

**ટોરન્ટો**

કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે પાણીની વહેંચણી લાંબા સમયથી વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. 2005માં ભૂતપૂર્વ આલ્બર્ટા પ્રીમિયર પીટર લોઘીડે કેનેડાના પાણી પુરવઠાને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વહેંચવા સામે ચેતવણી આપી હતી અને સૂચવ્યું હતું કે આલ્બર્ટાનો સૌથી મહત્વપૂર્ણ સંસાધન પાણી છે, તેલ અને ગેસ નહીં. નોર્થ અમેરિકન વોટર એન્ડ પાવર એલાયન્સ (NAWAPA) લો, એક વિશાળ, ત્યજી દેવાયેલ એન્જિનિયરિંગ મેગાપ્રોજેક્ટ જેનો ઉદ્દેશ્ય ખંડને "પુનર્નિર્માણ" કરવાનો હતો. અલાસ્કામાં નદીઓમાંથી પાણીને કેનેડા થઈને ઉત્તર મોન્ટાનામાં યુનાઈટેડ સ્ટેટ્સ તરફ વાળવાનો હતો. તેથી જ્યારે રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે સપ્ટેમ્બર 2024માં કહ્યુ કે, ત્યાં એક "ખૂબ મોટો નળ" છે જે અમેરિકન પાણીની અછતને દૂર કરવા માટે કેનેડામાંથી પાણી કાઢવા માટે ચાલુ કરી શકાય છે, ત્યારે કેનેડિયન હાઈડ્રોલોજિસ્ટ્સના કાન સરવા થયા હતા. પાણી નિષ્ણાતો માટે ચિંતા એ છે કે જળવાયુ પરિવર્તન અને બદલાતી યુ.એસ. નીતિઓ લાંબા સમયથી ચાલતા ક્રોસ-બોર્ડર પાણી કરારો પર દબાણ લાવી શકે છે. સાથે જ સદીઓ જૂની માળખાગત સુવિધાઓ બાબતોમાં મદદ કરી રહી નથી.

ઉદાહરણ તરીકે મોન્ટાનામાં નિષ્ફળ સાઈફન્સ લો, જ્યાં સેન્ટ મેરી નદીમાંથી પાણી ઉત્તરી મોન્ટાના અને દક્ષિણ આલ્બર્ટામાં વાળવામાં આવે છે, જે કેટલાક કેનેડિયન કૃષિ સંચાલકો અને સરહદ નજીક આલ્બર્ટા સમુદાય માટે આવશ્યક પાણી પૂરું પાડે છે. તે સાઈફન્સ પર સમારકામ હવે એક્ઝિક્યુટિવ ઓર્ડર હેઠળ યુ.એસ. ફેડરલ ભંડોળ થોભાવવાનો સામનો કરી રહ્યું છે.

# બ્રામ્પ્ટનમાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ભરૂચના આમોદના યુવાનનું કરૂણ મોત

## રસ્તા પર એકાએક પુરઝડપે આવેલી ટ્રકે યુવકની કારને ટક્કર મારી

**બ્રામ્પ્ટન**

ગુજરાતના ભરૂચના યુવકનું કેનેડામાં ગમખ્વાર અકસ્માતમાં મોત નિપજ્યું હતુ. યુવક અભ્યાસ માટે કેનેડા ગયો હતો. જ્યાં તેનો ટ્રક સાથે ગંભીર અકસ્માત થતાં મોત નિપજ્યું હતું. 25 વર્ષીય યુવકના મોતના સમાચારથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. યુવકના અકસ્માતનો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા ઉપર વાઈરલ થઈ રહ્યો છે. ગુજરાતના ભરૂચનો રહેવાસી ઋષભ લિંબાચિયા પોતાના સપનાંઓને ઉડાન આપવા માટે વતનથી દૂર અભ્યાસ માટે ગયો હતો. 25 વર્ષનો ઋષભ ભરૂચના આમોદ ગામમાં કાલિકા માતા વિસ્તારમાં પરિવાર સાથે રહેતો હતો અને આશરે 3 વર્ષ પહેલાં સ્ટૂડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. ત્યારે એકાએક કેનેડાથી તેના અકસ્માતના સમાચાર આવતા પરિવારના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હતી. મળતી માહિતી મુજબ, યુવકનો કેનેડાના બ્રામ્પ્ટનમાં અકસ્માત થયો હતો. ઋષભ પોતાની કારમાં જઈ રહ્યો હતો ત્યારે એકાએક સામેથી આવતી ટ્રકે ગાડીને અડફેટે લેતા ભયાનક અકસ્માત સર્જાયો અને યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પોતાના 25 વર્ષીય દીકરાની મોતથી પરિવાર સહિત ગ્રામજનોમાં શોકનો માહોલ છવાયો છે. હાલ, યુવકના મૃતદેહને ભારત પરત લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# વાવાઝોડા પછી હવે શેરીઓમાંથી બરફ દૂર કરવાના કામને પ્રાથમિકતા અપાશે

## નાગરિકોને તેના વાહનો યોગ્ય સ્થળે ખસેડવા અપીલ કરાઈ



**ટોરોન્ટો**

ગયા અઠવાડિયામાં બે મોટા વાવાઝોડા પછી ટોરોન્ટોના ક્રૂએ બરફ સાફ કરવાને બદલે બરફ દૂર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શહેરમાં તેના બરફ દૂર કરવાની કામગીરીના ભાગરૂપે 450થી વધુ ડમ્પ ટ્રક છે. બુધવારે એક પત્રકાર પરિષદમાં, શહેરના સ્ટાફે જણાવ્યું હતું કે ક્રૂ ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. ગ્રેએ કહ્યું કે એક કિલોમીટર શેરી કાપવામાં પાંચથી 10 મિનિટ લાગે છે. પરંતુ તે અંતરથી બરફ દૂર કરવામાં લગભગ 10 કલાક લાગે છે. રહેવાસીઓ બરફ દૂર કરવાની કામગીરી પહેલાં તેમના વાહનોને શેરી પરથી ખસેડવા માટે કહીને બરફના કાંઠાઓમાં કામચલાઉ નારંગી ચિહ્નો જોઈ શકે છે.

ક્રૂ લોકોના દરવાજા ખખડાવીને તેમને તેમના વાહનો ખસેડવાનું કહેશે. હવે પ્રાથમિકતા મુખ્ય શેરી રસ્તાઓ અને ટ્રાન્ઝિટ રૂટવાળા ફૂટપાથ, બસ સ્ટોપ, હોસ્પિટલ અને ઈમરજન્સી સર્વિસ સ્ટેશન અને સ્કૂલ બસ લોડિંગ ઝોન હશે, તેમજ એવા રસ્તાઓ હશે જ્યાં બરફ સંગ્રહ માટે મર્યાદિત જગ્યા હોય જ્યાં વધુ પડતા બરફથી સમસ્યાઓ ઊભી થઈ છે.

કેટલાક અપંગ લોકો માટે શહેરમાં ફરવું એક પડકાર રહ્યું છે, જેના કારણે કેટલાક ઘરે રહેવા માટે પ્રેરિત થયા છે.



તંત્રી સ્થાનેથી

# યુક્રેન પર આધિપત્ય જમાવવાની ટ્રમ્પની ઘેલછાથી 'નાટો'નું અસ્તિત્વ જોખમમાં


તંત્રી - સ્વદેશ

ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ પછી યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે રશિયા અને અમેરિકા વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ છે. હવે એક બેઠક સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અમેરિકાના વિદેશ મંત્રી રુબિયો અને રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવ વચ્ચે થઈ રહી છે. આ વાટાઘાટોમાં યુક્રેનનો કોઈ પ્રતિનિધિ સામેલ નથી. મધ્યસ્થીના બદલામાં ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ સમક્ષ એવી માંગણી કરી છે, જે પૂરી થાય તો રશિયા સાથેના યુદ્ધથી બરબાદ થયેલ ઝેલેન્સ્કીનો દેશ અમેરિકાની આર્થિક વસાહત બની જશે. ટ્રમ્પે યુક્રેન પાસેથી ૫૦૦ અબજ ડોલરના વળતરની માંગણી કરી છે. આ માટે તેમણે યુક્રેનના મહત્ત્વપૂર્ણ ખનિજો પર નિયંત્રણની વાત કરી છે. તદુપરાંત યુક્રેનનાં બંદરો અને માળખાગત સુવિધાઓથી લઈને તેના વિશાળ તેલ અને ગેસ સંસાધન સુધી બધું જ તેમાં સામેલ છે. શરતો મુજબ યુક્રેનને સંસાધનોના શોષણમાંથી મળતી આવકનો ૫૦ ટકા અને ભવિષ્યમાં સંસાધનોના મુદ્રીકરણ માટે જારી કરાયેલાં તમામ નવાં લાઈસન્સના નાણાંકીય મૂલ્યનો ૫૦ ટકા હિસ્સો અમેરિકા લેશે. આ દસ્તાવેજથી યુક્રેનની રાજધાની કિવમાં ગભરાટ ફેલાયો છે.

અમેરિકાના આ વલણથી ઝેલેસ્કી નારાજ છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પોતે અમેરિકા પોતાના પડખેથી ખસી જાય તો પોતાનું રશિયા સામે લડવાનું ગજું નથી એવું સ્પષ્ટ કરીને યુરોપના દેશો સમક્ષ મીટ માંડી છે. આ સાથે જ ઝેલેન્સ્કીએ કહ્યું છે કે, રશિયા યુક્રેનમાં ઘૂસી ગયું તો યુરોપના બીજા દેશોને પણ ખતરો ઉભો થશે. તેથી યુરોપે રશિયાના ખતરાને ટાળવા એકજૂથ થવું જોઈએ. ઝેલેસ્કીની આ વાત ઘણાં દેશોના ગળે ઉતરવા માંડી છે. યુરોપીયન યુનિયનમાં યુ.કે. સભ્ય નથી. પણ યુક્રેન મામલે અમેરિકાની મનમાની સામેના વિરોધની આગેવાની યુકેએ લીધી છે. યુ.કે. ના વડાપ્રધાન કેયર સ્ટેર્મરે યુક્રેનમાં શાંતિ રહે એ માટે પોતાનું લશ્કર મોકલવાની તૈયારી બતાવી છે. જયારે યુરોપીયન યુનિયનના બે સૌથી મોટા દેશ જર્મની અને ફ્રાન્સ યુક્રેનમાં પોતાનું લશ્કર મોકલવા તૈયાર નથી થયાં, પણ તેઓએ ઈન્કાર પણ નથી કર્યો. ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે યુક્રેન સાથેનું યુદ્ધ સમાપ્ત કરવા મુદ્દે ચર્ચા કરી પછી બીજી બેઠક માટે બનાવેલી પેનલમાં યુક્રેન અને યુરોપીયન યુનિયનને સાવ કોરાણે મૂકી દીધાં છે. યુક્રેન યુદ્ધમા પક્ષકાર છે, છતાં રશિયા સાથેની મંત્રણામાં તેની બાદબાકી કરાઈ છે. અત્યાર સુધી અમેરિકા અને યુરોપના દેશો યુક્રેનને મદદ કરવાના મુદ્દે એક હતા. પણ ટ્રમ્પે રશિયાના પુતિન સાથે સીધી વાતો કરવા માંડતા યુરોપના દેશોમાં નારાજગી છે. યુરોપના ઘણા દેશોને લાગે છે કે, ટ્રમ્પના ઈશારે એલન મસ્ક જર્મની, ફ્રાન્સ સહિતના દેશોમાં આત્યંતિક જમણેરી વિચારધારા ધરાવતા પક્ષોને ટેકો આપીને હાલના શાસકોને ઘરભેગા કરવાનો તખ્તો ઘડી રહ્યા છે. આ બાબત પણ યુરોપિયન દેશની નારાજગીનું બીજુ કારણ છે. અમેરિકાની ટેકનોલોજી કંપની યુરોપના દેશોમાં મનમાની કરી શકતી નથી. કારણ કે, યુરોપના દેશોએ તેમના પર નિયંત્રણો મૂકતા કાયદા બનાવ્યા છે. તેથી અમેરિકા તેનાથી વંકાયુ છે. આ બધું ભેગું થઈને યુરોપના દેશો યુરોપીયન આર્મી બનાવીને અમેરિકાથી છેડો ફાડી નાંખે તેવી શકયતા છે. તેમાં સૌથી પહેલા 'નાટો'નું પડીકું વળી જાય તેમ છે. 'નાટો' મુદ્દે અમેરિકા અને યુરોપના દેશો વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલે છે. પોતાના પ્રમુખપદની પહેલી મુદત વખતે ટ્રમ્પે 'કહ્યું હતું કે, જર્મનીએ 'નાટો'ના સભ્ય તરીકે અત્યાર સુધી કોઈ નક્કર કામગીરી કરી નથી. જર્મની 'નાટો'ને તેના ખર્ચની રકમમાં ફક્ત ૧ ટકા રકમ જ આપે છે અને જર્મનીએ આ રકમ વધારવી જોઈએ. ટ્રમ્પની વાતથી જર્મની ભડકી જતા અમેરિકાની સરકારે આ વાત સ્વીકારીને ચોખવટ કરવી પડી હતી કે, ટ્રમ્પે ભૂલથી આ વાત કહી દીધી હતી. હકીકતમાં જર્મની 'નાટો'ના બજેટમાં ૧૫ ટકા રકમ આપે છે. 'નાટો' મુદ્દે પડેલી તિરાડ પછી વધારે પહોળી થઈ છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુએલ મેંક્રોએ ટ્રન્પ પ્રમુખ બન્યા ત્યાર પછી 'ધ ઈકોનોમિસ્ટ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતુ કે, અત્યાર સુધી અમેરિકા અને યુરોપના દેશોનાં હિતો એક હતાં. પણ છેલ્લાં કેટલાક વર્ષોથી બંનેનાં હિત અલગ થતાં જાય છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા એ પછી તેમની અમેરિકા ફસ્ટની નીતિને કારણે યુરોપીયન યુનિયનનાં જ નહીં પણ બીજા સાથી દેશોનાં હિતો પણ અમેરિકા માટે ગૌણ બની ગયાં છે. મેક્રોંએ 'નાટો'ને પણ પતી ગયેલું અને અપ્રસ્તુત સંગઠન ગણાવી ઉમેર્યું હતુ કે, આ સંગઠનમાં અમેરિકા અને બીજા દેશો મનમાની કરે છે. જ્યારે યુરોપીયન યુનિયનને તો કોઈ પૂછતું જ નથી. મેક્રોંના વિચારોને અત્યારે યુકે સહિતના દેશો પણ સમર્થન આપી રહ્યા છે. આથી અમેરિકા અને યુરોપના દેશો ટૂંક સમયમાં જ અલગ અલગ થઈ જશે તેવી પ્રબળ સંભાવનાઓ છે. જો યુરોપીયન દેશો ભેગા મળીને યુરોપીયન આર્મી બનાવે તો 'નાટો'ના અસ્તિત્વ સામે સવાલ ઉભો થઈ જાય. 'નાટો'ની સ્થાપના બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ચાર વર્ષ પછી ૧૯૪૯માં થઈ હતી. યુરોપ-અમેરિકાને અલગ પાડતા એટલાન્ટિક મહાસાગરના કાંઠે ફેલાયેલા દેશોએ ભેગા થઈને અમેરિકાની આગેવાનીમાં 'નાટો' બનાવ્યું હતુ. ત્યારે સભ્ય દેશો ૧૨ હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાને હાહાકાર મચાવ્યો હતો. ચીન બહુ ઝડપથી ઉભરી રહ્યું હતું. તેથી જાપાન-ચીનથી ભવિષ્યમાં ઉભા થનારા ખતરાને ટાળવા 'નાટો'ની સ્થાપના કરાઈ હતી. 'નાટો'નો ઉદ્દેશ લશ્કરી તાકાત ઉભી કરવાનો હતો. જ્યારે યુરોપીયન યુનિયન (ઈયુ) યુરોપના ૨૭ દેશોનો બનેલો રાજકીય અને આર્થિક સમૂહ છે. યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) પહેલાં ઈયુમાં સભ્ય હતું. પણ થોડાંક વરસો પહેલાં અલગ થતાં હવે ૨૭ દેશો રહ્યા છે. લગભગ ૪૨.૩૩ લાખ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા આ દેશોની કુલ વસતી ૪૫ કરોડની આસપાસ છે. આર્થિક રીતે યુરોપીયન યુનિયન અમેરિકાથી થોડુંક જ પાછળ છે. યુરોપીયન યુનિયનના દેશોની કુલ જીડીપી ૨૦ ટ્રિલિયન છે અને માથાદીઠ આવક ૪૪ હજાર ડોલર કરતાં વધારે છે. જો કે યુરોપીયન યુનિયનની મોટી તાકાત એ છે કે, યુરોપીયન યુનિયને ૨૭ દેશોનું બજાર વિકસાવીને આર્થિક તાકાત ઉભી કરી છે. આ દેશોના નાગરિકો એકબીજાના દેશમાં મુક્ત રીતે જઈ શકે અને રહી શકે એ માટે યુરોપીયન સિટિઝનશિપ પણ અમલી બનાવી છે. યુરોપીયન યુનિયનના દેશોમાં ફ્રાન્સ અને જર્મની તો સાયન્સ અને ટેકનોલોજીમાં વિશ્વમાં મોખરે છે. ટુરિઝમમાં પણ આ દેશો અગ્રેસર છે. અલબત્ત ઘટી રહેલી વસતી તેમના માટે સમસ્યા છે. તેથી યુરોપીયન આર્મી બનાવવાનો વિચાર અમલમાં મૂકતાં ફ્રાન્સ અને જર્મની જેવા દેશો ખચકાય છે. પણ ભવિષ્યમાં બીજા દેશોનાં લોકો માટે દરવાજા ખુલ્લા મૂકીને તેનો ઉકેલ લાવી શકાય તેમ છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
• Life Insurance
• Mortgage Insurance
• Disability Insurance
• Critical Illness Insurance
VISITOR VISA
• Visitor Insurance
• RRSP (Retirement Plan)
• RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# આણંદની 3 નગરપાલિકાની 66 પૈકી 41 બેઠકો પર ભાજપ જીત

## ઉમરેઠ પાલિકાની એક અને ખંભાત તા.પં.ની ઉંદેલની પેટા ચૂંટણીમાં પણ ભગવો લહેરાયો, ઓડમાં કોંગી શાસનનો અંત

**આણંદ**

આણંદ જિલ્લાની ચાર પાલિકા તથા ખંભાત તાલુકા પંચાયતની કુલ ૬૮ બેઠકોની સામાન્ય અને પેટા ચૂંટણી હાથ ધરાઈ હતી. જેમાં આંકલાવ પાલિકામાં કોંગ્રેસ સમર્થિત ૧૪ અપક્ષો તથા ભાજપના ૧૦ ઉમેદવારોની જીત થઈ હતી.

ઓડ અને બોરિયાવી પાલિકામાં બહુમતિ મેળવવામાં ભાજપને સફળતા મળી હતી. બોરિયાવીમાં ભાજપે ૧૫, કોંગ્રેસે ૭ અને અન્ય ૨ ઉમેદવારોએ જીત મેળવી હતી. ઓડ પાલિકામાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિપેન પટેલની હાર થઈ હતી. ઓડની તમામ ૨૪ બેઠકો ભાજપના ફાળે જતાં પાલિકામાંથી કોંગ્રેસનું અસ્તિત્વ ભુંસાયું હતું. જ્યારે ઉમરેઠ પાલિકા અને ખંભાત તાલુકા પંચાયતની બંને બેઠકોની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવારો જીત્યા હતા. જ્યારે ખંભાત તાલુકા પંચાયતની ઉંદેલ બેઠક પર ૩૨ નોટા વૉટ પડયા હતા.

આંકલાવ પાલિકામાં સત્તા મેળવવા માટે ભાજપ દ્વારા તમામ ૨૪ બેઠકો ઉપર મેન્ડેટ આપવામાં આવ્યું હતું. પરિણામે કોંગ્રેસ સમર્થિત અપક્ષો, ભાજપના ૨૪ ઉમેદવારો સહિત ૭૮ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યાં હતાં. આંકલાવના ૧૩,૯૮૭ મતદારોએ મતદાન કર્યું હતું. જિલ્લામાં આંકલાવ પાલિકા ઉપર સૌની નજર હતી. તેવામાં મતગણતરી દરમિયાન વહેલી સવારથી જ રસ્તા ઉપર હજારોની ભીડ એકઠી થઈ હતી. આંકલાવમાં ૧૪ બેઠકો ઉપર અપક્ષોએ બાજી મારી હતી. જ્યારે ભાજપના ૧૦ ઉમેદવારો વિજેતા થયા હતા. વોર્ડ નં.૩ અને વોર્ડ નં.૪માં ભાજપને એક પણ બેઠક મળી ન હતી પરંતુ વોર્ડ નં.પાંચમાં ભાજપની આખી પેનલની જીત થઈ હતી. ત્યારે ૨૪ બેઠકોનું સંખ્યાબળ ધરાવતી આંકલાવ પાલિકામાં કોંગ્રેસ સમર્થિત અપક્ષો સત્તા ગ્રહણ કરે તેવી સ્થિતિ ઉદભવી છે.

ઓડ નગરપાલિકા ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ચૂંટણી યોજવામાં આવી હતી. જોકે, કોંગ્રેસના કેટલાક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા પૂર્વ પાલિકા પ્રમુખના દીકરા કેતનસિંહ ગોપાલસિંહ રાઉલજી સહિતની વોર્ડ નં.૩ની આખી પેનલ તથા વોર્ડ નં.૬ની બે બેઠકો ઉપર ભાજપ બીનહરીફ થઈ હતી. છ બેઠકો બીનહરીફ થતાં ચૂંટણી પહેલા ભાજપનું પલડું ભારે થયું હતું. તેવામાં ઓડ પાલિકાની ૧૮ બેઠકો માટે યોજાયેલા મતદાન બાદ ભાજપે ઓડમાં બાકી રહેલી તમામ ૧૮ બેઠકો ઉપર જીત મેળવી હતી. જ્યારે વોર્ડ નં.૪માંથી ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના શહેર પ્રમુખ દિપેનભાઈ પટેલ સહિત આખી પેનલની હાર થઈ હતી. નોંધનીય છે કે, ફેબુરઆરી-૨૦૧૮માં યોજાયેલી ઓડ પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે સત્તા મેળવી હતી પરંતુ કોંગ્રેસમાં સત્તાની ભારે ખેંચતાણના પગલે પ્રમુખે રાજીનામું આપી અન્ય ચાર સભ્યો સાથે ભાજપનો ખેસ ધારણ કરતા માત્ર દોઢ વર્ષમાં જ ભાજપનું શાસન અમલી બન્યું હતું. ત્યારે ચાલુ વર્ષે ભાજપે તમામ બેઠકો ઉપર જીત મેળવતા ઓડ પાલિકામાંથી કોંગ્રેસનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે.

### ખેડામાં ભાજપની 14, અપક્ષની 13 અને કોંગ્રેસની 1 બેઠક ઉપર જીત

# ખેડા જિલ્લાની 3 નગરપાલિકામાં ભગવો, ખેડા અને ડાકોરમાં ટાઈ

## ડાકોરમાં ભાજપના 14 અને અપક્ષના 14 ઉમેદવારો જીતી ગયા

**નડિયાદ**

ખેડા જિલ્લાની પાંચ પાલિકા પૈકી ચકલાસી, મહેમદાવાદ અને મહુધા પાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવતા ભગવો લહેરાયો હતો. જ્યારે ડાકોર પાલિકામાં અગાઉ ૮ બેઠકો ભાજપની બીનહરીફ થયા બાદ મંગળવારે ૬ બેઠકો જીતતા ૧૪ બેઠકો ભાજપના ફાળે ગઈ હતી. જ્યારે ૧૪ બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારોની જીત થઈ હતી. તેમજ ખેડા પાલિકામાં ૧૪ બેઠકો પર ભાજપ, ૧૩ ઉપર અપક્ષ તથા એક બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારની જીત થતાં ખેડા અને ડાકોર પાલિકામાં ટાઈ પડી હતી. જ્યારે કઠલાલ તાલુકા પંચાયતમાં ભાજપે દબદબો જાળવી રાખ્યો હતો, કપડવંજ તાલુકા પંચાયત ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે.

ખેડા અને ડાકોર પાલિકામાં ભાજપ પ્રેરિત ૩ અપક્ષો જીત્યા હોવાનો પક્ષનો દાવો ખેડા જિલ્લામાં ડાકોર, ખેડા, ચકલાસી, મહેમદાવાદ અને મહુધા નગરપાલિકા તથા કઠલાલ અને કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય તેમજ મહેમદાવાદ તાલુકા પંચાયતની હલધરવાસ અને મોદજ તથા કપડવંડ પાલિકાની બે વોર્ડની બે બેઠકોની પેટા ચૂંટણી માટે રવિવારે કુલ ૩,૧૪,૩૯૩ મતદારોએ મતદાન કર્યું હતું. પાંચ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ અને અપક્ષ વચ્ચે સીધી ટક્કર હતી. જ્યારે તાલુકા પંચાયતોમાં ભાજપ અને કોંગ્રેસ સામસામે હતા.

ખેડા પાલિકાની ૭ વોર્ડની ૧૪ બેઠકો ઉપર ભાજપની જીત થઈ હતી. જ્યારે ૧૩ બેઠકો અપક્ષ અને ૧ બેઠક કોંગ્રેસના ફાળે ગઈ હતી. જ્યારે ડાકોરમાં ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે વોર્ડ નં.૬ અને ૭ બીનહરીફ થતાં ભાજપના ૮ ઉમેદવારોને ફાળે ગઈ હતી. મતગણતરીના દિવસે છ બેઠકો ભાજપના ફાળે જતાં ૧૪ બેઠકો ઉપર ભાજપની જીત થઈ હતી. જ્યારે ૧૪ બેઠકો અપક્ષના ફાળે ગઈ હતી. પરિણામે ખેડા અને ડાકોર પાલિકામાં ટાઈ થઈ હતી. જોકે, જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા બંને પાલિકામાં ભાજપ પ્રેરિત ૩ અપક્ષો જીત્યા હોવાનો દાવો કર્યો હતો.

મહેમદાવાદની ૭ વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૧૮માં ભાજપ અને ૧૦માં અપક્ષ ઉમેદવારોની જીત થઈ હતી. ઉપરાંત ચકલાસી પાલિકાની ૨૮ બેઠકમાંથી ૧૬ બેઠકો ભાજપના ફાળે ગઈ હતી. જ્યારે ૧૧ અપક્ષ અને એક કોંગ્રેસના ઉમેદવારની જીત થઈ હતી.

મહુધા પાલિકાની ૨૪ બેઠકો પર ચૂંટણી જાહેર થઈ હતી. જોકે, ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૭ બેઠક ઉપર ભાજપ અને એક બેઠક ઉપર અપક્ષને બીનહરીફ જાહેર કરવામાં આવ્યાં હતાં. મંગળવારે મતગણતરી દરમિયાન બાકી રહેલી ૧૬ બેઠકો પૈકી ૭ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો વિજેતા થયાં હતાં. જ્યારે ૧૦ બેઠકો અપક્ષના ફાળે ગઈ હતી.

પાલિકાની સાથે સાથે તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ ભાજપનો દબદબો જોવા મળ્યો હતો. કઠલાલ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો પૈકી ૧૭ બેઠકો ઉપર ભાજપ, ૪ અપક્ષ અને ૩ કોંગ્રેસના ઉમેદવારોની જીત થઈ હતી. જ્યારે કપડવંજ તાલુકા પંચાયતની ૨૬ બેઠકોમાંથી ૧૮ બેઠકમાં ભાજપ, ૬ કોંગ્રેસ અને ૨ અપક્ષ ઉમેદવારો વિજેતા થયા હતા.

# મ. ગુજરાતની 6 પાલિકામાં ભાજપ જીત્યું એકમાં ખીચડી, છોટાઉદેપુરમાં પનો ટૂંકો

**હાલોલ**

મધ્ય ગુજરાતમાં છ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. 200 બેઠકોમાં ભાજપે 12 બેઠક કબજે કરી છે. જ્યારે અપક્ષોએ 34 બેઠક પર વિજય મેળવ્યો હતો. હાલોલ નગરપાલિકાની 36 બેઠકની ચૂંટણી થઈ હતી જેમાં તમામ બેઠક ભાજપે કબજે કરી છે. છોટાઉદેપુરની 28 બેઠકમાંથી ભાજપે 8 જીતી છે, કલોલ નગરપાલિકાની 28 માંથી ભાજપનો 18 પર વિજય થયો છે.

કરજણમાં 28 બેઠકો પરથી 19 પર ભાજપનો ભગવો લહેરાયો છે. ઝાલોકની 28 બેઠકમાંથી ભાજપે 17 બેઠકો પર કમળ ખિલવ્યુ છે. દેવગઢ બારિયાની 24માં 13 બેઠકો પર ભાજપનો કેસરિયો લહેરાયો છે જ્યારે બાલાશિનોર નગરપાલિકાની 28 માંથી 16માં ભાજપનું કમળ ખિલ્યું છે. કલોલ પાલિકામાં પહેલી વખત ભાજપે 17 બેઠક જીતી કેસરિયો ફરકાવ્યો છે જેની સામે અપક્ષો 10 બેઠક જીતી કોંગ્રેસનો રકાસ કર્યો છે. દેવગઢ બારિઆમાં પણ 8 અપક્ષ જીત્યા છે. કરજણમાં આપના 8 ઉમેદવારો જીત્યા છે.

છોટાઉદેપુરમાં ભાજપ 8 બેઠક, સપા 6 બેઠક, બસપા 4 બેઠક તેમજ કોંગ્રેસ 1 બેઠક અને અન્યના ખાતામાં 9 બેઠક આવી હતી. દે.બારિયામાંથી 7 અપક્ષો તેમજ ઝાલોદમાંથી 12 ભાજપના તેમજ 11 અપક્ષો ભૂગર્ભમાં ઉતરી જતા સ્થાનિક રાજકારણમાં ગરમાટો આવી ગયો છે.

Basement For Rent
One Room Basement For Rent at Morningside / Finch, Close to school, Grocery Store, Walmart and Gas Station, All Are at Walking Distance.
:- Contact :-
416-3335606, 416-8863616.

Warehouse Person Required
Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store
Near Eglinton Ave East, Mississauga.
Reference Required.
: Please Contact :
achristie1124@Yahoo.Com
Tel : 416-709-1424

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યકિતનું મિલન,
ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# જૂનાગઢમાં ભાજપની હેટ્રીક, કોંગ્રેસ 11 બેઠકો પર સમેટાઈ

## મનપાની કુલ 60 બેઠકોમાંથી 48 પર ભાજપો વિજય : BJPના ગિરિશ કોટેચાના દીકરાની હાર બાદ કોંગ્રેસી ઉમેદવારના કેસરિયા

**જુનાગઢ**

ગુજરાતના જૂનાગઢ મહાનગરપાલિકા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપે પોતાના જ ગઢમાં જીતની હેટ્રિક નોંધાવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાની 60 બેઠકમાંથી ભાજપના ફાળે 48 બેઠક આવી છે. જ્યારે કોંગ્રેસે 11 બેઠક પર જીત મેળવી છે. ઉલ્લેખનીય છે કે, વોર્ડ નંબર નવમાં અપક્ષનો વિજય થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકાના કુલ 15 વોર્ડમાં 60 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌથી ઓછુ મતદાન જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં નોંધાયું હતું. આ વખતે જૂનાગઢમાં માત્ર 40 ટકા જ મતદાન થયું હતું. જ્યારે ચોરવાડમાં સૌથી વધુ 76 ટકા મતદાન નોંધાયુ હતું. ગુજરાતમાં 16 ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકા, 68 નગરપાલિકા, અને ત્રણ તાલુકા પંચાયતની



ચૂંટણીમાં સરેરાશ 57 ટકા મતદાન થયું હતું. જૂનાગઢની માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસનો દેખાવ 50-50 રહ્યો હતો. બંનેના ફાળે 15-15 બેઠકો આવી છે.

જૂનાગઢ મહાનગરપાલિકાની કુલ 60 બેઠકોમાંથી આઠ બેઠકો પર ભાજપની બિનહરીફ જીત થઈ હતી. મળતી માહિતી અનુસાર, જૂનાગઢ મનપા વોર્ડ નંબર ૯માં પૂર્વ ડેપ્યૂટી મેયર ગિરીશ કોટેચાના દીકરા પાર્થ કોટેચા અને ઉમેદવાર મહિપતસિંહ બસીયાને અપક્ષ ઉમેદવાર અશ્વિન ભરાઈ ઝટકો આપ્યો છે. જો કે,આ પરિણામ આવ્યા બાદ ગણતરીની મિનિટમાં કોંગ્રેસ ઉમેદવાર મહિપતસિંહે ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. આકાશ કટારાએ મહિપાલસિંહ બસિયાને ભાજપનો ખેસ પહેરાવ્યો. આ સાથે તેમણે કહ્યું કે, મેં જે ધાર્યું હતું તે મળી ગયું અને જે કરવું હતું તે કરી લીધું હતું. આ દમિરયાન જૂનાગઢની હાઈપ્રોફાઈલ બેઠક તરીકે ચર્ચાતી વોર્ડ નંબર 9 જેમાં ભવનાથ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે, ભાજપ માટે મહત્ત્વપૂર્ણ બની છે. અહીંથી ભાજપ નેતા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચા ચૂંટણી લડ્યા હતા અને પરાજય થયા છે. અહીં અપક્ષ ઉમેદવાર અશ્વિન ભરાઈ 4431 મતથી વિજેતા થયા છે. આ દરમિયાન પરાજય થયેલા કોંગ્રેસના ઉમેદવાર હવે ભાજપમાં જોડાઈ ગયા છે.

# ચૂંટણી પરિણામ બાદ જૂનાગઢમાં પથ્થરમારો વાંકાનેરમાં ફટાકડા ફોડવા બાબતે માથાકૂટ

**વાંકાનેર**

ગુજરાતના જૂનાગઢ મહાનગરપાલિકા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપે પોતાના જ ગઢમાં જીતની હેટ્રિક નોંધાવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાની 60 બેઠકમાંથી ભાજપના ફાળે 48 બેઠક આવી છે. જ્યારે કોંગ્રેસે 11 બેઠક પર જીત મેળવી છે. ઉલ્લેખનીય છે કે, વોર્ડ નંબર નવમાં અપક્ષનો વિજય થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકાના કુલ 15 વોર્ડમાં 60 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોની જાહેરાત સાથે જ અનેક જગ્યાએથી વિવાદ થયો હોવાના અહેવાલો પણ મળ્યા હતા. જૂનાગઢમાં વોર્ડ નંબર-8 માં કોંગ્રેસની જીત થતાં જ પથ્થરમારાની ઘટના સામે આવી છે. પથ્થરમારામાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાં હતાં. કોંગ્રેસના વિજય સરઘસ દરમિયાન પથ્થરમારો થયો હોવાનું સામે આવ્યું છે. હાલ, પોલીસે સમગ્ર મામલો થાળે પાડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો છે. વળી, બીજીબાજુ મોરબીના વાંકાનેરમાં વોર્ડ નંબર 6માં ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ફટાકડા ફોડવાની બાબતે બબાલ થઈ હતી. જૂનાગઢ મહાનગરપાલિકામાં વોર્ડ નંબર નવમાં કોંગ્રેસના ઉમેદવાર મહિપાલસિંહ બસિયા હાર્યા છે. આ હારની જાહેરાત થયાના થોડી જ ક્ષણોમાં તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા.

# સલાયા ન.પા.માં ભાજપનો સફાયો, કોંગ્રેસે સત્તા બચાવી પણ AAPનું દમદાર પરફોર્મન્સ

**સલાયા**

દેવભૂમિ દ્વારકામાં 28 બેઠકવાળી સલાયા નગરપાલિકાના ચૂંટણીમાં કોંગ્રેસે ફરી બાજી મારી છે. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે 15 બેઠક પર જીત નોંધાવી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ દમદાર પ્રદર્શન કરતાં 13 સીટો પર જીતનો પરચમ લહેરાવ્યો છે. ત્યારે ભાજપ ખાતું ખોલાવી શકી ન હતી.

સલાયા નગર પાલિકાના ચૂંટણીના પરિણામો જાહેર થતાં ફરી એકવાર સલાયાની જનતાએ કોંગ્રેસ પર ભરોસો મૂક્યો છે. દિલ્હીમાં સફાયો થયા બાદ સલાયામાં આમ આદમી પાર્ટીનો જાદુ જોવા મળ્યો છે. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં 13 બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી કોંગ્રેસને આકરી ટક્કર આપી છે, જ્યારે 15 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ જીતનો પરચમ લહેરાવ્યો છે. તો બીજી તરફ ભાજપ ખાતું પણ ખોલાવવામાં નિષ્ફળ રહી હતી. સલાયાની જનતાએ ભાજપના ગાલ પર તમતમતો તમાચો ચોડ્યો છે. પરિણામો બાદ સલાયા ભાજપના નેતાઓ ભૂગર્ભમાં ઘૂસી ગયા છે. ભૂતકાળમાં સલાયા નગરપાલિકાના ઈતિહાસમાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષોએ રાજ કર્યું છે. છેલ્લે સલાયા નગરપાલિકામાં કોંગ્રેસના હાથમાં સત્તા હતી. સલાયાની પ્રજાએ સતત બીજીવાર કોંગ્રેસ પર ભરોસો મૂક્યો છે. આ પરિણામો પરથી ફલિત થાય છે કે સલાયાની પ્રજા કોંગ્રેસ અથવા અન્ય પક્ષની પસંદગી કરી શકે છે.

# રાણાવાવ, કુતિયાણા પાલિકામાં ભાજપની મહેનત એળે, સમાજવાદી પાર્ટીનો ડંકો

## રાણાવાવમાંથી 28 બેઠકોમાંથી 20 અને કુતિયાણામાં 14 બેઠક સ.પા.ને ફાળે

**પોરબંદર**

રાણાવાવ તથા કુતિયાણા પાલિકા પર સમાજવાદી પાર્ટીએ કબજો મેળવ્યો છે. રાણાવાવમાં ઢેલીબેન ઓડેદરાના ૩૦ વર્ષના શાસનનો અંત આવ્યો છે. કુતિયાણા બેઠક ઉપર સૌપ્રથમ વખત સમાજવાદી પાર્ટીએ કબજો મેળવ્યો છે. સાંસદ ડૉ. મનસુખ માંડવીયાથી માંડીને ભાજપના દિગ્ગજ નેતાઓ પ્રચારના મેદાને ઉતર્યા હોવા છતાં ભાજપ નિષ્ફળ રહ્યું હતું.

રાણાવાવ નગરપાલિકામાં છેલ્લી બે ટર્મથી કાંધલ જાડેજાનું શાસન હતુ અને તેનું પુનરાવર્તન થયુ હોય તેમ આ વર્ષે સમાજવાદી પાર્ટી તરફથી કાંધલ જાડેજાએ તેમના ઉમેદવારોને ભાજપ સામે મેદાને ઉતાર્યા હતા અને રાણાવાવની ૨૮ બેઠકોમાંથી ૨૦ બેઠકો ઉપર સમાજવાદી પાર્ટીએ કબ્જો મેળવી લીધો છે જ્યારે ભાજપના ફાળે માત્ર આઠ બેઠક આવી હતી. કુતિયાણા નગરપાલિકામાં ૩૦-૩૦ વર્ષથી ઢેલીબેન ઓડેદરાનું શાસન હતુ છતાં લોકોના પ્રશ્નનું નિરાકરણ નહી થતું હોવાની ફરિયાદો વચ્ચે કુતિયાણાની પ્રજાએ પરિવર્તન કરીને પ્રથમ વખત જ મેદાને ઉતરેલ સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય કાંધલ જાડેજા પ્રેરિત તેમના નાનાભાઈ કાના જાડેજા અને તેમની પેનલ સહિત ટીમ ઉપર મતોની વર્ષા કરી છે અને કુતિયાણા નગરપાલિકાની ચૂંટણીમાં ૨૪માંથી ૧૪ બેઠક સમાજવાદી પાર્ટીએ જીતી લીધી છે તથા ભાજપના ફાળે ૧૦ બેઠક ગઈ છે. કાના જાડેજા પ્રમુખ બને તેવી શકયતા છે.

# કચ્છમાં ભચાઉની તમામ બેઠકો પર કમળ, રાપરમાં પણ ભાજપની જીત

**કચ્છ**

કચ્છની તમામ નગરપાલિકાના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. જેમાં ભચાઉની તમામ બેઠકો ભાજપનો વિજય થયો છે. બીજી તરફ રાપરમાં 21 BJP જ્યારે 7 બેઠક કોંગ્રેસની જીત થઈ છે. લાકડીયા તાલુકા પંચાયત બેઠક પર ભાજપની જીત થઈ છે. ઉમેદવાર હરિભા ગઢવીએ 755 મતથી જીત મેળવી છે. ભાજપની જીતથી રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા સહિતના નેતાઓ અને કાર્યકરોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાપર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય સંતોકબેનના પતિ ભચુભાઈ આરેઠિયાએ સમગ્ર હારનો સ્વીકાર કર્યો હતો. કોંગ્રેસે ભચુભાઈ આરેઠિયા પર ચૂંટણી જવાબદારી સોપી હતી જેમાં તેઓ નિષ્ફળ રહ્યા છે અને હાર તેમણે સ્વીકારી છે. તેમણે કહ્યું હતું કે, ‘રાપરની પ્રજાને રાપરમાં કોઈ પણ સમસ્યા નથી જણાતી જેથી તેઓએ ભાજપના ઉમેદવારોને મત આપીને વિજેતા બનાવ્યા છે. કોંગ્રેસે પાણીની સમસ્યા, કચરાની સમસ્યા, ગટરની સમસ્યા, રખડતા ઢોરોની સમસ્યાને લઈને ચૂંટણી લડી હતી.

# રાપરમાં મનદુ:ખ રાખી ભાજપના કાર્યકરને તમંચો મુકી ધમકાવાયો

**ગાંધીધામ**

રાપરનાં મોટી રવમાં રહેતા અને ભાજપના કાર્યકર ભાણાભાઈ આલાભાઈ ગોહિલે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, બનાવ ગત ૧૭ ફેબ્આરીનાં સવારનાં ૧૦ વાગ્યા અરશામાં બન્યો હતો. જેમાં ફરિયાદી રાપર નગરપાલિકા ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારનાં વિસ્તારમાં જઈ ભાજપ તરફી મત માંગી ભાજપનો પ્રચાર કર્યો હતો. જેનું મનદુ:ખ રાખી રાપરમાં મતદાન થયાનાં બીજા જ દિવસે રાપરનાં ગેલીવાડી શેરી નંબર - ૪માં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારનાં ત્રણ પુત્રો મહેશ કરશન ભૂત, અશ્વિન કરશન ભૂત અને કિશુ કરશન ભૂત આવી ફરિયાદી સાથે બોલાચાલી કરી તેને ગાળો આપીને જાતિ સૂચક શબ્દો બોલી ફરિયાદીને માર માર્યો હતો. આટલું ઓછું હોય તેમ આરોપી મહેશે ફરિયાદીના છાતીના ભાગે લોડેડ તમંચો રાખી ટ્રિગર પર આંગળી રાખી આટલી વાર લાગશે, હમણાં ઉડાડી દઈશ તેમ કહીં જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી.જેમાં ઝગડો થતા જોઈ લોકો વચ્ચે પડતા ફરિયાદીને બચાવી લેવાયા હતા. આરોપીઓ જતા જતા ધમકી આપી ગયા હતા કે અમારા પર ગુનો નોંધાશે તો ફરક નહીં પડે. બીજી વાર અમારા વિસ્તારમાં દેખાયા તો જાનથી મારી નાખીશું.

# જામનગર જિલ્લામાં પણ ભાજપનું કમળ ખિલ્યું 3 નગરપાલિકાની 80માંથી 67 બેઠક પર કબજો

## જામજોધપુર નગરપાલિકામાં 28 બેઠકોમાંથી 27 બેઠક ભાજપે જીતી લીધી

**જામનગર**

જામનગર જિલ્લાની ધ્રોળ-કાલાવડ અને જામજોધપુર નગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી, અને આજે તેની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ 80 બેઠકોમાંથી 67 બેઠકો ભાજપના ફાળે ગઈ છે, જ્યારે 10 બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. અને એક બેઠક પર આમ આદમી પાર્ટી, એક બેઠક પર બસપાના ઉમેદવાર જ્યારે એક બેઠક પર અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યા છે. તાલુકા પંચાયતની જામ વણથલીની બેઠકની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો વિજય થયો છે.

જામજોધપુર નગરપાલિકામાં 28 બેઠકોમાંથી 27 બેઠકમાં ભાજપના ઉમેદવાર, જયારે એક બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા છે. જામજોધપુર નગરપાલિકાની કુલ સાત વોર્ડની 28 બેઠકો પર મતદાન થયું હતું, જેમાં 27 ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજેતા બન્યા છે,

એકમાત્ર વોર્ડ નંબર સાતમાં એક બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા છે. વોર્ડ નંબર પાંચના આમ આદમી પાર્ટીના ઉમેદવાર લાલજીભાઈ સોમાભાઈ વિંઝુડાકે જેઓને 544 મત મળતાં તેઓને ચૂંટણી તંત્ર દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

કાલાવડની ચૂંટણીમાં એક બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા, અને મત ગણતરી બાદ 26 બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે, અને બે બેઠક પર કોંગ્રેસના ઉમેદવારને જીત મળી છે.

# નડિયાદ-ભાવનગરના બિલ્ડર, તમાકુના 32 સ્થળે દરોડા, 4.5 કરોડ રોકડા મળ્યા

## સુમેરુ ડેવલપર્સના ઓનમનીના મોટા વહેવારો મળ્યા, લોનના માધ્યમથી રોકડ નાણાં ફરી હિસાબમાં દર્શાવાયા

**ભાવનગર**

ભાવનગરના સિહોર અને નડિયાદમાં તમાકુના પ્રોડક્ટ્સ બનાવતા રણછોડદાસ ઝીણાભાઈ ધોળકીયાની પેઢી અને સુમેરુ ડેવલપર્સ પર આજે સવારથી આવકવેરા અધિકારીઓની ટીમ દ્વારા શરૂ કરેલા દરોડામાં રૂા. ૪.૫ કરોડની રોકડ મળી આવી છે. તેની સાથે ૨૦થી વધુ લોકર એક જ મકાનમાંથી મળી આવ્યા હતા. સંભવતઃ એક જ મકાનમાંથી પહેલીવાર ૨૦ લોકર મળ્યા હોવાનો આ કિસ્સો છે. દરોડા હેઠળના કુલ ૩૫માંથી ૨૮ સ્થળે દરોડા અને બાકીના સ્થળે સરવે કરવામાં આવ્યો છે. અમદાવાદમાં બે અને નડિયાદમાં બે સ્થળે દરોડા ચાલુ છે.

રણછોડદાસ ઝીણાભાઈ ધોળકિયાની પેઢી ૧૫૦ વર્ષથી વધુ જૂની છે. રોજના ચાર ટન તમાકુની પ્રોસેસ કરીને કંપની ગુટકા સહતિના જુદાં જુદાં પ્રોડક્ટ્સ તૈયાર કરે છે. તેમાં ગુટકાના ઉત્પાદનો પણ હોવાથી બિનહિસાબી એટલ ેકે રોકડના વહેવારો મોટે પાયે કરવામાં આવેલા છે. તેની પાસેથી ખાસ્સી રોકડમળી આવી છે. સુમેરુ ડેવલપર્સ પણ ભાવનગરથી નડિયાદ વચ્ચે પ્રોપર્ટી ડેવલપમેન્ટના કામકાજ કરતાં હોવાથી તેમના પણ રોકડના વહેવાર મોટા છે. સુમેરુ બિલ્ડરે પણ રોકડથી મિલકતો વેચ્યા બાદ રોકડને ફરી હિસાબી નાણાંમાં રૂપાંતરિત કરવા માટ ેલોન લઈને પૈસા ફરી કંપનીમાં ફરતા કર્યા હોવાનું આવકવેરા ખાતાના દરોડામાં જાણવા મળ્યું છે. આવકવેરા ખાતાએ આજે સવારથી ભાવનગર જિલ્લાના સિહોરમાં આવેલી મેસર્સ રણછોડદાસ ઝીણાભાઈ ધોળકિયાના તમાકુ અને ગુટકાના રોકડના વેપારો બહુ જ મોટે પાયે ચાલતા હોવાનું દરોડા દરમિયાન હાથ લાગેલી માહિતી પરથી ફલિત થઈ રહ્યુ છે. રોજના ચાર ટનના ઉત્પાદનના પ્રમાણમાં બિલિંગ ઓછું હોવાનું આવકવેરા અધિકારીઓના ધ્યાનમાં આવ્યું છે.

# પત્ની પિયરમાં જતી રહેતા પતિએ સાસુ અને સાળાને ચાકુના ઘા ઝીંકી દીધા

**વડોદરા**

વડોદરામાં રામ રહીમ પાર્કમાં રહેતા રાધાબેન જોગેન્દ્ર સિંહ રાજપુતે નોંધાવેલી ફરિયાદ મુજબ મારી દીકરીએ સાત વર્ષ પહેલા સલમાન સલીમખાન પઠાણ સાથે પ્રેમ લગ્ન કર્યા છે. ગત 17ની તારીખે દીકરીનો પતિ મારા ઘરે આવી તેને કહેતો હતો કે, તું મારી સાથે ઘરે આવ. અને તેને ઝઘડો શરૂ કર્યો હતો.

ત્યારબાદ મેં તેને કહ્યું હતું કે મારી દીકરીને તારી સાથે નહીં મૂકવું અને તારી સાથે છુટાછેડા લેવડાવવાના છે. ત્યારબાદ સલમાન મને તથા મારી દીકરીને મારવાની ધમકી આપીને જતો રહ્યો હતો. પાંચ મિનિટ પછી તેના ઘરે જઈને કાર લઈને આવ્યો હતો. જેથી મારી બાજુમાં રહેતા નણંદ ત્યાં આવી ગયા હતા અને તેઓ બચાવવા વચ્ચે પડ્યા હતા. હું તેને ઝઘડો નહીં કરવા માટે સમજાવતી હતી ત્યારે તેણે મારા પેટમાં ચપ્પુના ઘા મારી દીધા હતા. મારો દીકરો અમને છોડાવવા વચ્ચે પડતા મારા દીકરાને પણ ચપ્પુના ઘા મારી દીધા હતા.

# વડોદરાના સાવલીમાં શાળાએ જતી સગીરા સાથે નરાધમે આચર્યું દુષ્કર્મ

## આરોપીએ ફોટો અને વીડિયો વાઈરલ કરી દીધા હતા

**સાવલી**



વડોદરાના સાવલી તાલુકામાં આવેલી એક શાળામાં જતી સગીરાની છેડતી કરી તેના પર દુષ્કર્મ ગુજાર્યા બાદ વીડિયો વાઈરલ કરી દેતા પોલીસ ફરિયાદ નોંધાય છે.

ભાદરવા પોલીસ મથકમાં સગીરાએ નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 'હું શાળાએ જતી હતી ત્યારે છેલ્લા 6 મહિનાથી સુરેશ અરવિંદભાઈ સોલંકી (રહે. તાડીયાપુરા, સાવલી, વડોદરા) અવાર-નવાર પીછો કરીને પરેશાન કરતો હતો. સુરેશ રોડની સાઈડમાં લઈ જઈને છેડછાડ કરતો હતો અને તેના ફોટા મોબાઈલમાં લઈ લેતો હતો. ગત 10 ફેબ્રુઆરીના રોજ મને ધમકી આપી તેના ઘર નજીક આવેલા ખેતરમાં બોલાવી હતી. તે સમયે સુરેશ અને તેનો મિત્ર બાઈક પર આવ્યા હતા. મને ખેતરમાં લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. આ વખતે તેના મિત્રએ મારું મોઢું દબાવી રાખી તેનો સાથ આપ્યો હતો.

ત્યારબાદ બીજા દિવસે સુરેશે અગાઉના ફોટો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર વાઈરલ કરવાની ધમકી આપીને તેના ઘર નજીકના ખેતરમાં ફરી વખત બોલાવી હતી. જ્યાં સુરેશે મરજી વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું, અને તેના મિત્રએ મોઢું દબાવી રાખ્યું હતું.

બાદમાં નરાધમે બળજબરી પૂર્વક આચરેલા કૃત્યના ફોટો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં મુકીને વાઈરલ કર્યા હતા. આ મામલે ભાદરવા પોલીસ મથકમાં સુરેશ અરવિંદભાઈ સોલંકી અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોક્સો તથા આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકામાં ભગવો લહેરાયો

## રાજુલા-જાફરાબાદ, ચલાલામાં કોંગ્રેસ ખાતું ખોલાવી શકી નહીં, લાઠીમાં ભાજપને 18 બેઠક મળી, કોંગ્રેસને 5 અપક્ષને એક બેઠક

**અમરેલી**

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં લેટરકાંડ,જૂથવાદ અને જુના જોગીઓની ટિકિટ કપાવાની નારાજગીની અસર વચ્ચે ભાજપનું કમળ ખીલ્યું હતું.નગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે ત્રણ નગરપાલિકામાં કોંગ્રેસનું ખાતું પણ ન ખુલે તે રીતે પછડાટ આપી પાલિકા કબ્જે કરી હતી.જ્યારે લાઠી નગરપાલિકામાં ભાજપે ૧૮ બેઠકો સાથે જીત મેળવી હતી.તો પેટા ચૂંટણીઓમાં પણ મોટા ભાગની બેઠકો ભાજપે કબ્જે કરી ફરી એકવાર ડંકો વગાડયો હતો.

રાજુલા-જાફરાબાદ અને ચલાલા નગરપાલિકામાં ભાજપના માઈક્રો મેનેજમેન્ટ સામે કોંગ્રેસ ખાતું પણ ખોલાવી શકી નથી. ભાજપે નગરપાલિકાની ચૂંટણીઓ જીતવા માટે ધારાસભ્યોને જવાબદારી આપી હતી.જાફરાબાદમાં મતદાન પહેલા જ ૧૬ સીટો પર ભાજપના ઉમેદવાર બિન હરીફ થયા હતા.આજે પરિણામ જાહેર થઈ જતા કોંગ્રેસ એક પણ સીટ મળી ન હતી જેથી જાફરાબાદ પાલિકામાં સતત બીજી વખત ભાજપે તમામે તમામ સીટો કબ્જે કરી હતી.

રાજુલામાં પાંચ વર્ષ કોંગ્રેસ અને ર વર્ષ વહીવટદારનું શાસન રહ્યું હતું ે. ગત ચૂંટણીમાં કોંગ્રેસના તે વખતના ધારાસભ્ય અમરીશ ડેરની આગેવાનીમાં કોંગ્રેસે ૨૭ બેઠકો કબ્જે કરી હતી અને ભાજપના ફાળે માત્ર એક જ બેઠક ગઈ હતી આ વખતની ચૂંટણીમાં ભાજપે તમામે તમામ સીટ કબ્જે કરી કોંગ્રેસને કારમો રકાસ આપ્યો હતો.રાજુલાની ચૂંટણીમાં કોંગ્રેસમાં પૂર્વ પ્રમુખ રમેશભાઈ કાતરીયા,બાઘુબેન વાણિયા,કાંતાબેન કિશોરભાઈ ધાખડા સહિતના આગેવાનો ભાજપની લહેરમાં હારી જતા અપસેટ સર્જાયો હતો. ચલાલા પાલિકામાં પણ ભાજપે તમામ સીટો કબ્જે કરી હતી.પાલિકાની ૨૪ સીટોમાંથી ગત વર્ષે કોંગ્રેસ પાસે ૭ સીટો અને ભાજપ પાસે ૧૭ સીટો હતી.પરંતુ આ વખતે કોંગ્રેસના એક પણ ઉમેદવારનું ખાતું ખુલ્યું ન હતું . ભાજપે તમામ સીટો કબ્જે કરી હતી.

લાઠી નગરપાલિકાં પણ ભાજપે કબ્જે કરી હતી.આ પાલિકાની ચૂંટણી જીતવા માટે ભાજપના સાંસદ અને ધારાસભ્ય બંનેએ સતત પ્રચારકર્યો હતો પરંતુ અંદરખાને ચાલતી નારાજગી,કેટલાક આક્ષેપોને ધ્યાને લેતા ગત વર્ષની સરખામણીમાં ભાજપને ઓછી બેઠકો મળી હતી.ગત વર્ષે ભાજપ લાઠીમાં કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકોમાં ૨૧ ભાજપ અને ૩ બેઠકો કોંગ્રેસ પાસે હતી.જોકે આ વખતે ભાજપને માત્ર ૧૮ બેઠકો મળી હતી. જયારે કોંગ્રેસને ૫ અને અપક્ષના એક ઉમેદવારે જીત મેળવી હતી.આખરે આ પાલિકા પર પણ ભાજપનો કબ્જો થયો હતો.

માંગરોળ નગર પાલિકાના પરિણામમાં ભાજપ અને કોંગ્રેસને 15-15 બેઠક મળતા સત્તા મેળવવા ટાઈ પડી હતી. જ્યારે બસપાને ચાર બેઠક મળી હતી. જોકે, આજે બસપાના ચાર ઉમેદવારોએ ભાજપને ટેકો આપ્યો હતો.

# ગારિયાધાર પાલિકામાં સતત સાતમી વાર ભાજપનું શાસન

## 2018ની ચૂંટણીમાં 'ચીઠ્ઠી'એ ભાજપને સત્તા સોંપી હતી

**ગારિયાધાર**

ગારિયાધાર પાલિકામાં બે વર્ષ વહીવટદારનું શાસન રહ્યા બાદ સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. છેલ્લે ૨૦૧૮માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસને ૧૪-૧૪ સીટ મળતા શાસનની સત્તા સોંપવા માટે ચીઠ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં ભાજપની જીત થતાં ભાજપને શાસન કરવાનો મૌકો મળ્યો હતો. આ ચૂંટણીમાં તમામ ૭ વોર્ડની ૨૮ બેઠક પર ભાજપ એકલા હાથે લડયું હતું. જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધન કરી ટિકિટોની વહેચણી કરી લીધી હતી. જોકે જનાદેશમાં ભાજપે ચાર બેઠકના વધારા સાથે ૧૮ સીટ પર જીત મેળવી હતી. જેમાં વોર્ડ નં.૧,૨,૪ અને ૬ મળી ચાર વોર્ડમાં ભાજપની આખી પેનલ વિજેતા બની હતી. તો વોર્ડ નં.૩માં કોંગ્રેસની પેનલનો વિજય થયો હતો. વોર્ડ નં.૫ અને ૭માં ભાજપના એક-એક ઉમેદવાર, વોર્ડ નં.૭માં કોંગ્રેસના ત્રણ અને વોર્ડ નં.૫માં આપના ત્રણ ઉમેદવાર વિજેતા ઘોષિત થયા હતા.

# ધંધુકા પાલિકામાં ફરીવાર ભગવો લહેરાયો ભાજપના બળવાખોર ઉમેદવાર પણ જીત્યા

## 28 માંથી 20 બેઠકમાં ભાજપ, 7 માં કોંગ્રેસ અને એક બેઠક પર અપક્ષની જીત

**ધંધુકા**

ધંધુકા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ તથા ભાજપના બળવાખોર ઉમેદવારોની અપક્ષ ઉમેદવારી સહિત ૬૦ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. આ ચૂંટણીમાં ધંધુકા નગરપાલિકાનું સરેરાશ ૫૭.૧૩ ટકા મતદાન નોંધાયું હતું. આજે સવારથી જ ધંધુકાની કિકાણી કોલેજ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૮ પૈકી ૨૦ બેઠક પર ભાજપ જયારે, સાત બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો. જયારે, જ્યારે વોર્ડ નં.૨ની એક બેઠક ઉપર નગરાપિલાકના પૂર્વ કારોબારી ચેરમેન અને હાલ ભાજપ સામે બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ઉમેદવાર બળભદ્ર અગ્રાવત (ભદુ મહારાજ)નો વિજય થયો છે. જયારે, ભાજપ સામે બળવો કરનાર ભાજપના પૂર્વ પ્રમુખ હર્ષદ ચાવડાના પત્ની મધુબેનનો પરાજય થયો હતો. પાલિકામાં ભાજપની જીતને ધંધુકા શહેર ભાજપ સંગઠન, ધારાસભ્ય ઉપરાંત ધંધુકા એપીએમસીના તમામ ડિરેક્ટરોએ આવકારી હતી. જયારે, ચૂંટણીના પરિણામો જાહેર થતા ભાજપ અને કોંગ્રેસે પોતાની જીતનો ઉત્સવ રેલી કાઢી મનાવ્યો હતો. શહેરના રાજમાર્ગો પર નિકળેવી બન્ને પક્ષની વિજય રેલીમાં વિશાળ સંખ્યામાં બન્ને પક્ષના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતાં.

# તળાજા નગરપાલિકાની ચૂંટણી : ભાજપના ગઢમાં ગાબડા, બે ટર્મના પ્રમુખ હારી ગયા

## ચોથી વખત ભાજપની સત્તા આવી, વોર્ડ નં.4માં બેને બદલે ત્રણ મહિલા વિજેતા

**તળાજા**

તળાજામાં ચોથી વખત ભાજપને સત્તારૂઢ થવા જનાદેશ કરાયો છે. જો કે, આ ચૂંટણીમાં કેટલાક વોર્ડ એવા છે કે, જેને ભાજપનો ગઢ મનાતો હતો. ત્યાં ગાબડા પડયા છે. આ સાથે બે ટર્મ સુધી પ્રમુખપદુ ભોગવી ચુકેલા ભાજપના ઉમેદવારને મતદારોએ અરીસો દેખાડી હારનો સ્વાદ ચખાડયો હતો.

તળાજા નગરપાલિકાના શાસનમાં વર્ષ ૨૦૨૩માં પ્રથમ વખત કમળ ખીલતા ભાજપનો પાયો નંખાયો હતો. ત્યારબાદથી તળાજા પાલિકામાં ભાજપનું શાસન ચાલી રહ્યું છે. જે સિલસિલો આ વખતે પણ જાળવવામાં ભાજપ સફળ રહ્યું છે. આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામમાં ૧૭ બેઠક સાથે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. તો ગત ટર્મ કરતા કોંગ્રેસને એક બેઠકનું નુકશાન થતાં ૧૧ બેઠકમાં સમેટાઈ છે. ચૂંટણી સમયે રોડ-રસ્તા, ગટર અને સફાઈના પ્રશ્નો મહત્વના હતા. પ્રચાર કરવા જતાં ઉમેદવારોને મતદારોનો રોષ પણ સાંભળવો પડયો હતો. તેમ છતાં અંતે તો મતદારોએ કમળનું જ બટન દાબી ભાજપને ફરી સત્તારૂઢ થવા જનાદેશ આપ્યો હતો. આ ચૂંટણીમાં ભાજપના ગઢમાં કોંગ્રેસે ગાબડું પાડયું છે. જેના કારણે ભાજપને વોર્ડ નં.૧ અને ૭માં જ પેનલ વિજયીનો સ્વાદ ચાખવા મળ્યો હતો. જ્યારે વોર્ડ નં.૨ અને ૩માં કોંગ્રેસની આખી પેનલ વિજેતા બની છે. ૨૮ સભ્યોમાં મહિલાની બહુમતી થઈ છે. વોર્ડ નં.૪માં બેના બદલે ત્રણ મહિલા ચૂંટાઈ આવ્યા છે.

# રાજકોટ ફાટક પાસે હેન્ડસ ફ્રીને લીધે સાળા- બનેવી ટ્રેન અડફેટે ચઢી ગયા

**રાજકોટ**

બહેરાઈચ જીલ્લાનો વતની હગ્નુ રામસંવારે સોનકર કોઠારીયા સોલવન્ટ પાસેના ગુલાબનગરમાં ઓરડીમાં રહેતો હતો. તે સ્ટીલ ફેકટરીમાં નોકરી કરતો હતો. ર મહિના પહેલા જ યુપીના ગોંડા જીલ્લામાં રહેતો તેનો સાળો બાબુહરિન્દર બંસરાજ સોનકર (ઉ.વ.૧૨) તેની સાથે રહેવા આવ્યો હતો. જે એક કારખાનામાં મોલ્ડીંગનું કામ કરતો હતો. બુધવારે સાંજે સાળો બાબુહરિન્દર માલધારી ફાટક પાસે કાનમાં હેન્ડસ ફ્રી નાખી રેલ્વે ટ્રેક પરથી પસાર થઈ રહ્યો હતો. તેની પાછળ તેનો બનેવી હગ્નુ આવતો હતો. હેન્ડસ ફ્રીને કારણે સાળા બાબુહરિન્દરને ટ્રેન આવી ગયાની જાણ થઈ ન હતી. જે દ્રશ્ય જોઈ બનેવી હગ્નું તેને બચાવવા દોડી જતાં બંને ટ્રેન નીચે આવી ગયા હતા. જેમાંથી હગ્નુંનું સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતું. જયારે બાબુહરિન્દરને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં તેણે ટૂંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. બંનેની સાથે રહેતા શ્રમિકોએ જણાવ્યું કે ઓરડીમાં જમવાનું બનતું હતું. ત્યારે બંને અચાનક બહાર નીકળી ગયા બાદ આ ઘટના બની હતી. જાણ થતાં આજી ડેમ પોલીસ સ્થળ પર અને હોસ્પિટલે દોડી ગઈ હતી. પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં રિનોવેશન દરમિયાન ઘટના બની, મકાન ધરાશાયી થઈ જતાં 3 લોકો દબાયા

**રાજકોટ**

ગોંડલમાં મકાનના રિનોવેશન દરમિયાન મોટી દુર્ઘટના બની હતી. રિનોવેશન દરમિયાન મકાન ધરાશાયી થતાં ત્રણ લોકો દટાયા હતા. ફાયર વિભાગે બચાવ કામગીરી શરૂ કરી હતી. હાલમાં ફાયર વિભાગની ટીમ જે.સી.બી. મશીનની મદદથી કાટમાળ ખસેડીને દટાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી કરી રહી છે. આ દુર્ઘટનામાં હજુ એક પુરૂષ અને એક મહિલા કાટમાળ નીચે દટાયેલા છે. જ્યારે એક વૃદ્ધાને બહાર કાઢી લેવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં આસપાસમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા. સ્થાનિક ધારાસભ્ય પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું હોવાનું જાણવા મળ્યુ છે.

# 150 કરોડની જમીન સરકાર હસ્તક લેવાના હુકમથી પૂર્વ સાંસદ દીનુ સોલંકીને તકલીફ

**કોડીનાર**

પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર સામે આક્ષેપ કરી પડકાર ફેંક્યો હતો. પરંતુ પૂર્વ સાંસદના આ વાણીવિલાસ પાછળ દિવ, ઊના, દેલવાડા મહાજન પાંજરાપોળ ટ્રસ્ટની હાલ પૂર્વ સાંસદના કબજામાં રહેલી 280 એકર જમીનનો ટોચ મર્યાદા અંગેની અરજી નામંજૂર કરવા હુકમ કરવામાં આવ્યો છે, તે કારણભૂત હોવાનું આજે ચર્ચાસ્પદ બન્યું છે. વહીવટી તંત્રએ કરેલા હુકમ સામે અપીલ થઈ છે, જેમાં હાલ સ્ટે હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરની ફેવરમાં સોશીયલ મીડિયામાં મેસેજ વાયરલ પણ થયો છે.

કોડીનાર નગરપાલિકાની વિજય સભામાં પૂર્વ સાંસદ દીનું સોલંકીએ ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કરી તેને આધુનિક મહમદ ગઝનવી સાથે સરખાવી સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવા પડકાર ફેંક્યો હતો. તેમણે કલેક્ટર સામે મોરચો માંડ્યો તેની પાછળ દેલવાડા મહાજન પાંજરાપોળ ટ્રસ્ટની જમીનનો ટોચ મર્યાદા અંગેનો ઊના પ્રાંત અધિકારીએ કરેલો હુકમ કારણભૂત કહેવાય છે. આ ટ્રસ્ટની 280 એકર જમીનનો કબજો દીનું સોલંકી પાસે છે.

# જામનગરમાં આત્મહત્યા કરવા બે-બે વાર તળાવમાં કૂદી, તો પણ જીવ બચી ગયો

**જામનગર**

ખોજાનાકા વિસ્તારમાં રહેતી રેશમાબેન સબીરભાઈ નામની 35 વર્ષની યુવતી આજે સવારે 9 વાગ્યાને 50 મિનિટે લાખોટા તળાવના આઠ નંબરના ગેઈટમાંથી પ્રવેશી હતી, અને કોઈ સમજે તે પહેલાં જ તળાવના પાણીમાં ઝંપલાવી દીધું હતું. જે અંગેની જાણકારી મળતાં સૌપ્રથમ આઠ નંબરના ગેઈટ પર ટિકિટ બારી સંભાળતા દિવ્યાબેન નંદાએ પાણીમાં છલાંગ લગાવી દીધી હતી. ક્ષણભરનો વિચાર કર્યા વિના રેશમાબેનને બચાવી લઈને કાંઠે લઈ આવ્યા હતા. યુવતી સાથે વાતચીત કરીને સમજાવી રહ્યા હતા. જે દરમિયાન રેશમાબેને ફરીથી છટકી જઈ તળાવમાં ઝંપલાવી દીધું હતું. જોકે ફાયરે તેણીને બહાર કાઢી હતી.



## જાહ્નવી કપૂર હવે અલ્લુ અર્જુનની હિરોઈન બનશે

મુંબઇ : જાહ્નવી કપૂર હવે નવી ફિલ્મમાં અલ્લુ અર્જુનની હિરોઈન બનશે. તેણે સાઉથના એક પ્રોડક્શન હાઉસની ફિલમ સ્વીકારી છે. આ ફિલ્મનું દિગ્દર્શન ત્રિવિક્રમ શ્રીનિવાસ કરશે. જોકે આ બાબતે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. આ ફિલ્મ વિશે વધુ કોઇ માહિતી પણ આપવામાં આવી નથી. બોલીવૂડમાં નિષ્ફળ ગયેલી જાહ્નવી હવે ટોલીવૂડમાં એક પછી એક ફિલ્મ સાઇન કરી રહી છે.થોડા સમય પહેલાં તેણે સાઉથની ‘દેવરા’ ફિલ્મમાં કામ કર્યું હતું. જોકે, આ ફિલ્મ પણ ફલોપ રહી હતી.

# સ્વદેશ



## ઈલિયાના ડી ક્રૂઝે પોતે બીજીવાર પ્રેગનન્ટ હોવાની ઘોષણા કરી



મુંબઈ: ઈલિયાના ડી ક્રૂઝે પોતે બીજીવાર પ્રેગનન્ટ હોવાનું કન્ફર્મ કર્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેણે આ જાહેરાત કરી હતી.

ઈલિયાનાએ સોશિયલ મીડિયા પર મધરાતે નાસ્તો કરી રહી હોવાની તથા એન્ટાસિડ લઈ રહી હોવાની તસવીરો પોસ્ટ કરી હતી. તેની સાથે તેણે કેપ્શન લખ્યું હતું કે ‘તમે પ્રેગનન્ટ છો તેવું કહ્યા વગર જ જણાવી દો કે તમે પ્રેગનન્ટ છો.’

ઈલિયાનાએ ગત પહેલી જાન્યુઆરીએ નવાં વર્ષની શુભેચ્છા આપતી વખતે બીજી પ્રેગનન્સીનો સંકેત આપ્યો હતો. તેણે પ્રેગનન્સી ટેસ્ટ કિટનું રિઝલ્ટ પોઝિટિવ આવ્યું હોવાની પોસ્ટ કરી હતી. ઈલિયાનાએ માઈકલ ડોલાન સાથે ૨૦૨૩માં લગ્ન કર્યાં હતાં. ૨૦૨૩ના ઓગસ્ટ માસમાં જ તેણે પુત્રને જન્મ આપ્યો હતો.

## અભિનેત્રી રકૂલ પ્રીત સિંહ પાંચ કરોડમાં પતિને વેચવા તૈયાર



રકૂલ પ્રીત સિંહ અને અર્જુન કપૂરની મુવી મેરે હસબન્ડ કી બીવી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ રીલીઝ થવાની છે, રોમાન્સ, કોમેડીથી ભરપૂર આ ફિલ્મનું ડાયરેકશન મુદસ્સર અઝીઝ દ્વારા કરવામાં આવ્યું છે, જેના પ્રોડયુસર્સ જેકી ભગનાની અને વાસુ ભગનાની છે, ફિલ્મ સ્ટાર્સ હાલ મુવી પ્રમોશનમાં વ્યસ્ત છે, જેમાં રકૂલ પ્રીત સિંહએ એક કોમેડી વિડીયો અર્જુન કપૂર સાથે મુક્યો છે જે જોઈ તમે અચૂક હસી પડશો !રકૂલ પ્રીત સિંહ અને અર્જુન કપૂર સિવાય મેરે હસબન્ડ કી બીવી ફિલ્મમાં ભૂમિ પેડનેકર, ડીનો મોરિયા, આદિત્ય સીલ પણ મુખ્ય ભૂમિકામાં છે.મોડર્ન ટાઈમમાં છૂટાછેટાના કેસો વધી રહ્યા છે, છૂટાછેટા બાદ નવેસરથી શરૂઆત કરવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે, નવી શરૂઆત બાદ ભૂતકાળ ભૂલવાનું સરળ નથી અને વ્યકિતના જીવનમાં પહેલી પત્ની અને નવી પત્ની વચ્ચે સરખામણી થતી રહે છે. અર્જુન કપૂર સાથે રકૂલ પ્રીત સિંહ અને ભૂમિ પેડનેકરના આવા ટ્રાયેંગલ આંટા ઘૂંટીની વાત કરવામાં આવી છે.રકૂલ પ્રીત સિંહ સાથે તાજતેરમાં અર્જુન કપૂર સાથેનો વિડીયો એકટ્રેસ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જેમાં અર્જુન કપૂર રકૂલને ‘બેબી તે જુદાઈ મુવી જોઈ છે જેમાં અનિલ કપૂરની વાઈફ તેને ૨ કરોડમાં વેચી દે છે, જો તને પણ કોઈ ૨ કરોડ આપે તો? રકૂલ તેને અટકાવતા કહે છે પાગલ છે શું? ૨ કરોડ નહિ, પુરા ૫ કરોડ લઈશ.’

## ઐતરાઝ-2માં તાપસી પન્નુ મુખ્ય ભૂમિકા ભજવે તેવી શક્યતા



મુંબઈ : સુભાષ ઘઈ ‘ઐતરાઝ ટૂ’ ફિલ્મ બનાવી રહ્યા છે. તેમાં મુખ્ય હિરોઈન તરીકે તાપસી પન્નુની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે. અક્ષય કુમારની જ ફિલ્મ ‘ઓહ માય ગોડ ટૂ’ના દિગ્દર્શક અમિત રાયને આ ફિલ્મનું સુકાન સોંપાયું છે.

ચર્ચા અનુસાર સુભાષ ઘઈ તથા તાપસી વચ્ચે આ પ્રોજેક્ટ માટે વાતચીત ચાલુ થઈ ચુકી છે. સુભાષ ઘઈએ તાપસીને સ્ક્રિપ્ટ વંચાવી છે. તાપસીને પણ આ સ્ક્રિપ્ટ પસંદ પડી હોવાનું કહેવાય છે. જોકે, હજુ સુધી તેણે ફિલ્મ સાઈન કરી નથી. ‘ઐતરાઝ’ ફિલ્મ ૨૦૦૪માં રીલીઝ થઈ હતી. તેમાં અક્ષય કુમાર, પ્રિયંકા ચોપરા તથા કરીના કપૂરે મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. પ્રિયંકાએ તે વખતે આ ફિલ્મમાં નેગેટિવ ભૂમિકા ભજવવાની હિંમત દર્શાવી હતી. ‘ઐતરાઝ ટૂ’માં પ્રિયંકા જેવા જ નેગેટિવ રોલ માટે તાપસીનો સંપર્ક કરાયો હોવાનું કહેવાય છે. સુભાષ ઘઈએ થોડા સમય પહેલાં પોતે ‘ઐતરાઝ ટૂ’ બનાવી રહ્યા હોવાની જાહેરાત કરી હતી. તે વખતે તેમણે મૂળ ફિલ્મમાં પ્રિયંકાએ ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. જોકે, તેમણે બીજા ભાગમાં મૂળ

### ઓહ માય ગોડ ટૂના દિગ્દર્શક અમિત રાયને જ આ ફિલ્મનું દિગ્દર્શન સોંપાયું

## સામંથા, વામિકાની રક્તબ્રહ્માંડના નિર્માણમાં કરોડોની ઉચાપત

મુંબઇ : આદિત્ય રોય કપૂર, સામંથા રુથ પ્રભુ, વામિકા ગબ્બી તથા અલી ફઝલ જેવા જાણીતા કલાકારો ધરાવતી વેબ સીરિઝ ‘રક્તબ્રહ્માંડ’ના નિર્માણમાં કરોડોની ઉચાપત થઈ ગઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

આ સીરિઝનું હજુ ૨૬ દિવસનું શૂટિંગ માંડ થયું છે ત્યાં જ તેના બજેટના ૫૦ ટકા રકમ વપરાઈ ગઈ છે. આ વાત ધ્યાન પર આવતાં નેટફ્લિક્સ દ્વારા સીરિઝના સર્જકોને ઓડિટનો આદેશ આપવામાં આવ્યો હતો. રાજ અને ડીકે આ સીરિઝ બનાવી રહ્યા છે. જોકે, તેમણે પોતાના સ્ટાફને કેટલીક નાણાકીય સત્તાઓ







આપી દીધી હતી. તેનો દુરુપયોગ થયો હોવાનું કહેવાય છે.

આ ઉપરાંત નેટફ્લિક્સને સીરિઝની અત્યાર સુધીની સ્ક્રિપ્ટમાં પણ ભારે ગાબડાં જણાયાં છે. આથી દિગ્દર્શક રાહી અનિલ બર્વે અને લેખિકા સીતા આર મેનનને સ્ક્રિપ્ટમાં અનેક ફેરફારો કરવા જણાવાયું છે. નેટફ્લિક્સ દ્વારા શરુઆતથી જ બાઉન્ડેડ સ્ક્રિપ્ટનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. જોકે, સર્જકોએ જેમ જેમ શૂટિંગ આગળ વધતું જાય તેમ તેમ સ્ક્રિપ્ટ આગળ લખતા જવાનો એપ્રોચ અપનાવ્યો હતો. આ અભિગમ નેટફ્લિક્સને પસંદ આવ્યો નથી.



# ॥ સંસ્કૃતિ ॥

સ્વદેશ
Leading Gujarati Newspaper



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH

### જેલમાં અનેક ભાષાઓ શીખીને કનાહાન દુનિયાનો સૌથી નામનચી ગેંગ લીડર બની ગયો

# ક્રિસ્ટોફર કિનાહાન : નંબર વન ડોનની રોચક સફર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ક્રિસ્ટોફર કિનાહાન જ ગતમાં સૌથી મોટો કુખ્યાત ક્રિમિનલ ગેંગનો લીડર મનાતો હતો. તે ગેંગનો લીડર બન્યો તે પહેલાં માર્ચ 2001માં એને પોર્ટલોઈઝ આયરલેન્ડની જેલમાંથી મુક્ત કરાયો હતો. આ સમયે તેણે એક સભ્ય કેદીનું ઉદાહરણ પૂરું પાડયું હતું. જેલમાં ભણીને એણે આર્ટ્સની ડિગ્રી લીધી હતી. આ સાથે જ સ્પેનિશ, ફ્રેન્ચ અને ડચ જેવી ભાષા પણ તે શીખી ગયો હતો. એના ભાષાના ઉચ્ચારણોમાં સુઘડતા જણાતી હતી. ભારતમાં અને દુનિયામાં કુખ્યાત બની ગયેલા જ્યોર્જ સોરોસના પુસ્તકો તેણે તે સમયે વાંચવાં માંડ્યા હતા. જેલમાં ડાહ્યોડમરો થઈને રહ્યો, તે દરમિયાન એણે એક બિઝનેસ પ્લાન ઘડી રાખ્યો હતો. એ પ્રથમ તો આયરલેન્ડનો સૌથી મોટો ડ્રગ ડીલર બનવા માગતો હતો. UKની નેશનલ ક્રાઈમ એજન્સી (NCA)ના વડા કહે છે કે, જેલમાં વિવિધ ભાષાઓ શીખવા પાછળનો તેનો ઉદ્દેશ્ય એવો હતો કે, આ ભાષા થકી તે દક્ષિણ અમેરિકાની ડ્રગ્સ અને માફિયા કોર્ટલો સાથે સીધે સીધી વાત કરી શકે અને દુભાષિયો રાખવાની જરૂર ન પડે. બ્રિટનના એક અધિકારી કહે છે કે, જો એ કોકેનનું રેકેટ ચલાવતો ન હોત, તો કોઈ ખૂબ મોટી કંપનીનો સફળ વડો બની શકે, એટલી એનામાં ક્ષમતા અને આવડત હતી.

વરસ 2001થી 2006 સુધી એ યુ.કે.ના સરે ખાતે રહ્યો, જ્યાં એણે બ્યુટી લૂનથી માંડીને મોટરકારની ડીલરશીપ માટેની નાની નાની કંપનીઓ શરૂ કરી હતી. આ સમયગાળામાં તે અવારનવાર સ્પેન, સાયપ્રસ, હોલેન્ડ, બેલ્જીઅમ વગેરે સ્થળોએ જઈ આવતો હતો. બહારથી બિઝનેસમેન જેવું રૂપ ધારણ કર્યું હતું, પણ અંદરથી એ અન્ડરવર્લ્ડમાં એક તાકાત બનવા માંડ્યો હતો. એણે બંદૂકધારી લોકોની એક નાનકડી ફોજ રચી હતી. કેટલાક સલાહકારો તેમજ કાળાના સફેદ નાણાં કરી આપે એવા લોકોને રોક્યા હતા. એની બે મુખ્ય ગુનાહિત પ્રવૃત્તિઓ હતી. નશાકારક ડ્રગ્સનો વેપાર અને ઘોડાની રેસનાં પરિણામો અગાઉથી જ ફિક્સ કરી દેવાતા હતા. વરસ 2005માં આ બધી વિગતો લંડનની પોલીસના ધ્યાનમાં આવી. ત્યાર પછીના ત્રણ વરસ બાદ નેશનલ ક્રાઈમ એજન્સીના લિસ્ટમાં એ મોખરે હતો. વરસ 2006માં કિનાહાન ક્રિમિનલોની વધુ વિશાળ દુનિયામાં એ દાખલ થયો. ત્યાર સુધીમાં એ એના કામનું મથક



યુ.કે.માંથી બદલીને સ્પેનના કોસ્ટા ડેલ સોલ ખાતે લઈ ગયો હતો.

ત્યાં જઈને કિનાહાને તાકાત વધારવા માંડી. પરિણામે ટૂંકા સમયમાં એની પાસે નાણા અને સંપત્તિનો પાર ન રહ્યો. એની કામ કરવાની પદ્ધતિ, મોડસ ઓપેરન્ડી સરળ હતી. કોલંબિયા (દક્ષિણ અમેરિકાન દેશ)ની પેરામિલિટરી ગ્રુપો પાસેથી એ ડ્રગ્સ કોર્ટલો તેમજ રાઈટ-વિંગ સીધેસીધી ડ્રગ્સ ખરીદતો અને યુરોપ તેમજ દૂરના પ્રદેશોની ગેંગોને એ મોટો નફો લઈને વેચી નાખતો હતો. યુરોપ અને બીજી ગેંગોના કાળા નાણાને સફદ કરી આપવાની સર્વિસ પણ એ આપતો હતો. એન્ટવર્ય અને બેલ્જીઅમમાં પણ એણે અમુક કંપનીઓ ખોલી રાખી હતી. એન્ટવર્પમાં એક કસીનો ચલાવતો હતો. આ ઉપરાંત સાયપ્રીઓટમાં પેઢીઓ ખોલી રાખી હતી. સ્પેનના સત્તાવાળાઓને પણ કિનાહાનની આવી ગેરકાનૂની તેમજ અનૈતિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આવી ગયો હતો. પરંતુ તે માહિતીઓ તરત હિમશિલાની ટોચ સમાન હતી. કિનાહાનની પ્રવૃત્તિઓની બાતમીઓ મળતા આઈરિશ, બ્રિટિશ, સ્પેનિશ અને બેલ્જીઅમ પોલીસે 2006માં કિનાહાન સામે 'ઓપરેશન શોવેલ' નામથી એક મલ્ટી એજન્સી ઓપરેશન શરૃ કર્યું હતુ. સ્પેનમાં આ ગેંગ પર ખાનગીમાં જાસૂસી ગોઠવવામાં આવી હતી. દરમિયાનમાં ક્રિસ્ટોફર કિનાહાન સાથે એના બે મોટા દીકરા ડેનીઅલ અને ક્રિસ્ટોફર જુનિયર રહેવા આવી ગયા હતા. બાપ સાથે રહેવા ગયા પછી ડેનીઅલે બાપની જાહોજલાલી જોઈ. ત્યારબાદ તેણે સામાન્ય જીવન જીવવાના વિચારો છોડી દીધા અને બાપની સાથે ગોરખધંધામાં જોતરાઈ ગયો. 2010ના મે મહિનામાં 'ઓપરેશન શોવેલ' પરુ થયું, ત્યાં સુધીમાં 32 ઈસમની ધરપકડ કરાઈ હતી. જેમાં કિનાહાન અને એના બન્ને દિકરાઓ પણ હતા. સ્પેનની અદાલતે તેઓને થોડો સમય કસ્ટડીમાં રાખ્યા પણ પછી છોડી મૂકવામાં આવ્યા હતા. બાપ ક્રિસ્ટોફર કિનાહાનને અગાઉ બેલ્જીઅમની અદાલતે મની લોન્ડરીંગના એક કેસમાં સજા ફરમાવી હતી. તે સજાનું પાલન કરવા માટે ક્રિસ્ટોફર કિનાહાનને બેલ્જીઅમ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ તે પછી 2013માં એ જેલમાંથી મુક્ત થઈ ગયો અને કોસ્ટાડેલ સોલ, સ્પેન ખાતે પાછો જતો રહ્યો, જ્યાં એના બન્ને દિકરા હતા. 2012માં ડેનીઅલે, સ્પેનના મારબેલા ખાતે માર્ટીન મેકલીન નામના બોક્સિંગમાં વિશ્વ ખિતાબ ધરાવતા બોક્સર સાથે મળીને એક જીમનેશીઅમ શરુ કર્યુ. સાથે જ કાળાં કામો અને કમાણીને છૂપાવવા માટે વધુ એક કિમિયો અજમાવતા તેણે એક ફ્રન્ટ કંપની તરીકે શરૂ કરી. થોડાં વરસોમાં ડેનીઅલ બોક્સિંગની રમતમાં (બિઝનેસમાં) એક વગદાર નામ બની ગયું. હેવીવેઈટ ચેમ્પીઅને ટાયસન ફ્યુરી સાથે એણે મિત્રતા કેળવી હતી અને બોક્સિંગના જુગાર ફિક્સ કરીને બન્ને પૈસા કમાતા હતા. બરાબર એ જ ગાળામાં, 2018માં આઈરિશ અદાલતમાં ડ્રગ ટ્રાફિકર તરીકે ડેનીઅલ સામે એક કેસ દાખલ થયો હતો.

એણે વીણી વીણીને બદમાશોની અને ખૂનીઓની ફોજ જમાવી અને એ રીતે હરીફો ઉપર સરસાઈ મેળવી હતી. કોઈ ક્રિસ્ટીની વિરૂદ્ધ જવાનું ભયંકર સાહસ ખેડતાં નહી. રેમન્ડ એલિંજર ડબ્લીનના એક બારમાં બેઠો હતો, ત્યારે એની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. 1986માં પોલીસને ક્રિસ્ટી વિશે માહિતી રેમન્ડે આપી હતી એવું ક્રિસ્ટીએ રેમન્ડે કહ્યું, ત્યારબાર રેમન્ડ ટોળકીમાંથી નાસી ગયો હતો અને 17 વરસ સુધી રાહ જોયા બાદ ક્રિસ્ટીએ રેમન્ડની હત્યા કરાવી હતી. વરસ 2016માં ડબ્લીનની શેરીઓમાં હરીફ કોટલો સાથે ક્રિસ્ટીના ગુંડાઓએ ખૂનરેજી ખેલી હતી. ત્યારબાદ દુનિયામાં ક્રિસ્ટીનું નામ જાણીતુ થઈ ગયું હતુ. હચ ગેંગના અમુક ગુંડઓને ડેનીઅલ સમક્ષ ઘૂંટણ ટેકવાની ફરજ પાડવામાં આવી, પણ મામલાની પતાવટ થઈ ગયા બાદ પણ ગેરી ડચને મારી નાંખવામાં આવ્યો હતો. ડેનીએલે બચ ગેંગને વધુ અને વધુ ધમકીઓ આપવા માંડી હતી. બીજી વખત આયરલેન્ડમાં હચ ગેંગે ડેનીઅલની હત્યા કરવાનો નિર્ણય લઈ યોજના ઘડી કાઢી હતી. જે મુજબ આઈરિશ રિપબ્લિકન આર્મી, જે આયરલેન્ડથી ઈંગ્લેન્ડથી આઝાદી માટે લડતી હતી, તેના માણસોએ ડેનીઅલનું ખૂન કર્યું હોય તેવું લાગે. જે પછી એક ટોળી એર ફોર્ડ ટ્રાન્ઝિટ વેનમાં બેસીને ડબ્લીનની રિજન્સી હોટેલમાં પાછળના દરવાજેથી પ્રવેશી હતી. એ સમય ત્યાં બોક્સિંગના સંદર્ભમાં ડેનીએલ રોકાયો હતો. પાંચ ફેબ્રુઆરી 2016ના રોજ બપોરે રિપબ્લિકન આર્મીમાં વિદ્રોહ કરીને છૂટા પડી ગયેલા કેવીન મુરે, એક સ્ત્રીના હાથમાં હાથ નાંખીને હોટેલમાં પ્રવેશ્યા હતા. પરંતુ એ સ્ત્રી કોઈ સ્ત્રી ન હતી, પણ ગનમેન હતો. જેણે સ્ત્રીના કપડાં ધારણ કર્યો હતા. આ યુગલે ગોળીઓનો વરસાદ કર્યો પરંતુ આ અથડામણ સમયે પણ ઈમરજન્સી દરવાજેથી ડેનીઅલ ભાગી છૂટ્યો. ત્રણ દિવસ બાદ ગેરી હમના કાકા એડીની એ એમના ઘરમાં હતા, ત્યારે ગોળી મારીને તેની હત્યા કરાઈ હતી. આ ખૂંખાર ઝગડામાં 18 સાગરિતોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. જે બાદ યુરોપમાં સ્પેન, UK, આયરલેન્ડ, બેલ્જીઅમ, નેપરલેન્ડસ વગેરેમાં પોલીસ અને બીજી ગંગોની ભીંસ વધી જતા 2016માં ક્રિસ્ટી અને બે દિકરા દુબઈમાં સ્થાયી થવા જતા રહ્યા હતા.

**2001માં પોર્ટલોઈઝ આયરલેન્ડની જેલમાંથી મુક્ત કરાયેલો કિનાહાને ગેંગ લીડર બની કોકેનનું રેકેટ ચલાવ્યું, આ ગોરખધંધા માટે તેણે બનાવેલી ટુકડીઓએ અનેક હત્યા પણ કરી. યુરોપ અને બીજી ગેંગના કાળા નાણાને સફદ કરવાના વેપલામાં ગેંગ માહિર હતી**

# ટોરોન્ટો અને ક્યૂબેક વચ્ચે 300 કિમી/કલાકની ઝડપે ટ્રેનો દોડાવાશે

## નવું રેલ નેટવર્ક 1,000 કિલોમીટર સુધી ઈલેક્ટ્રિક લાઈન સાથે વિસ્તરેલું હશે : PM ટ્રુડો

**ક્યૂબેક**

લિબરલ સરકારે બુધવારે છ વર્ષનો $ 3.9 બિલિયનનો ડિઝાઈન અને વિકાસ પ્લાન શરૂ કર્યો હતો. આ અંગે વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતુ કે, આખરે ક્યૂબેક સિટી અને ટોરોન્ટોને હાઈ-સ્પીડ રેલ લાઈનથી જોડવાનું સપનુ સાકાર થશે. આજે હું અલ્ટોના લોન્ચની જાહેરાત કરી રહ્યો છું, જે કેનેડિયન ઈતિહાસનો સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. ટ્રુડોએ ઉમેર્યું કે, નવું રેલ નેટવર્ક 1,000 કિલોમીટરના ટ્રેક પર ઓલ-ઈલેક્ટ્રિક ટ્રેનો ચલાવશે, જે 300 કિમી/કલાકની ઝડપે દોડશે. જેમાં ટોરોન્ટો, પીટરબરો, ઓટાવા, મોન્ટ્રીયલ, લાવલ, ટ્રોઈસ-રિવિયર્સ અને ક્યૂબેક સિટીમાં સ્ટોપ હશે. એક સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ અર્થતંત્રને ઉત્તેજીત કરશે. આ સાથે જ GDPને વાર્ષિક $



35 બિલિયન સુધી વધારશે. બાંધકામ દરમિયાન 51,000થી વધુ સારી કમાણી કરતી નોકરીઓનું સર્જન કરાશે. આ દેશમાં હાઈ-સ્પીડ રેલ હંમેશા એક એવો પ્રોજેક્ટ બનવાનો હતો. જે બનાવવામાં એટલો લાંબો સમય લાગશે કે તે મ્યુનિસિપલથી પ્રાંતીય અને ફેડરલ સુધીની બહુવિધ સરકારોને આવરી લેશે. ટ્રુડોએ જણાવ્યું હતું કે CDPQ ઈન્ફ્રા, એટકિન્સરેલિસ, કેઓલિસ, SYSTRA, SNCF વોયેજર્સ અને એર કેનેડાથી બનેલા કન્સોર્ટિયમ કેડેન્સને લાઈન બનાવવા માટે પસંદ કરવામાં આવ્યું હતું. રેડિયો-કેનેડા સાથે વાત કરતા સૂત્રોના જણાવ્યા અનુસાર જૂથને છેલ્લા 24 કલાકમાં જ જાણ કરવામાં આવી હતી કે તેમની બોલી સબમિટ કરાયેલા ત્રણમાંથી શ્રેષ્ઠ છે. અમે અમારો સમય લઈશું, પ્રોજેક્ટને યોગ્ય રીતે વિકસાવીશું. ટ્રાન્સપોર્ટ કેનેડાએ શરૂઆતમાં અંદાજ લગાવ્યો હતો કે બંને શહેરો વચ્ચે હાઈ-સ્પીડ રેલ લિંકનો ખર્ચ $ 80 બિલિયન જેટલો ઊંચો હોઈ શકે છે.

# ૬૫ વર્ષ પહેલાંના અકસ્માત માટે ન્યૂ બ્રુન્સવિકના ડ્રાઈવરને $ ૪,૬૦૦ દંડ

## ચાલકનું લાઇસન્સ પુનઃસ્થાપિત કરવા સાથે ડ્રાઈવિંગ ટેસ્ટનું રિબુકીંગ કરાયું

**ન્યૂ બ્રુન્સવિક**

૬૫ વર્ષ પહેલાં થયેલા અકસ્માત માટે ન્યૂ બ્રુન્સવિકના ડ્રાઈવરને $ ૪,૬૦૦ દંડ ફટકારવામાં આવ્યો છે.ક્રિસમસ પહેલાં ફેન્ડર-બેન્ડર પછી ૮૫ વર્ષીય ઓસી ગિલ્ડાર્ટને કહેવામાં આવ્યું કે તેણે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવો પડશે. પરંતુ જ્યારે તે બાથર્સ્ટમાં સર્વિસ ન્યૂ બ્રુન્સવિકમાં ગયો, ત્યારે એક આશ્ચર્ય તેની રાહ જોઈ રહ્યું હતું. તેણે કહ્યું, 'શ્રી ગિલ્ડાર્ટ, મને માફ કરશો કે તમે ટેસ્ટ આપી શકતા નથી. તમારું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. જે બાદ ગિલ્ડાર્ટને કહેવામાં આવ્યું કે જ્યાં સુધી તે વીમા વિનાના અકસ્માતને કારણે $ ૪,૬૬૧.૯૧ ચૂકવે નહીં ત્યાં સુધી તેનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ગિલ્ડાર્ટે કહ્યું કે, ૧૯૬૦માં ટોરોન્ટોમાં એક અકસ્માત થયો હતો. તેઓ ઓન્ટારિયોમાં રહેતા હતા ત્યારે ગિલ્ડાર્ટ સર્વિસ ટેકનિશિયન તરીકે કામ કરતા હતા. તેથી તેમને વીમો લેવો પડતો હતો અને દર વર્ષે તેમનું ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યૂ કરાવવું પડતું હતું. બીજી તરફ જીઓફરી ડાઉનીએ એક ઈમેઈલમાં જણાવ્યું કે, અમારી તપાસ સાબિત કરે છે કે સસ્પેન્શનનું કારણ કોર્ટનો ચુકાદો કે જે 10 વર્ષથી વધુ જૂનો છે, તો અમને બીજા પ્રાંતને સસ્પેન્ડ કરવાની અથવા બાકી રકમ વસૂલવાની કોઈ જવાબદારી નથી, ગિલ્ડાર્ટનું લાઈસન્સ હવે પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે અને તેના ડ્રાઈવિંગ ટેસ્ટનું રિબુકિંગ કરવામાં આવ્યું છે, પરંતુ તેની પાસે હજુ પણ ઓન્ટારિયો પરિવહન મંત્રાલય તરફથી ભારે બિલ બાકી છે.

# ટર્ક્સ અને કેકોસમાં શાર્ક સાથે ઝપાઝપીમાં કેનેડિયન મહિલાએ બંને હાથ ગુમાવ્યા

## પીડિતાને ચેશાયર હોલ મેડિકલ સેન્ટરમાં પ્રાથમિક સારવાર બાદ કેનેડા ખસેડાઈ

**બ્રામ્પ્ટન**

ટર્ક્સ અને કેકોસમાં શાર્ક સાથે “લગ્ન” કરવાનો પ્રયાસ કરતી વખતે કરડવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા પ્રવાસીનો પરિવાર હવે તે ભયાનક ક્ષણ વિશે વાત કરી રહ્યો છે, જેણે કેનેડિયન મહિલાના જીવનને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. ટર્ક્સ અને કેકોસ ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયર્નમેન્ટ એન્ડ કોસ્ટલ રિસોર્સિસ (DECR)ની એક પ્રેસ રિલીઝ અનુસાર 55 વર્ષીય કેનેડિયન પ્રવાસીએ 7 ફેબ્રુઆરીના રોજ ફોટોગ્રાફ લેવાના પ્રયાસમાં છીછરા પ્રાણી સાથે લગ્ન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે તેણીએ બંને હાથ ગુમાવવા પડ્યા હતા. ઘટના બાદ પીડિતાને ચેશાયર હોલ મેડિકલ સેન્ટર લઈ જવામાં આવી હતી, જ્યાં તેણીની હાલત સ્થિર કરવામાં આવી હતી અને વધુ તબીબી સહાય માટે ટાપુથી દૂર લઈ જવામાં આવી હતી. શેવરીએ જણાવ્યું હતું કે તેમની ભાભીને પ્રારંભિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી પરંતુ વધુ સર્જરીની આવશ્યકતા જણાતા તેમને એર એમ્બ્યુલન્સ દ્વારા કેનેડા પાછા લઈ જવામાં આવ્યા હતા. મારા ભાઈએ 30 વર્ષથી વધુ સમય સુધી કેનેડિયન સશસ્ત્ર દળોમાં કુવૈત, બે વાર અફઘાનિસ્તાન, ગોલાન હાઈટ્સ, હૈતી અને બોસ્નિયામાં પ્રવાસ કરીને આપણા દેશની સેવા કરી છે. હવે તેમને મદદ કરવાનો આપણો વારો છે.

# ભાડાના દર નક્કી કરવા માટે AI મદદ કરી શકે ? બ્યુરો દ્વારા તપાસ



ટોરોન્ટો : કેનેડાનો કોમ્પિટિશન બ્યુરો દેશભરમાં ભાડાના દરોને ટ્રેક કરવામાં અને સેટ કરવામાં AIની સંભવિત ભૂમિકાની તપાસ કરી રહ્યો છે. દેશમાં ભાડુઆતોએ ભાડા હડતાળ શરૂ કરી કે તરત જ, તમે જાણો છો, કેટલાક ભાડા સ્થિર રહ્યા હતા. તો કેટલાક પાછળ ધકેલાઈ રહ્યા હતા. તેથી મેં દેશભરના ભાડુઆતો સાથે વાત કરવાનું શરૂ કર્યું બકુ, એમ પોર્ટ મૂડી-કોક્વિટલામના સાંસદ બોનિતા ઝારિલોએ મીડિયા સમક્ષ જણાવ્યુ હતુ. તેમણે વધુમાં ઉમેર્યું કે, ગયા ઓગસ્ટમાં યુ.એસ. ન્યાયવિભાગે રિયલ એસ્ટેટ કંપની રીઅલપેજ ઈન્ક., જે યિલ્ડસ્ટારની માલિકી ધરાવે છે, તેની સામે દાવો દાખલ કર્યો હતો. જેમાં એક ગેરકાયદેસર યોજનાનો આરોપ મૂક્યો હતો, જે મકાનમાલિકોને ભાડાના ભાવ વધારવા માટે સંકલન કરવાની મંજૂરી આપે છે.

દાવામાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, કંપની તેના અલ્ગોરિધમ દ્વારા એન્ટિટ્રસ્ટ કાયદાઓનું ઉલ્લંઘન કરી રહી છે, જેનો ઉપયોગ મકાનમાલિકો દેશભરમાં લાખો એપાર્ટમેન્ટ માટે ભલામણ કરેલ ભાડાના ભાવ મેળવવા માટે કરે છે. ઝરિલોએ કહ્યું કે તે જ કંપનીઓ કેનેડામાં કાર્યરત છે. ગયા પાનખરમાં તેમણે આ મુદ્દા પર સંસદમાં તપાસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ તે પ્રથમ વાંચન પસાર થયું ન હતું. સ્પર્ધા બ્યુરોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તપાસની વિગતો ખાનગી રાખવી જોઈએ. સ્પર્ધા કાયદાનું ઉલ્લંઘન થયું છે કે કેમ તે અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા બ્યુરોએ કોઈપણ મુદ્દા સંબંધિત તથ્યોની સંપૂર્ણ અને સંપૂર્ણ તપાસ કરવી જોઈએ. તેથી તમારા વસ્તી વિષયક, તમારી આવક વિશે, ચોક્કસ ઈમારતો અને પડોશના ભાવો વિશે વ્યક્તિગત ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે. તે ફક્ત તે બધા ડેટાને એકીકૃત કરવાની ક્ષમતા છે. જેથી શ્રેષ્ઠ ભાડૂતો અને સૌથી વધુ કિંમત બહાર નીકળી શકે.






# ભોળાનાથને પ્રસન્ન કરવાનું પર્વ મહાશિવરાત્રિ

મહાશિવરાત્રિના દિવસે શિવજીને પ્રસન્ન કરવા માટે ભાંગ અને ધતૂરો ચઢાવવામાં આવે છે. આ દિવસે માટીના વાસણમાં પાણી ભરીને શિવલિંગ પર અભિષેક કરવો જોઈએ તથા બીલીપત્ર, આકડા-ધતૂરાનું ફૂલ, ચોખા વગેરે શિવલિંગ પર ચઢાવવામાં આવે છે. જો નજીકમાં ક્યાંય શિવાલય ન હોય તો માટીનું શિવલિંગ બનાવીને તેનું પૂજન કરવાનું વિધાન છે. મહાશિવરાત્રિના દિવસે રાત્રિના સમયે શિવપુરાણ સાંભળવું જોઈએ. તેઓ અર્ધનારીશ્વર હોવા છતાં કામજિત છે. ગૃહસ્થ હોવા છતાં પણ સ્મશાનવાસી અને વૈરાગી છે. સૌમ્ય હોવા છતાં પણ ભયંકર રુદ્ર છે.

## મહાશિવરાત્રિની કથા

મહાશિવરાત્રિના દિવસે શિવજીનું વ્રત રાખવામાં આવે છે. તેમની વિશેષ પૂજા કરવામાં આવે છે. ધર્મગ્રંથો પ્રમાણે કથા આ પ્રમાણે છે.

વારાણસી નગરીમાં એક પારધી રહેતો હતો. તેનું નામ ગુરુદ્રુહ હતું. વનનાં પ્રાણીઓનો શિકાર કરીને તે પોતાના ઘરનું ભરણ-પોષણ કરતો હતો. એક દિવસ શિકાર માટે વનમાં ગયો. આખા દિવસ દરમિયાન કોઈ શિકાર ન મળ્યો અને રાત થઈ ગઈ. તેણે નજીકમાં સરોવર જોઈને વિચાર્યું કે કોઈ ને કોઈ પ્રાણી અહીં પાણી પીવા જરૂર આવશે ત્યારે તેનો શિકાર કરીશ. આમ વિચારી પાણીનું પાત્ર ભરીને તે એક વૃક્ષ પર ચઢી ગયો. તે વૃક્ષ બીલીપત્રનું હતું અને નીચે એક શિવલિંગ હતું. તેણે શિકારની રાહ જોતાં સમય પસાર કરવા વૃક્ષ પરથી બીલીપત્ર તોડીને નીચે શિવલિંગ પર નાખ્યાં.

થોડીવાર પછી એક મૃગલી પાણી પીવા આવી. પારધીએ તેને મારવા માટે ધનુષ પર તીર ચઢાવ્યું. આ દરમિયાન બીલી વૃક્ષનાં પાન શિવલિંગ પર પડ્યાં. આ રીતે રાત્રિના પહેલા પ્રહરમાં અજાણતાં જ શિવપૂજા થઈ ગઈ. મૃગલીએ પારધીને જોઈ લીધો અને તે કહેવા લાગી કે, 'મારાં બાળકો મારી રાહ જોઈ રહ્યાં છે. હું તેમને મળીને તરત જ પાછી આવી જઈશ, માટે મને અત્યારે ન મારશો.' પારધીને મૃગલી પર દયા આવી અને તેને વચન પર મુક્ત કરી. થોડીવાર પછી મૃગલીને શોધવા માટે ત્યાં એક મૃગલો આવ્યો. તેને મારવા માટે પારધીએ ધનુષ પર બાણ ચઢાવ્યું. જેથી રાત્રિના બીજા પ્રહરમાં બીલીનાં કેટલાંક પાન શિવલિંગ પર પડ્યાં. મૃગલો પણ પારધીને જોઈ ગયો. તેણે પારધીને આજીજી કરી કે, 'હું મારાં બાળકો અને પત્નીને મળીને સીધો અહીં જ આવીશ, પછી તમે મારો શિકાર કરજો.' પારધીએ મૃગલાના વચન પર વિશ્વાસ કરીને તેને પણ જવા દીધો. તે મૃગલી અને મૃગલાની રાહ જોઈ રહ્યો હતો તેવામાં જ મૃગનાં બે બચ્ચાં ત્યાં પોતાનાં માતા-પિતાને શોધવા આવ્યાં. પારધીએ ફરી ધનુષ પર બાણ ચઢાવ્યું. વૃક્ષ પરથી શિવલિંગ પર બીલીપત્રો પડ્યાં અને ત્રીજા પ્રહરની શિવપૂજા થઈ ગઈ. મૃગનાં બચ્ચાંઓએ પણ પારધીને વિનંતી કરી કે, 'અમારાં મા-બાપ અમને શોધી રહ્યાં હશે. અમે નહીં મળીએ તો તેઓ વિહ્વળ બની જશે, તેથી અમને જવા દો. માતા-પિતાને મળીને અમે અહીં જ આવશું. પછી અમારો શિકાર કરજો.' પારધીએ મૃગનાં બચ્ચાંઓને પણ વચન પર મુક્ત કર્યાં. જ્યારે મૃગ પરિવાર મળ્યો ત્યારે બધાએ શિકારીને આપેલા વચનની વાત એકબીજાને કરી. એકબીજાને મળી લીધા પછી આખો મૃગ પરિવાર પોતાનું વચન પાળવા માટે તે શિકારી પાસે ગયો. શિકાર માટે આટલાં બધાં મૃગ જોઈને તે ખુશ થઈ ગયો. તેણે ફરીથી ધનુષ પર બાણ ચઢાવ્યું અને બીલીપત્રો ફરી શિવલિંગ પર પડ્યાં. આ રીતે ચોથા પ્રહરની પૂજા પણ થઈ ગઈ. આ રીતે ગુરુદ્રુહ પારધી આખો દિવસ ભૂખ્યો રહ્યો, જેથી ઉપવાસ થઈ ગયો. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન તેના પાણી ભરેલા પાત્રમાંથી થોડું થોડું જળ પણ શિવલિંગ પર પડ્યા કરતું હતું, જેથી શિવલિંગ પર જળાભિષેક થઈ ગયો. ચાર પ્રહરમાં અજાણતાં જ બીલીપત્ર શિવલિંગ પર પડવાથી શિવજીની પૂજા થઈ ગઈ. શિકારની રાહ જોવામાં રાત્રિ જાગરણ પણ થઈ ગયું.

આ રીતે અજાણતાં પણ પારધીએ મહાશિવરાત્રિનું વ્રત કર્યું. તેના પ્રભાવથી તેનાં બધાં જ પાપ ભસ્મ થઈ ગયાં. તેનામાં પુણ્યોદય થતાં જ તેણે મૃગ પરિવારને મારવાનો વિચાર ત્યાગી દીધો. તે જ સમયે શિવલિંગમાંથી ભગવાન શંકર પ્રગટ થયા અને તેમણે ગુરુદ્રુહને વરદાન આપ્યું કે, 'ત્રેતાયુગમાં ભગવાન રામ તારા આંગણે આવશે અને તારી સાથે મિત્રતા કરશે, ત્યારે તને મોક્ષ પ્રાપ્ત થશે.'

## મહાશિવરાત્રિનું મહત્ત્વ

શિવપુરાણમાં વર્ણન છે કે શિવજીના નિરાકાર સ્વરૂપનું પ્રતીક શિવલિંગ મહા વદ ચૌદશ તિથિ એટલે કે મહાશિવરાત્રિએ મહાનિશામાં પ્રગટ થયું હતું. આ શિવલિંગનું સૌથી પહેલું પૂજન બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ દ્વારા કરવામાં આવ્યું હતું. આ જ કારણસર આ તિથિ મહાશિવરાત્રિના નામથી પ્રસિદ્ધ છે. પ્રાચીન કથાઓ અનુસાર મહાશિવરાત્રિના દિવસે જ ભોળાનાથ શંકર અને માતા પાર્વતીના વિવાહ થયા હતા. નર, ઋષિ-મુનિ, ભૂત-પિશાચ, અસુર ગણો સાથે જાન લઈને શિવજી માતા પાર્વતી સાથે વિવાહ કરવા ગયા હતા. શિવજીની દૃષ્ટિમાં સારા અને ખરાબ બંને પ્રકારના લોકો સમાન હતા. તેઓ તો તેને પણ પ્રેમ કરે છે જેનો સમાજે બહિષ્કાર કર્યો છે. મહાશિવરાત્રિના દિવસે ભગવાન શંકર પર જે બીલીપત્ર અને ભાંગ ચઢે છે તે શિવજીની એકસમ ભાવનાને જ દર્શાવે છે. ભોળાનાથ એવો સંદેશ આપે છે કે, 'જે મને સમર્પિત છે, હું તેનો થઈ જાઉં છું.' ભોળાનાથના વિવાહ મહાશિવરાત્રિના દિવસે થયા હોવાથી તેના ઉત્સવના ભાગરૂપ રાત્રે શિવજીની જાન કાઢવામાં આવે છે. એ દિવસે શિવ-પાર્વતીનું પૂજન કરવામાં આવે છે. બીજા દિવસે સવારે જવ, તલ, ખીર અને બીલીપત્રથી કરવામાં આવે છે.

## મહાશિવરાત્રિનો વ્રત મહિમા

■ સ્કંદ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે, 'હે દેવી, જે પણ ભક્ત શિવરાત્રિના દિવસે ઉપવાસ કરે છે, તેનો ક્યારેય ક્ષય થતો નથી અને હું તેને મારો દિવ્ય ગણ બનાવું છું. તે બધા જ મહાભોગો ભોગવીને છેલ્લે મોક્ષ પામે છે.' ■ ઈશાન સંહિતા અનુસાર મહાશિવરાત્રિ અને દરેક શિવરાત્રિનું વ્રત તમામ પ્રકારનાં પાપોનું શમન કરે છે. તે મનુષ્યનાં બારથી ચોવીસ વર્ષોનાં પાપોનો નાશ કરે છે. આ વ્રત મનુષ્યોને ભક્તિ-મુક્તિ આપનારું છે. જે પણ વ્યક્તિ મહાશિવરાત્રિના દિવસે અખંડિત વ્રત કરે છે, તેની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય શાસ્ત્રોમાં મહાશિવરાત્રિનું વ્રત 'વ્રતરાજ'ના નામથી વિખ્યાત છે અને ચારેય પુરુષાર્થો આપનારું કહેવાયું છે.

## શિવલિંગના વિવિધ પ્રકાર

■ **ફૂલનું શિવલિંગ :** ઘણા મંદિરમાં ફૂલથી શિવલિંગ બનાવવામાં આવે છે અને ભક્તો તેની પૂજા કરે છે. ફૂલના શિવલિંગની પૂજા કરવાથી ભૂમિ,ભવનની પ્રાપ્તિ થાય છે.

■ **ચાંદીનું શિવલિંગ :** કોઈ વ્યક્તિ ચાંદીના શિવલિંગની પૂજા કરે તો તેને પિતૃદોષથી મુક્તિ મળે છે. ચાંદીનો શિવલિંગનો અભિષેક કરવાથી પિતૃઓને મુક્તિ પ્રાપ્ત થાય.

■ **સ્ફટિકનું શિવલિંગ :** સ્ફટિકથી બનેલા શિવલિંગ પર અભિષેક કરવાથી વ્યક્તિની બધી જ મનોકામના પૂર્ણ થાય છે. જો તમારે મનમાં કોઈ ઈચ્છા હોય અને તે પૂરી થતી ન હોય તો તમે સ્ફટિકના શિવલિંગની પૂજા કરી શકો છો.

■ **કાંસ્ય શિવલિંગ :** આ શિવલિંગનો અભિષેક કરવાથી વ્યક્તિને યશ, કીર્તિ પ્રાપ્ત થાય છે. તેનાથી વ્યક્તિને સમાજમાં માન અને પ્રશંસા પ્રાપ્ત થાય છે.

■ **પિત્તળનું શિવલિંગ :** જો તમે સમસ્યાથી પરેશાન છો તો પિત્તળથી બનેલા શિવલિંગનો અભિષેક કરો. તેનાથી સમસ્યાથી મુક્તિ મળશે અને સુખ પ્રાપ્ત થશે.

■ **પારદ શિવલિંગ :** પારદ શિવલિંગનો અભિષેક કરવો અને પૂજા કરવી સૌથી ઉત્તમ માનવામાં આવે છે. કહેવાય છે કે આ શિવલિંગના દર્શન માત્રથી જ વ્યક્તિ સૌભાગ્યશાળી બની જાય છે.



# ચહેરાના ડાઘ છુપાવે કન્સીલર

ડાઘ, ધબ્બા વગરની ત્વચા કોને ન ગમે? પરંતુ બધાની સ્કિન એક સમાન હોતી નથી. ખીલને લીધે ઘણી વખત ચહેરા પર ડાઘ ધબ્બા રહી જાય છે. ડાર્ક સર્કલને કારણે પણ ચહેરો નિસ્તેજ લાગે છે. આ ઉપરાંત બર્થ માર્ક્સ, સન ટેન, પિગ્મેન્ટેશનને કારણે ચહેરા પર ધબ્બા દેખાવા લાગે છે. એનાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થવો એ સામાન્ય છે. માર્કેટમાં મળતાં કન્સીલરના યોગ્ય ઉપયોગથી ડાઘ ધબ્બાને સરળતાથી છુપાવી શકાય છે અને આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરી શકાય છે. કન્સીલર પણ વિવિધ પ્રકારના આવે છે, જે અંગે જાણીએ.

### લિક્વિડ કન્સીલર

આ કન્સીલરનું ટેક્સચર લિક્વિડ હોય છે. તે સરળતાથી આપણી ત્વચામાં બ્લેન્ડ થઈ જાય છે. લિક્વિડ કન્સીલર લાઇટવેટ પણ હોય છે. લિક્વિડ હોવાને કારણે તે ત્વચામાં સરળતાથી શોષાઈ જાય છે. ડ્રાય ટુ કોમ્બિનેશન સ્કિનવાળા માટે લિક્વિડ કન્સીલર બેસ્ટ છે, કારણ કે તે શુષ્ક ત્વચામાં નમી પ્રદાન કરે છે.

### ક્રીમ કન્સીલર

કન્સીલરનું ટેક્સચર ક્રીમી હોય છે. ક્રીમી હોવાને કારણે એ આપણા ચહેરાના ડાઘને સારી રીતે કવર કરવામાં મદદ કરે છે. ક્રીમ કન્સીલરને ઓઇલી ટુ નોર્મલ સ્કિન ધરાવતી યુવતીઓ ઉપયોગમાં લઈ શકે છે.

### પેન કન્સીલર

ડાઘ, ધબ્બા, ખીલ, કાળાં કૂંડાળાંને છુપાવવા માટે સૌથી બેસ્ટ છે. કન્સીલરને લગાવવું એકદમ સરળ છે. સાઇઝમાં નાનું હોવાથી તેને ગમે ત્યાં કેરી કરી શકાય છે.



### યોગ્ય રંગની પસંદગી

આંખ નીચેના કાળા ડાઘને દૂર કરવા માટે કન્સીલરના બે શેડ્સની જરૂર પડી શકે છે. ફક્ત પીચ શેડ લગાવવાથી આંખ થાકેલી દેખાશે. તેથી એના ઉપર એક પરત ત્વચાના રંગથી એક શેડ હળવું કન્સીલર લગાવો અને સારી રીતે બ્લેન્ડ કરો. ડાઘ, ધબ્બા માટે ત્વચાની રંગત સાથે એકદમ મેળ ખાતા હોય એવા કન્સીલરની પસંદગી કરો. યોગ્ય કલર મેચિંગ માટે ઘણા બધા શેડ્સવાળી કન્સીલર પ્લેટ લો, જરૂર પડે ત્યારે એકબીજાની સાથે બ્લેન્ડ પણ કરી શકો છો.

### કેવી રીતે લગાવશો?

સૌથી પહેલાં મોઇશ્ચરાઇઝરથી તમારી ત્વચાને હાઇડ્રેટ કરી લો. પાંચ મિનિટ પછી ચહેરા પર ક્લીયર પ્રાઇમર લગાવો. પ્રાઇમર કન્સીલરને સ્મૂધ કરે છે અને લાંબા સમય સુધી ટકી રહે છે. પછી નાના બ્રિસલવાળા બ્રશથી કન્સીલર લગાવો. એ પછી સ્પોન્જથી થપથપાવીને બરાબર કરો. સ્કિન સાથે મેચ થઈ જાય એ પછી કોમ્પેક્ટ પાઉડર લગાવો. કલરલેસ પાઉડરથી હળવા હાથે ડસ્ટિંગ કરવાથી કન્સીલર કેક જેવું નથી લાગતું. સ્મૂધ સ્કિન લુક આપવા માટે નોઝ બ્રિજ અને આંખની બહારના ખૂણામાં કન્સીલર લગાવવાનું ન ભૂલો. કન્સીલર લગાવ્યા પછી પણ આંખની નીચે કાળા ધબ્બા દેખાય તો થોડું ઓરેન્જ કન્સીલર લગાવો. મેકઅપ હટાવવા માટે સાબુ કે પાણીનો ઉપયોગ ન કરો, ઓઇલયુક્ત રિમૂવરનો ઉપયોગ કરો અને એ પછી તેલ રહિત ફેસ ક્લીન્ઝર લગાવો.

# ગુજરાતમાં 25 ટકા ગુનાઓ ચાર મહાનગરોમાં બન્યાં

## એનાલિસિસ પછી ડીજીપી વિકાસ સહાયે ફિઝીકલ ક્રાઈમ રોકવા માટે 'SHASHTRA' પ્રોજેક્ટ લાગુ કર્યો

**ગાંધીનગર**

આધુનિક ટેકનોલોજી અને સોફ્ટવેરની મદદ લઈને ગુજરાત પોલીસ રાજ્યની સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવા પ્રયાસ કઈ (Gujarat Police) રહી છે. ગુજરાત પોલીસ e-GujCop ના ડેટાનો અભ્યાસ કરીને ફિઝીકલ ક્રાઈમ હોટ સ્પોટનું એનાલિસિસ કરે છે. એનાલિસિસના તારણો મુજબ રાજ્યના 4 મુખ્ય કમિશનરેટ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના 33 એવા પોલીસ સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે, જ્યાં સાંજે 6 વાગ્યાથી મધ્યરાત્રિના 12 વાગ્યા દરમિયાન વધુ ફિઝીકલ ક્રાઈમ થઈ રહ્યા છે.ગુજરાત ટ્રાવેલ ગાઈડ

ગુજરાત પોલીસે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બનેલા ફિઝીકલ ક્રાઈમનું એનાલિસિસ કરતા જાણવા મળ્યું કે




સમગ્ર રાજ્યમાં થયેલા કુલ ફિઝીકલ ક્રાઈમમાંથી આશરે 25 ટકા ગુનાઓ ચાર મહાનગરોમાં થયા છે. તારણોમાં એવું પણ જોવા મળ્યું છે કે 45 ટકા ગુનાઓ સાંજે 6 વાગ્યાથી મધ્યરાત્રિના 12 વાગ્યાની વચ્ચે થયા છે. તારણોમાં એ પણ જાણવા મળ્યું કે અમદાવાદના 50 પોલીસ સ્ટેશનોમાંથી 12 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 50 ટકાથી વધુ ફિઝીકલ ક્રાઈમના કેસ નોંધાયા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સુરતના 33 પોલીસ સ્ટેશનોમાંથી 9, વડોદરાના 27 પોલીસ સ્ટેશનોમાંથી 7 અને રાજકોટના 15 પોલીસ સ્ટેશનોમાંથી 5માં 50 ટકાથી વધુ ગુનાઓ નોંધાઈ રહ્યા છે.

ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનાલિસિસ પછી ડીજીપી વિકાસ સહાયે ફિઝીકલ ક્રાઈમ રોકવા માટે ચાર મહાનગરોના 33 પોલીસ સ્ટેશનોમાં 'SHASTRA' પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. આમાં 'ઈવનિંગ પોલીસિંગ' પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

# ડિપોર્ટ કરાયેલા લોકોને હથકડી પહેરાવી એ સમગ્ર ભારત દેશનું અપમાન : ચાવડા

## વડાપ્રધાને ભારતીયોના અપમાન બાબતે એક શબ્દ પણ નથી ઉચ્ચાર્યો

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ આજે 19 ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં વિધાનસભાની બહાર દેખાવ કર્યો હતો. ધારાસભ્યોએ હથકડી અને સાંકળ લગાવીને અમેરિકાથી ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને પરત મોકલવાની પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભાની બહાર ભેગા થઈ 'ભારતીયો કા યે અપમાન, નહીં સહેગા હિન્દુસ્તાન'ના નારા લગાવ્યા હતા. આ દરમિયાન અમિત ચાવડાએ કહ્યું કે, 'વડાપ્રધાને ભારતીયોના અપમાન બાબતે એક શબ્દ પણ નથી ઉચ્ચાર્યો. ટ્રમ્પ સરકાર દ્વારા જે રીતે હથકડીઓ પહેરાવી અપમાન કરાયું છે એનો જવાબ હિન્દુસ્તાનની જનતા, ગુજરાતની જનતા રાજ્ય અને



કેન્દ્ર સરકાર પાસે માગી રહી છે.' વિધાનસભામાં અમિત ચાવડા, જીગ્નેશ મેવાણી અને શૈલેષ પરમાર સહિતના કોંગ્રેસ ધારાસભ્યોએ કાળા રંગના પોસ્ટર પહેરી તેમાં વિવિધ નારા લખી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સિવાય તેઓએ પોતાના હાથે હથકડી બાંધી હતી અને ડિપોર્ટેશન વખતે ભારતીયોને બાંધવામાં આવેલી હથકડીનો વિરોધ કર્યો હતો.

# રાજકોટ હોસ્પિટલમાં મહિલાઓના અંગત વીડિયો વેચવાનું કૌભાંડ

**અમદાવાદ**

રાજકોટના રૈયા સર્કલ નજીક આવેલી પાયલ મેટરનીટી હોસ્પિટલમાં મહિલાઓની સારવાર કરતા હોય તેવા અંગત વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાના કેસમાં અમદાવાદ સાયબર ક્રાઈમે કાર્યવાહી કરીને મહારાષ્ટ્રથી બે અને ઉત્તર પ્રદેશથી એક આરોપીની ધરપકડ કરી છે. આ કેસ અંગે સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલે પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી હતી. રાજકોટની પાયલ મેટરનીટી હોસ્પિટલમાં મહિલાઓની સારવાર કરતા હોય તેવા અંગત વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાના કેસમાં મામલે JCP શરદ સિંઘલ દ્વારા પ્રેસ-કોન્ફરન્સ યોજવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કેસની તપાસમાં રાજકોટ ક્રાઈમની ઘણી મહત્ત્વની મદદ મળી છે. આ મામલે ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેમાં લાતૂરના રહેવાસી પ્રજ્વલ અશોક તૈલી, સાંગલીના રહેવાસી પ્રજ રાજેન્દ્ર પાટીલ તેમજ પ્રયાગરાજના રહેવાસી ચંદ્રપ્રકાશ ફૂલચંદનો સમાવેશ થાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે રાજકોટની જે હોસ્પિટલમાં સીસીટીવી યુટ્યૂબ ચેનલમાં અપલોડ કરવામાં આવ્યા હતા એ સીસીટીવી કેમેરાના આઈપીના આધારે ફૂટેજ હેક કરવામાં આવ્યા હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

# ખ્યાતિકાંડ અંગે મેડિકલ કાઉન્સિલનો નિર્ણય, બે ડોક્ટરના લાઈસન્સ સસ્પેન્ડ

**અમદાવાદ**

ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં સામેલ ડૉ. સંજય પટોળિયા અને ડૉ. શૈલેષ આનંદનું તબીબ તરીકેનું લાયસન્સ 3 વર્ષ માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા સસ્પેન્ડ કરી દેવાયું છે. અગાઉ ડો. પ્રશાંત વજીરાણીને પણ સસ્પેન્ડ કરાયા હતા.

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની સારવારમાં બેદરકારી સામે આવ્યાના 3 મહિના અને તે મામલે ધરપકડ થયા ને 2 મહિના બાદ આખરે ગુજરાત મેડિકલ કાઉન્સિલ જાગ્યું છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલની જનરલ બોડી મીટિંગ ડો. નીતિન વોરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ કાંડ સાથે સંકળાયેલા ડો. સંજય મુળજીભાઈ પટોળિયા (એમબીબીએસ- એમ.એસ. સર્જરી), ડો. શૈલેષકુમાર અમૃતલાલ આનંદ (એમબીબીએસ-ડી.સી.એમ.)નું લાઈસન્સ 3 વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો. ગુજરાત મેડિકલ કાઉન્સિલના પાસેથી પ્રાપ્ત માહિતી અનુસારક, આ મામલે અત્યાર સુધીમાં ડો પ્રશાંત વજીરાણીનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો પટોળિયા અને ડા આનંદની સંડોવણી પણ બહાર આવી હતી.

# રાજકોટમાં દુષ્કર્મની પીડિતા વિદ્યાર્થીનીને સાવકા પિતાએ પણ હવસનો શિકાર બનાવી

## માતાએ પણ મોટું બંધ રાખવા કહ્યું : વિદ્યાર્થીનીએ પોલીસને આપવીતી જણાવી

**રાજકોટ**

રાજકોટમાં વેલેન્ટાઈન ડેના દિવસે ધો. 9ની છાત્રા ઉપર ધો. 11ના છાત્રએ કારમાં દુષ્કર્મ ગુજાર્યાની વાલી જગત માટે લાલબત્તીરૂપ ઘટનામાં એવો ચોંકાવનારો ખુલાસો થયો છે કે ભોગ બનનાર છાત્રા ઉપર તેના સાવકા પિતાએ પણ દુષ્કર્મ ગુજાર્યું હતું. એટલું જ નહીં સાવકા પિતાના મિત્રએ બિભત્સ માગણી કરી હતી. ભોગ બનનાર છાત્રાની માતાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેણે પુત્રીને ચૂપ રહેવાની ધમકી આપી હતી. આ ઘટસ્ફોટ બાદ ગાંધીગ્રામ પોલીસે ભોગ બનનાર છાત્રાની ફરિયાદ પરથી તેના સાવકા પિતા, તેના મિત્ર અને માતા સામે દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ તરફથી પ્રાપ્ત વિગતો મુજબ ભોગ બનનાર છાત્રા ઉપર છાત્રએ દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાયા બાદ નિયમ મુજબ ભોગ બનનાર છાત્રાને મહિલા પોલીસ મેડીકલ કરાવવા માટે લઈ જતી હતી ત્યારે રસ્તામાં ભોગ બનનાર છાત્રાએ તેને પોતાની ઉપર પિતાએ પણ દુષ્કર્મ ગુજાર્યાની રજૂઆત કરી હતી. જેથી મહિલા પોલીસે ગાંધીગ્રામના પીઆઈ એસ.આર. મેઘાણીને આ વાત કરતાં તેણે ભોગ બનનાર છાત્રાને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરી હતી.

જેમાં ભોગ બનનાર છાત્રાએ જણાવ્યું હતું કે સાવકા પિતાએ તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેને કારણે રક્તસ્ત્રાવ થતાં સાવકા પિતાએ માતાને પિરિયડને કારણે રક્તસ્ત્રાવ થયાનું કહેવા ધમકી આપી હતી.

# અમદાવાદના યુવકે લગ્નની લાલચે 12 વધુ યુવતીઓને જાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

**અમદાવાદ**

મેટ્રિમોનિઅલ સાઈટ દ્વારા પરિચય કેળવી લગ્નની લાલચે 12થી વધુ યુવતીઓને ફસાવી તેમની સાથે બળાત્કાર કરવાના આરોપસર મુંબઈ નજીકના વસઈ વિસ્તારની વાલીવ પોલીસે અમદાવાદના હિમાંશુ પંચાલ નામના યુવકની ધરપકડ કરી છે. હિમાંશુ પોતે ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી હોવાની ખોટી ઓળખ આપી આ યુવક યુવતીઓને ફસાવતો હતો. તે યુવતીઓ સાથે આર્થિક છેતરપિંડી પણ કરતો હતો. આ યુવક દ્વારા છેતરપિંડી તથા બળાત્કારનો ભોગ બનેલી યુવતીઓની સંખ્યા હજુ પણ વધારે હોઈ શકે છે તેવી આશંકાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. પાંચ-પાંચ આઈફોન, ફાંકડું અંગ્રેજી બોલતો હોવાથી યુવતીઓ ભોળવાઈ જતી હતી અમદાવાદના 26 વર્ષના હિમાંશુ યોગેશભાઈ પંચાલે એક મેટ્રિમોનિઅલ સાઈટ પર પોતાની ફેક પ્રોફાઈલ બનાવી હતી. તેમાં તેણ પોતે ક્રાઈમ બ્રાન્ચના સાયબર વિભાગના અધિકારી હોવાનો ડોળ કર્યો હતો. તેણે તેમાં લખ્યું હતું કે, ખાનદાની શ્રીમંત હોવાની સાથે મોટો પગાર, તથા અનેક મિલ્કતો પણ ધરાવે છે. પોલીસના ચોપડે તેનું સરનામું જનકપુર, આરટીઓ સામે, અમદાવાદ એવું દર્શાવાયું છે.

આ પ્રોફાઈલ દ્વારા તે અનેક યુવતીઓનો સંપર્ક કરતો હતો. તે યુવતીઓને ફોસલાવી ભોળવીને વસઈ, મુંબઈ વિસ્તારની લોજમાં તેમને મળવા બોલાવતો હતો. ત્યાં હિમાંશુ યુવતીઓને પ્રભાવિત કરીને લગ્નની લાલચ આપતો હતો. તે છોકરીઓને નકલી હીરાના દાગીના ગિફ્ટ કરતો હતો. તે યુવતીઓને પ્રથમ મુલાકાતમાં જ શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હતો. એ બાદમાં તે યુવતીઓ પાસેથી અલગ-અલગ કારણો આપી પૈસા પડાવતો હતો.યુવતીઓ સાથે સંબંધ બાંધીને તે ફરાર થઈ જતો હતો.

# લગ્નપ્રસંગમાંથી પરત ફરતાં સોનગઢના પરિવારને અકસ્માત નડ્યો, ચારનાં મોત

## એક જ પરિવારના ત્રણનાં મોતથી પરિવારજનોમાં શોક

**માંડવી**

સુરતના માંડવી પાસે આવેલા ગામતળાવ ખુર્દ ગામની સીમમાં ભારત પેટ્રોલ પંપ નજીક ટ્રક અને બોલેરો પિકઅપ વચ્ચે અકસ્માત થતાં સોનગઢના નીંદવાડા ગામના ચારનાં ઘટના સ્થળે જ મોત થયાં હતાં. જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા. આ બોલેરો પિકઅપ ઉમરપાડાના ઉમરગોટ ગામે લગ્નપ્રસંગ પૂર્ણ કરી પરત ફરતી હતી. એ વેળા આ અકસ્માત થયો હતો. ટ્રક નં.(જીજે05-YY-6447) ના ચાલકે ટ્રક પૂરઝડપે હંકારતાં ઉમરપાડાના ઉમરગોટથી લગ્નપ્રસંગ પૂર્ણ કરી નિંદવાળા ગામે ઘરે પરત જતી વેળા મધરાત્રે 1.45ના અરસામાં બોલેરો પિકઅપને એડફેટે લીધી હતી. અકસ્માતમાં પિકઅપમાં સવાર ચાર જણાંનાં ઘટના સ્થળે જ મોત થયાં હતાં. એક જ કુટુંબના ૩ સહિતના જનાં મોતથી નીંદવાડા ગામમાં શોકનો માહોલ છવાયો ગયો હતો. એક જ કુટુંબના બસ સ્ટેન્ડ ફળિયાના કુમનાભાઈ વસાવા, ગુલાબભાઈ વસાવા, તાપી ફળિયાનાં શારદાબેન વસાવાનાં મોત નીપજ્યાં હતાં. ગામના બસ સ્ટેન્ડ ફળિયાનાં ગામુબેન વસાવાનું પણ મોત થયું હતું.

# દ.ગુ.ની પાંચ નગરપાલિકામાં બહુમતી સાથે ભાજપનો વિજય

## કોંગ્રેસની બેઠકો તૂટી, આપનું ખાતું ખૂલ્યું નહી : કોંગ્રેસની બેઠકો ઘટી, આપનું ખાતું ખૂલ્યું નહી

વલસાડ

દક્ષિણ ગુજરાતની પાંચ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. તમામ નગરપાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. કોંગ્રેસની બેઠકો તૂટી છે જ્યારે આમ આદમી પાર્ટીનું ક્યાંય ખાતું ખૂલ્યું નથી.



દક્ષિણ ગુજરાતમાં પાંચ નગરપાલિકાની ચૂંટણીના પરિણામ

| નગરપાલિકા | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| વલસાડ | 41 | 41 | 01 | 02 (અપક્ષ) |
| ધરમપુર | 24 | 20 | 00 | 04 (અપક્ષ) |
| પારડી | 28 | 22 | 05 | 01 (અપક્ષ) |
| બીલીમોરા | 36 | 29 | 02 | 05 (અપક્ષ) |
| સોનગઢ | 28 | 26 | 02 | 00 |

વલસાડમાં ભાજપે 44 પૈકી 41 બેઠક પર વિજય મેળવ્યો છે. વોર્ડ નં-3,4ની તમામ આઠ બેઠકો મેળવીને કોંગ્રેસના સૂપડા સફા કરી નાંખ્યા છે. ભાજપના સાત ઉમેદવારો બિનહરીફ વિજેતા બન્યા હતા. જ્યારે ધરમપુરમાં 24 બેઠકો પૈકી 20 બેઠકો ભાજપે મેળવી છે. અહી ચાર બેઠક અપક્ષે મેળવી છે. કોંગ્રેસને એકેય બેઠક મળી નથી.

પારડી નગરપાલિકાની 24 બેઠકો પૈકી 22 બેઠકો પર વિજય સાથે ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે. ગત ચૂંટણી કરતા ભાજપને 8 બેઠક વધુ જ્યારે કોંગ્રેસને 9 બેઠક ગુમાવવી પડી છે. એક બેઠક પર અપક્ષ વિજેતા બન્યા છે. ભાજપના ચાર અસંતુષ્ટો પૈકી અપક્ષ તરીકે ઝંપલાવનાર એક નેતા જીજ્ઞેશ આહીર વિજેતા બન્યા છે. બીલીમોરા નગરપાલિકાની 36 પૈકી 29 બેઠકો પર ભાજપે વિજય સાથે ફરી સત્તા કબજે કરી છે. જોકે ચૂંટણીમાં ભાજપના ત્રણ પૂર્વ પ્રમુખ વિપુલાબેન મિસ્ત્રી, અશોક પટેલ અને સંધ્યાબેન પટેલ હાર્યા છે. જ્યારે પૂર્વ પ્રમુખ રામજીભાઈ પટેલ, મનીષચંદ્ર નાયક જીત્યા છે. કોંગ્રેસને બે બેઠક જ્યારે અપક્ષ પાંચ બેઠક પર જીત્યા છે.સોનગઢ નગરપાલિકાની 28 પૈકી 26 બેઠક પર ભાજપે જીત મેળવી છે. કોંગ્રેસને બે બેઠક મળી છે. જ્યારે આપનું ખાતું પણ ખૂલ્યું નથી. પાંચ બેઠક પર ભાજપ બિનહરીફ વિજેતા બન્યો છે.

# વાંકલ નજીક છરીના ઉપરાઉપરી ઘા ઝીંકી કોલેજિયન યુવતીની પ્રેમી દ્વારા ઘાતકી હત્યા

» હત્યા બાદ સનકી યુવકે પોતાના ગળા પર પણ ચપ્પુ ફેરવી દીધું

સુરત : માંગરોળના બોરિયા ગામે વચલા ફળિયામાં રહેતી તેજસ્વિની વાંકલ કોલેજમાં મંગળવારે એન્યુઅલ ફંક્શન હોવાથી મોપેડ લઈ નીકળી હતી. જે બાદ ગણતરીના સમયમાં ચૌધરી પરિવારને મેસેજ મળ્યો હતો કે, તેજસ્વિની અને તેનો મિત્ર સુરેશ જોગી આંબાપારડીથી વાંકલ જતા રોડ પર એક ખેતર નજીક લોહીલુહાણ હાલતમાં પડયા છે. સ્થળ પર પહોંચેલી પોલીસે તપાસ કરતા તેજસ્વિનીના ગળા પર ચપ્પના ઘા ઝીંકાયેલા હતા અને તેનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું તો થોડા જ અંતરે સુરેશ પણ લોહીલુહાણ હાલતમાં તરફડિયા મારતો હતો. સુરેશ તેને ૧૦૮ની મદદથી વાંકલ પીએચસી કેન્દ્ર પર લઈ જવાયો હતો. પોલીસના કહેવા પ્રમાણે મૂળ નર્મદા જિલ્લાના ગરુડેશ્વરનો સુરેશ કાલીદાસ જોગી (ઉ.વ. ૨૧) ધો. ૧૨ સુધી તેજસ્વિની સાથે ભણ્યો હતો. બંને વચ્ચે મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હોવાનું કહેવાય છે. તેજસ્વિની સુરેશને મળવા એક્ટિવા પર ગઈ હતી. સુરેશ રસ્તામાં જ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ચપ્પુ સાથે લઈને આવ્યો હતો. તેણે આવેશમાં આવી તેજસ્વિનીના ગળા પર છરીના સંખ્યાબંધ ઘા મારી તેને મોતને ઘાટ ઉતારી હતી. સુરેશે પોતે પણ પણ ગળા પર ચપ્પુના ઘા મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

# કપરાડા : કોલક નદીમાં ન્હાવા જતાં 5 વિદ્યાર્થી ડૂબ્યાં, 4નાં મોત

દમણ

દમણ વિસ્તારમા રહેતા અને વાપીની કેબીએસ કોલેજમાં ત્રીજા વર્ષમાં ભણતા સાત યુવાનો ગઈકાલે મંગળવારે વલસાડ જિલ્લાના કપરાડાના રોહિયાળ તલાટ ગામે કોલક નદીમાં આવેલ પાંડવ કુંડ બે ઓટો રીક્ષામાં ફરવા ગયા હતા. તે દરમિયાન તમામ યુવાનો કોલક નદી કિનારે પહોંચ્યા હતા. જ્યાં બે યુવાનો ન્હાવા પડતા ડુબવા લાગતા રીક્ષા ચાલક સહિત ત્રણ યુવાનો બચાવવા પડયા હતા. પરંતુ પાંચેય યુવાનો નદીના પાણીમાં ગરક થઈ ગયા હતા. લોકોએ પાંચ યુવાનો ધનંજય લીલાધર ભોંગળે (રહે. સત્કાર બીલ્ડીંગ ડીમાર્ડની સામે સોમનાથ, ડાભેલ,દમણ), આલોક પ્રદિપ શાહે (ઉ.વ.19, રહે. દમણ), અનિકેલ સંજીવસીંગ જાતે સીંગ (ઉ.વ.22, રહે. ડાભેલ,, લક્ષ્મણપુરી અશોકપુરી ગોસ્વામી (ઉ.વ.22,રહે. ડાભેલ, ) અને રીક્ષા ચાલક દેવરાજ કેશવ વાનખેડેને બહાર કાઢ્યા હતા. તમામ યુવાનોને હોસ્પિટલમાં લઈ જવાતા ચાર વિદ્યાર્થીઓ ધનંજય ભોંગળે, આલોક શાહે, અનિકેલ સિંગ અને લક્ષ્મણપુરી ગૌસ્વામીને મૃત જાહેર કરાયા હતા.

# ગામના જ યુવાનોએ મોજશોખ પૂરા કરવા પોતાની જ કુળદેવીના મંદિરમાં ચોરી કરી

અંજારના સુગારીયા ગામના 6 મંદિરોના એક સાથે તાળાં તૂટયા

ગાંધીધામ

અંજારના સુગારિયામાં મંગળવારે રાત્રે બનેલા સામૂહિક મંદિર ચોરીના બનાવ અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. અજાણ્યા તસ્કરોએ જાડેજા પરિવારના કુળદેવી મોમાય માતાના મંદિર, તેની બાજુમાં આવેલા શિતળા માતાના મંદિર, મંરડ પરિવારના કુળદેવી મોમાય માતાના મંદિર, વાછરા દાદાના મંદિર, સુથાર પરિવારના ચામુંડા માતાના મંદિર અને ગામની ભાગોળે આવેલા મોમાય માના મંદિરમાં ચોરી કરી હતી. આ તમામ મંદિરોમાંથી તસ્કરોએ ચાંદીના ૫૯ છત્તર, સોનાના ૩ છત્તર અને બે હજારના વાસણો મળીને ૪૦ હજાર ૫૦૦ની કિંમતની ચીજવસ્તુ ચોરી કરી ગયાં હતા. આ બનાવ બન્યાના ગણતરીના જ કલાકોમાં આરોપીઓને ઝડપી લીધા હતા. આ અંગે અંજાર પોલીસના પી.આઈ. એ.આર. ગોહિલે માહિતી આપતા જણાવ્યુ હતું કે, સુગારીયા ગામમાં જ રહેતા ૨૮ વર્ષીય પુનિત શામજીભાઈ મરંડ અને ૩૧ વર્ષીય પ્રદીપસિંહ જયેન્દ્રસિંહ જાડેજાને પોલીસે ઝડપી લીધા છે અને મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે.

# રાજ્યની 6 કોલેજોમાં AI લેબ સ્થપાશે, 3 લાખ આવાસ બનાવાશે

શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે 30,325 કરોડ રૂપિયા ફાળવાયા

અમદાવાદ

નાણા મંત્રી કનુ દેસાઈ ગૃહમાં આજે વર્ષ 2025-26નું રાજ્ય સરકારનું બજેટ રજુ કર્યું છે. નાણામંત્રીએ બજેટ સ્પીચમાં કહ્યું કે, ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકાર આવાસ, અન્નસુરક્ષા, પોષણ વગેરેને અગ્રિમતા આપે છે. ગરીબ- મધ્યમવર્ગીય પરિવારોના "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું સરકારનું આયોજન છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓમાં હાલની 1 લાખ 20 હજારની સહાયમાં મકાનદીઠ 50 હજારના માતબર વધારા સાથે 1 લાખ 70 હજાર કરવાની જાહેરાત કરું છું. રાજ્યના સહકાર વિભાગને મજબૂત કરવા માટે સરકારે કિસાન ક્રેડિટ કાર્ડમાં ધીરાણની મર્યાદા વધારાઈ છે. ગૃહ વિભાગ માટે કુલ રુ. 12659 કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્યમાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સાયબર સિક્યુરિટી અને સાયબર ઈન્ટેલિજન્સની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. બજેટમાં આદિજાતિ વિકાસ માટે 5,120 કરોડ રૂપિયાની, શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે 30,325 કરોડ રૂપિયા, પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે 13,772 કરોડ રૂપિયા, નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ માટે 25,642 કરોડ રૂપિયા, ભાડભૂત બેરેજ યોજના માટે 876 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ હતી.દાહોદમાં નવું ગ્રીન ફિલ્ડ એરપોર્ટ વિકસાવાશે. પોરબંદર, ભાવનગર, સુરત એરપોર્ટના વિસ્તરણ માટે 210 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ હતી.

## રાજકોટમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણીનાં સમર્થનમાં ઠરાવ, કોંગ્રેસે પણ આપ્યો ટેકો

રાજકોટ : રાજકોટ મહાપાલિકાની મંગળવારે મળેલી સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી અરજન્ટ બીઝનેસ તરીકે લવાયેલી એક દરખાસ્તમાં દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર એક રાષ્ટ્ર, એક ચૂંટણીને સર્વાનુમતે મંજુર કરાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે આ ખરડાંનો દેશમાં કોંગ્રેસ સહિત અનેક વિપક્ષો વિરોધ કરી રહ્યા છે ત્યારે રાજકોટમાં કોંગ્રેસે વિરોધ નહીં કરતા સર્વાનુમતે પસાર થયેલ છે. આ ઠરાવથી રાજકોટ મનપાની સામાન્ય સભાએ દેશની ભાજપ-એનડીએ શાસિત સરકારના વન નેશન વન ઈલેક્શનના પ્રસ્તાવને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

## મહેમદાવાદમાં ભાજપના ઉમેદવાર જીતતાં લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર ફરકાવાયા!

મહેમદાવાદ : મહેમદાવાદ પાલિકાના ચૂંટણી પરિણામ બાદ ભાજપના ઉમેદવાદની જીતની ઉજવણી વિવાદમાં આવી છે. અહીં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર સાથે સમર્થકો આવ્યા અને જીતની ઉજવણી કરી હતી. આ ઘટના મહેમદાવાદ સોનાવાલા હાઈસ્કૂલની હોવાનું જણાવાઈ રહ્યું છે. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે જીતેલા ઉમેદવારને વધાવવા લોરેન્સના પોસ્ટર ફરકાવ્યા. જીતની ઉજવણી કરતા ટોળામાં ભાજપના ખેસવાળા કાર્યકર પણ જોવા મળ્યાં હતા. જો કે પોસ્ટર ફરકાવનારની પોલીસે અટકાયત કરવામાં આવી છે, આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

## કારમી હાર છતાં શક્તિસિંહે ગોહિલે કોંગ્રેસના પ્રદર્શન અંગે કહ્યું, નિરાશાજનક નહીં

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કૉંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા હતા. 68 નગરપાલિકામાંથી કૉંગ્રેસ માત્ર એક જ નગરપાલિકા જીતી હતી. 1840 બેઠકમાંથી કૉંગ્રેસના 252 ઉમેદવારો જ જીત્યા હતા. એટલે કૉંગ્રેસના 14 ટકા ઉમેદવારોનો વિજય થયો હતો. તેમ છતાં ગુજરાત કૉંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે દાવો કર્યો હતો કે તેમની પાર્ટીનું પ્રદર્શન સુધર્યું છે. 2018માં કૉંગ્રેસ પાસે વિધાનસભામાં 78 સભ્યો હતા. આજે અમારી પાસે વિધાનસભામાં માત્ર 12 સભ્ય છે, 2018માં અમારું પ્રદર્શન એક આંકડામાં હતું. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં 2018માં 60માંથી 1 બેઠક મળી હતી, જ્યારે આ વખતે 11 બેઠક પર જીત મળી હતી.

## ફેબ્રુઆરી મહિનામાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે 23633 મેગાવોટ વીજ માગ

વડોદરાઃ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના સૂત્રોના કહેવા પ્રમાણે તા.૧૦ ફેબ્રુઆરીએ ગુજરાતની વીજ માગ ૨૩૬૩૩ મેગાવોટ પર પહોંચી હતી અને ગત વર્ષના ફેબ્રુઆરી મહિના કરતા લગભગ ૧૧ ટકા વધારે હતી.છેલ્લા પાંચ વર્ષમાં ફેબ્રુઆરી મહિનામાં સૌથી વધારે વીજ માગ ૨૦૨૫ના ફેબ્રુઆરી મહિનામાં નોંધાઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં સૌથી વધારે વીજ માગ ૧૭૨૯૨ મેગાવોટ હતી. અને ૨૦૨૫ના ફેબ્રુઆરી મહિનામાં વીજ માગ ૨૩૬૨૨ મેગાવોટ સુધી પહોંચી છે.ફેબ્રુઆરી મહિનામાં ગરમીનું પ્રમાણ વધવા માંડયુ છે અને તેના કારણે પંખા, એસી, કૂલર, ફ્રિઝ જેવા વીજ ઉપકરણોનો વપરાશ વધવા માડયો છે.

# રેખા ગુપ્તાએ દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, અનેક મંત્રીઓ હાજર

## લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ 6 મંત્રીઓને પણ શપથ લેવડાવ્યા

**નવી દિલ્હી**

રેખા ગુપ્તાએ દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ શપથ લેવડાવ્યા હતા. ભાજપ ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં પરત ફર્યું છે. આ અવસરે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા. રેખા ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બનશે.



પ્રવેશ વર્મા સહિત છ લોકોએ મંત્રી તરીકે શપથ લીધા. આ યાદીમાં પંકજ સિંહ, આશિષ સૂદ, રવિન્દ્ર ઈન્દ્રરાજ, કપિલ મિશ્રા અને મનજિંદર સિંહ સિરસાનું નામ સામેલ છે. મોડી સાંજ સુધીમાં મંત્રાલય અને તેનો ચાર્જ પણ સોંપવામાં આવી શકે છે. પંકજ સિંહ બિહારના રહેવાસી છે અને રાજપૂત ચહેરો છે. આ સિવાય રવિન્દ્ર ઈન્દ્રરાજ દલિત ચહેરો છે. ભાજપે કેબિનેટમાં તમામ વર્ગોને સ્થાન આપ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીના શપથ ગ્રહણ કાર્યક્રમમાં પીએમ મોદી સહિત ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા હતા. પીએમ મોદી ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ, આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુ, જેડીયુના કેન્દ્રીય મંત્રી લલન સિંહ, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી પણ હાજર હતા.

# 18 વર્ષ પછી પણ પેન્શન ન આપતાં SCનો પ. બંગાળને દસ લાખનો દંડ

**નવી દિલ્હી**



સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારની ટીકા કરીને તેને એક નિવૃત્ત સરકારી કર્મચારીને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. આ કેસ ૨૦૦૭માં નિવૃત્ત થયેલા એક કર્મચારી સાથે જોડાયેલો છે. આ કર્મચારીને ૧૮ વર્ષ પછી પણ સંપૂર્ણ પેન્શન મળી રહ્યું નથી અને તેને ફક્ત અસ્થાયી પેન્શન પર ગુજરાન ચલાવવું પડયું હતું. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની ખંડપીઠે જણાવ્યું હતું કે આ એક ખૂબ જ નિરાશાજનક કેસ છે. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ સરકારે હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. હાઈકોર્ટે કર્મચારીની અરજી સ્વીકારી શિસ્તભંગની કાર્યવાહી રદ કરી હતી અને તમામ બાકી રકમ ચુકવવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી કરતા જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકારે ૩૯૧ દિવસના વિલંબથી વિશેષ મંજૂરી અરજી દાખલ કરી હતી અને આ વિલંબ અંગે કોઈ સંતોષકારક સ્પષ્ટતા પણ કરી ન હતી.

# આઈઆઈટી કાનપુરની ટીમ પ્રયાગરાજ મહાકુંભની વર્લ્ડ ગાઇડ બુક તૈયાર કરશે

**પ્રયાગરાજ**

પ્રયાગરાજ સંગમ સ્થાને યોજાયેલા વિશ્વના સૌથી મોટા સાંસ્કૃતિક-ધાર્મિક મેળા મહાકુંભના આયોજનને પગલે યોગી આદિત્યનાથ સરકારે હવે વર્લ્ડ ગાઈડ બુક તૈયાર કરવા નિર્ણય લીધો છે.

એક જ સ્થાને અનેક સંસ્કૃતિ, સંપ્રદાય, મતો, વિચારો અને સંત-ભક્તોના અભૂતપૂર્વ રીતે સાકાર કરતા મહાકુંભની સુરક્ષા, સ્વચ્છતા, સેવા, અતિથિ સત્કાર, સફાઈ, પરિવહન, સુશોભનને મુદ્દે એક સંશોધનાત્મક ખાસ રિપોર્ટ તૈયાર થયો છે. તે રિપોર્ટના આધારે માર્ચના અંત સુધીમાં વર્લ્ડ ગાઈડ બુક તૈયાર થઈ જશે. આ ગાઈડ બુક મહાકુંભ જેવા વિશ્વ કક્ષાના આયોજનને સફળ બનાવવા મદદરૂપ બનશે.

મહાકુંભના આયોજનની સમીક્ષા કરીને અહેવાલ તૈયાર કરવા તેમ જ તે આધારે વિશ્વ ગાઈડ બુક તૈયાર કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવ મનોજકુમારસિંહ તેમ જ આઈઆઈટી કાનપુરના ડિરેક્ટર પ્રો. મણિન્દ્ર અગ્રવાલ હાજર હતા. મહાકુંભ પર રાજ્ય વહીવટી તંત્ર દ્વારા તૈયાર

# જોનપુરમાં રોડ અકસ્માત : વારાણસીથી દર્શન કરીને પરત ફરી રહેલા નવ શ્રદ્ધાળુઓના મૃત્યુ

**જૌનપુર**

ઉત્તર પ્રદેશના જૌનપુરમાંથી એક મોટો રોડ અકસ્માત થયો હોવાનું તાજેતરમાં જાણવા મળ્યું હતું. જૌનપુર જિલ્લાના બદલાપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા સરોખનપુર ગામ નજીક આજે વહેલી સવારે પાંચ વાગ્યે ભીષણ દુર્ઘટના થઈ હતી.

બે અલગ અલગ દુર્ઘટનામાં અયોધ્યા જઓઈ રહેલી ગાડીઓ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. તેમાં ૯ તીર્થયાત્રીઓના જીવ ગયા છે, જ્યારે ૪૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. સૂચના મળતા જ ડીએમ અને એસએસપી સહિત અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, મહાકુંભ સ્નાન બાદ બે વાહન જૌનપુર રોડ પર દુર્ઘટનાનો શિકાર થઈ ગયા. આ દુર્ઘટનામાં બંને વાહનોમાં સવાર શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. લગભગ ૪૦ લોકો ત્યાં ઘાયલ પણ થયા છે. ઘાયલ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. કહેવાય છે કે, ઝારખંડ નંબર પ્લેટવાળી ટાટા સૂમો શ્રદ્ધાળુઓને લઈને વારાણસીથી અયોધ્યા તરફ જઈ રહી હતી. જ્યાં સરોખનપુર પહોંચી તો એક વાહને જોરદાર ટક્કર મારી હતી. સૂમોમાં સવાર પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા અને ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સૂચના મળતા ઘટનાસ્થળે પોલીસે ગામલોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડયા હતા. સૂમોમાં એક બાળક, એક પુરુષ અને ૩ મહિલા સહિત ૮ લોકો બેઠા હતા. તેમાંથી પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા. જ્યારે ત્રણ અન્ય લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ઉત્તરપ્રદેશમાં મહિલા પર ગેંગરેપ બાદ સાક્ષી પતિને આરોપીઓએ ડીઝલ છાંટી જીવતો સળગાવી દીધો

**લખનઉ**

યુપીના મૈનપુરીમાં પત્નીના અપહરણ અને ગેંગરેપના મામલામાં સાક્ષીને જીવતી સળગાવી દેવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. પરિજનોએ કપડાના આધારે મૃતકની ઓળખ કરી હતી. જે બાદ મૃતકના પિતાએ પણ આરોપી વિરુદ્ધ હત્યાનો કેસ દાખલ કર્યો છે. હાલ પોલીસે અડધી બળેલી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલીને તપાસ શરૂ કરી છે. આ આખો મામલો મૈનપુરીના બિછવાન પોલીસ સ્ટેશન વિસ્તારનો છે, જ્યાં તાજેતરમાં ખેતરની બાજુમાં અડધી બળેલી લાશ મળી આવી હતી. જ્યારે પોલીસે લાશની ઓળખ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે જાણવા મળ્યું કે તે 40 વર્ષીય સાજિદનો મૃતદેહ છે.



પરિવારજનોએ સાજીદના મૃતદેહને કપડાં પરથી ઓળખી કાઢ્યો હતો. તેમનો આરોપ છે કે સાજિદની પત્નીનું અપહરણ કરવામાં આવ્યું હતું, તેને ચાર મહિના સુધી બંધક બનાવીને રાખવામાં આવી હતી અને પછી તેના પર સામૂહિક દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. આ કેસમાં સાજીદ સાક્ષી હતો. કોર્ટમાં જુબાની ન આપે તે માટે આરોપીઓ તેને ધમકી આપતા હતા. આ વાત ન માનતા તેની હત્યા કરી દેવામાં આવી હતી.

# જેલમાંથી પુણ્યલાભ : યુપીના 90 હજાર કેદી મહાકુંભ સ્નાન કરશે

**લખનઉ**

ઉત્તરપ્રદેશની 75 જેલોમાં બંધ કેદીઓને મહાકુંભમાં સ્નાન કરવાની તક મળવાની છે. જેલ વહીવટી તંત્ર પ્રયાગરાજના સંગમમાંથી પવિત્ર જળ લાવીને બધી જેલોમાં સ્નાનની વ્યવસ્થા કરી રહ્યું છે. યુપી જેલ મંત્રી દારાસિંહ ચૌહાણના કાર્યાલયે જણાવ્યા પ્રમાણે આ વિશેષ કાર્યક્રમ 21 ફેબ્રુઆરીએ સવારે સાડા નવ વાગ્યાથી દશ વાગ્યા સુધી બધી જેલોમાં આયોજિત કરવામાં આવશે. રાજ્યની જેલોમાં અત્યારે 90 હજારથી વધારે કેદીઓ બંધ છે, જેમાં સાત સેન્ટ્રલ જેલનો સમાવેશ પણ થાય છે.

21 ફેબ્રુઆરીએ જેલ મંત્રી દારાસિંહ ચૌહાણ અને અન્ય વરિષ્ઠ જેલ અધિકારીઓ લખનઉ જેલમાં આ કાર્યક્રમમાં સામેલ થશે. ગોરખપુર જિલ્લા જેલના જેલરે જણાવ્યું કે જેલ વહીવટી તંત્રએ પોતાના એક અધિકારીને પ્રયાગરાજ મોકલ્યા છે, જેઓ ત્યાંથી સંગમનું પવિત્ર જળ લઈ આવશે. આની પહેલાં ઉન્નાવની જેલમાં 17 ફેબ્રુઆરીએ કેદીઓ માટે આ પ્રકારના સ્નાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉન્નાવ જેલ સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું કે આ યોજના અંગે લાંબા સમયથી વિચારણા થઈ રહી હતી.

# ગૂગલે બેંગ્લોરમાં ભારતમાં તેના સૌથી મોટા કેમ્પસ ‘અનંત’નું અનાવરણ કર્યું

**બેંગ્લોર**

ગૂગલે બુધવારે ભારતમાં તેના સૌથી મોટા કેમ્પસ 'અનંત'નું અનાવરણ કર્યું હતું. આ કેમ્પસ ગૂગલના વિશ્વના સૌથી મોટા કેમ્પસમાંનું એક છે. બેંગલુરુના મહાદેવપુરામાં સ્થિત અનંત કેમ્પસમાં ૫,૦૦૦થી વધુ સીટિંગની ક્ષમતા છે, આ કેમ્પસના નિર્માણ માટે વપરાયેલી સામગ્રી લગભગ સંપૂર્ણપણે લોકલ બિઝનેસ પાસેથી મેળવવામાં આવી છે. ગૂગલ ઈન્ડિયાની વાઈસ પ્રેસિડેન્ટ અને કંટ્રી મેનેજરે જણાવ્યું કે, અનંત કેમ્પસ માત્ર તેની ચાર દીવાલોની વચ્ચે કરવામાં આવેલા કામને કારણે નહીં પરંતુ, ભારત દ્વારા વિશ્વ માટે તૈયાર કરવામાં આવેલા નવા ઈનોવેશનને કારણે જાણીતું બનશે. ગૂગલે લગભગ છ વર્ષ પહેલા એઆઈ ફર્સ્ટનો અભિગમ અપનાવ્યો હતો.

# બાલાઘાટમાં પોલીસ અને નક્સલવાદી વચ્ચે અથડામણ, 4 નક્સલી ઠાર મરાયા

**ભોપાલ**

મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું, જેમાં ચાર મહિલા નક્સલવાદીઓ માર્યા ગયા હતા. આ એન્કાઉન્ટર ગઢી પોલીસ સ્ટેશન વિસ્તારના રૌંડા જંગલમાં થયું હતું, જે નક્સલ પ્રભાવિત વિસ્તાર છે. આ એન્કાઉન્ટરમાં પોલીસે નક્સલવાદીઓ પાસેથી ઘણા હથિયારો અને અન્ય સામગ્રી પણ જપ્ત કરી છે. પોલીસની આ કાર્યવાહીને મોટી સફળતા માનવામાં આવી રહી છે.

મધ્યપ્રદેશના બાલાઘાટ પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ

પ્રાપ્ત માહિતી અનુસાર પોલીસ અને હોક ફોર્સના જવાનો રોંડાના ગાઢ જંગલોમાં શોધખોળ કરી રહ્યા હતા. અચાનક જ નક્સલવાદીઓએ ઓચિંતો હુમલો કર્યો અને પોલીસ પાર્ટી પર ફાયરિંગ શરૂ કરી દીધું. જવાનોએ તરત જ જવાબી કાર્યવાહી કરી, જેમાં ચાર મહિલા નક્સલવાદીઓ માર્યા ગયા. માર્યા ગયેલા નક્સલવાદીઓ પાસેથી એક ઈન્સાસ રાઈફલ, એક SLR રાઈફલ અને એક 303 રાઈફલ ઉપરાંત રોજિંદા ઉપયોગની ઘણી વસ્તુઓ મળી આવી હતી.

# કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત અચાનક લથડતાં હોસ્પિટલમાં દાખલ કરાયા

**પ્રયાગરાજ**

ગુરુવારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત અચાનક બગડી ગઈ છે. તાત્કાલિક તેમને સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ અનુસાર, તેમની તબિયત હાલમાં સારી છે. ડોક્ટરોની એક ટીમ તેમનું નિરીક્ષણ કરી રહી છે અને તેમને આવતીકાલે (શુક્રવાર) હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. 6 ડિસેમ્બર 2024ના રોજ સોનિયા ગાંધી 78 વર્ષના થશે. ખાનગી ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, સર ગંગારામ હોસ્પિટલના મેનેજમેન્ટ બોર્ડના ચેરમેન ડૉ. અજય સ્વરૂપે જણાવ્યું હતું કે, "પેટ સંબંધિત કોઈ સમસ્યાને કારણે તેમને દાખલ કરવામાં આવ્યા હતા.

# દિલ્હીમાં અભ્યાસ ન કરવા બદલ ઠપકો આપનાર પિતાને પુત્રએ ઊંઘમાં જ જીવતા સળગાવી નાખ્યા

## ઘટના અંજામ આપી પુત્ર ત્યાંથી ભાગી ગયો હતો, પુત્ર પૈસાની પણ ચોરી કરી હતી

**નવી દિલ્હી**

સંબંધોને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના દિલ્હીને અડીને આવેલા ફરીદાબાદના અજય નગરમાં સામે આવી છે. અભ્યાસમાં ધ્યાન ન આપવાથી અને પૈસાની ચોરી કરવા માટે ઠપકો આપતા ગુસ્સે ભરાયેલા કિશોરે ક્રૂરતાની હદ વટાવી સોમવારે મોડી રાત્રે પિતાને જીવતા સળગાવી હત્યા કરી નાખી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરનો 55 વર્ષીય મોહમ્મદ અલીમ ચાર મહિનાથી




અજય નગરમાં તેના 14 વર્ષના પુત્ર સાથે ભાડાના મકાનમાં રહેતો હતો. ધાર્મિક સ્થળો માટે દાન એકઠું કરવાની સાથે અલીમ મચ્છરદાની અને અન્ય વસ્તુઓ વેચતો હતો. સોમવારે રાત્રે જ્યારે અલીમે તેના પુત્રને અભ્યાસમાં ધ્યાન ન આપવા માટે ઠપકો આપ્યો ત્યારે તે ગુસ્સે થઈ ગયો. રાત્રે લગભગ 2 વાગે જ્યારે અલીમ ગાઢ નિંદ્રામાં હતો ત્યારે પુત્રએ તેના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી દીધી હતી. તેણે રૂમનો દરવાજો બંધ કરી દીધો અને તેના પિતાના મૃત્યુની રાહ જોતો બહાર ઉભો રહ્યો. લગભગ દસ મિનિટની જહેમત બાદ પડોશીઓ તેને બચાવવા માટે સ્થળ પર પહોંચ્યા તો કિશોર તેમને જોઈને ભાગી ગયો. જોકે, હવે પોલીસે તેને કસ્ટડીમાં લઈ તપાસ હાથ ધરી છે.

# બંગાળમાં ભયંકર વાવાઝોડું, 35 કાચા મકાનો તૂટ્યા, અનેક લોકો ઈજાગ્રસ્ત

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ ફરી તોફાન મચાવ્યું હતું. ઉત્તર 24 પરગણા જિલ્લાના ગાયઘાટ વિસ્તારમાં મંગળવારે બપોરે અચાનક આવેલા વાવાઝોડાના કારણે મસમોટું નુકસાન થયું હતું. ભારે પવન અને કરા પડવાના કારણે 35 કાચા મકાનો ધરાશાઈ થયા હતા, જેમાં અનેક લોકોને ઈજા થઈ હતા. આ આફતમાં ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન થયું હતું.

મીડિયા રિપોર્ટ મુજબ, સ્થાનિકોએ કહ્યું કે, 'વાવાઝોડું એટલું ઝડપી અને ભયંકર હતું કે, અમને બચવાનો પણ સમય ન મળ્યો. થોડી જ મિનિટોમાં અનેક ઘરોની છત ઉડી ગઈ હતી, દિવાલો તૂટી ગઈ અને ખેતરોનો પાક નાશ પામ્યો. આ વાવાઝોડાએ બધું જ નષ્ટ કરી નાખ્યું. ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાક સંપૂર્ણ નાશ પામ્યો. અમારા કેટલાક પશુઓ પણ વાવાઝોડાની ઝપેટમાં આવતા મૃત્યુ પામ્યા.'

વાવાઝોડામાં સૌથી વધુ આર્થિક નુકસાન ખેડૂતોને થયું હતું. અચાનક ઝડપી પવન આવતા ખેતરોમાં અનેક પાક બરબાદ થઈ ગયા છે. સ્થાનિકોનું કહેવું છે કે, મંગળવારે લગભગ બપોરે 3.15 કલાકે વાવાઝોડું આવ્યું હતું. વાવાઝોડાની માહિતી મળતા જ વહીવટીતંત્ર દોડતું થઈ ગયું હતું.

# ઉત્તરાખંડનો મોટો નિર્ણય : રાજ્ય બહારના લોકો નહીં ખરીદી શકે ખેતીલાયક જમીન

**દેહરાદૂન, તા.૨૦**

ઉત્તરાખંડમાં વધતી જમીનની માંગ વચ્ચે પુષ્કર ધામી સરકારે મોટો નિર્ણય લીધો છે અને નવા જમીન કાયદાને મંજૂરી આપી દીધી છે. સંશોધિત ડ્રાફ્ટને વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ રાજ્યના બહારના લોકો દેવભૂમિમાં ખેતી અને બાગાયત માટે જમીન નહીં ખરીદી શકે. ગત દાયકામાં આ રાજ્યમાં ખેતીની જમીનનો ઉપયોગ ખેતી સિવાયના અન્ય કામ માટે કરવામાં આવી રહ્યો હતો, ત્યારબાદ આ પ્રકારના કાયદાની માંગ ઊભી થઈ હતી.

**નવા કાયદાથી શું ફેરફાર થશે?**

- પર્વતીય વિસ્તારોમાં જમીન પર નવા સ્તરે વાત થશે. - જિલ્લા મજિસ્ટ્રેટ જમીન ખરીદવા પર મહોર નહીં લગાવી શકે. - જમીનના ખરીદ-વેચાણ માટે ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવશે જેથી ડેટા વ્યવસ્થિત રહે. - પોર્ટલથી એ વિશે પણ જાણ થશે કે, ક્યાંય કોઈ ગડબડ તો નથી થઈ રહી. - બહારના લોકોએ જમીન ખરીદવા માટે એફિડેવિટ આપવું પડશે અને હેતું જણાવવો પડશે. જો કોઈ જમીનનો નિયમ તોડી ખરીદ-વેચાણ કરે તો સરકાર તેનો કબ્જો લઈ શકે છે.

# કોલકાતામાં 40 દિવસમાં ચુકાદો : 7 મહિનાની બાળકી પર દુષ્કર્મ આચરનાર હેવાનને ફાંસી

**કોલકાતા**

કોલકાતાની એક વિશેષ પોક્સો કોર્ટે મંગળવારે સાત મહિનાની બાળકી સાથે બળાત્કાર અને હત્યાના પ્રયાસના દોષિતને ફાંસીની સજા આપી છે. બેંકશાલમાં પોક્સો કોર્ટે સોમવારે શહેરના બુરટોલા વિસ્તારમાંથી બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના પ્રયાસના કેસમાં આરોપીની ધરપકડના 75 દિવસની અંદર દોષિત ઠેરવ્યો હતો. ત્યારબાદ મંગળવારે તેને સજા ફટકારવામાં આવી હતી.

બચાવ પક્ષના વકીલ અને સરકારી વકીલની અંતિમ સુનાવણી પછી કોર્ટે તેને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણાવ્યો છે. ન્યાયમૂર્તિ ઈન્દ્રિલા મુખર્જીએ દોષિત રાજીવ ઘોષને ભારતીય ન્યાય સંહિતાની કલમ 65(2), 140 (4), 137 (2) અને



118 તથા પોક્સો એક્ટની કલમ 6 હેઠળ દોષિત ઠેરવ્યો છે. બંને એક્ટની પ્રથમ અને છેલ્લી કલમ હેઠળ દોષિતને મહત્તમ સજા તરીકે ફાંસીની સજા ફટકારવામાં આવી છે.

# હરિયાણામાં કોંગ્રેસને ઝટકો, સ્થાનિક એકમની ચૂંટણી પહેલા 50 નેતાઓના પાર્ટીને રામ-રામ

**હરિયાણા**

હરિયાણામાં 2 માર્ચે નાગરિક ચૂંટણી યોજાવાની છે અને તે પહેલા કરનાલમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના 50 જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા છે. આ દરમિયાન મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને પ્રદેશ અધ્યક્ષ મોહન લાલ બડોલી પણ હાજર હતા.

ભાજપમાં સામેલ થયેલા નેતાઓમાં હરિયાણા લઘુમતી આયોગના પૂર્વ અધ્યક્ષ ત્રિલોચન સિંહ, કોંગ્રેસના પૂર્વ જિલ્લા અધ્યક્ષ અશોક ખુરાના, કરનાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ બલવિંદર કાલરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત AAP નેતા સંજય બિંદલ, કોંગ્રેસ OBC સેલના જિલ્લા અધ્યક્ષ સંજય ચંદેલ અને ઘણા પૂર્વ કાઉન્સિલરો પણ ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસ નેતા નિટ્ટુ માન પણ ભાજપમાં જોડાયા છે. કરનાલ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે



છે અને કોંગ્રેસના વધુ કેટલાક નેતાઓના આગમનથી પાર્ટી મજબૂત થશે. અહીંથી ભાજપે રેણુ બાલા ગુપ્તાને મેયરના ઉમેદવાર બનાવ્યા છે. સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું, 'હું બીજેપી નેતાઓનું સ્વાગત કરું છું. તમારા સહયોગથી અમારી તાકાત વધશે અને અમે સંપૂર્ણ સમર્પણ સાથે જનતાની સેવા કરી શકીશું.

# USA જવામાં 43 કરોડનો ધૂમાડો પાછા આવેલા પંજાબીઓ કેસ કરશે

**ચંડીગઢ**

અમેરિકાએ હાથ-પગ બાંધીને અપમાનજનક હાલતમાં તગેડી મૂકેલા ભારતીયોની ઘરવાપસી થઈ રહી છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસવા માટે લોકોએ લાખો રૂપિયા ખર્ચ્યા હતા, જે હવે માથે પડ્યા છે. એકલા પંજાબના ગેરકાયદેસર વસાહતીઓએ જ અમેરિકન ડ્રીમ પૂરું કરવાના ચક્કરમાં ટ્રાવેલ એજન્ટોને 43 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આંખ મીંચીને અજાણ્યા એજન્ટો પર વિશ્વાસ મૂકી દેવાયો હતો.

5, 15 અને 16 ફેબ્રુઆરીએ અમૃતસરમાં અમેરિકાના ત્રણ લશ્કરી એરક્રાફ્ટ ઉતર્યા હતા. આ ત્રણ બેચમાં




અમેરિકા દ્વારા કુલ 332 ભારતીયોને દેશનિકાલ કરાયા હતા, જેમાં 127 પંજાબીઓનો સમાવેશ થાય છે. આ 127 લોકોએ અમેરિકામાં ઘૂસ મારવા માટે જુદા-જુદા દેશના ટ્રાવેલ એજન્ટોને કુલ 43 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આ આંકડો પંજાબ સરકારે આપ્યો છે.

# પૂર્વ CM કેસીઆર સામે ભ્રષ્ટાચારની ફરિયાદ કરનારની ચપ્પાંના ઘા મારી હત્યા કરાઈ

**લખનઉ**

તેલંગાણાના પૂર્વ સીએમ કે. ચંદ્રશેખર રાવ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવનાર વ્યક્તિની હત્યા થઈ ગઈ છે. કાલેશ્વરમ પ્રોજેક્ટ હેઠળ મેદીગડ્ડા બેરેજના નિર્માણમાં તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને અન્ય લોકો સામે ભ્રષ્ટાચારના આરોપો દાખલ કરવામાં આવ્યા હતા. હવે સમાચાર આવ્યા છે કે જે વ્યક્તિએ આરોપ લગાવ્યો છે તેની જયશંકરની ભૂપલપલ્લી નગરમાં હત્યા કરવામાં આવી છે. કે. ચંદ્રશેખર રાવ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવનાર જયશંકર બુધવારે ભૂપલપલ્લી નગરમાં તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. ગુરૂવારે કોર્ટમાં કેસની સુનાવણી થવાની હતી, પરંતુ આ પહેલા જ તેની હત્યા થઇ ગઇ હતી.

# કપડાં ઉતરાવી કાઢ્યા, બંધ રૂમમાં માર્યો કેરળમાં રેગિંગ બાદ 7 વિદ્યાર્થી સસ્પેન્ડ

**તિરુવનંતપુરમ**

કેરળના તિરુવનંતપુરમમાં કરિયાવટ્ટોમ સ્થિત સરકારી કોલેજમાં જુનિયર વિદ્યાર્થી પર રેગિંગ કરતાં સાત વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પીડિત વિદ્યાર્થીનું રેગિંગ વખતે તેમના કપડા ઉતરાવી કાઢી તેમને ઢોર માર મારવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. પોલીસે પીડિત વિદ્યાર્થીનું નિવેદન લઈ એફઆઈઆર નોંધી છે.

રેગિંગનો ભોગ બનેલા વિદ્યાર્થીના પિતાએ જણાવ્યા અનુસાર, પીડિત વિદ્યાર્થીને રેગિંગના કારણે ગંભીર ઈજાઓ થઈ છે અને તેની સારવાર ચાલી રહી છે. મિત્રો વચ્ચે ઝઘડો થયા બાદ તેનું રેગિંગ કરી તેના ઉપર ગંભીર રીતે હુમલો કરવામાં આવ્યો હતો.

પીડિતે મીડિયાને જણાવ્યું કે, આ ઘટના ત્યારે બની જ્યારે હું અને મારો મિત્ર અભિષેક કેમ્પસમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક સનિયર્સનું ટોળુ અમારી પાસે આવ્યું અને અમને રોક્યા. બાદમાં મને માર મારવાનું ચાલુ કર્યું. બાદમાં તેઓએ મને રૂમમાં બંધ કરી દીધો, મારો શર્ટ કાઢી નાખ્યો અને માર માર્યો. મારો મિત્ર ગમે-તેમ કરીને ત્યાંથી ભાગી ગયો અને પ્રિન્સિપાલને જાણ કરી હતી.

# એકનાથ શિંદેને જાનથી મારી નાખવા સાથે ગાડીને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી

**મુંબઈ**

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ છે. કોઈ અજાણ્યા વ્યક્તિએ મંત્રાલય, જે.જે.માર્ગ પોલીસ સ્ટેશન અને ગોરેગાંવ પોલીસને ઈ-મેઈલ મોકલી શિંદેની ગાડીને બોમ્બથી ઉડાવવાની ધમકી આપી છે. ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે અને ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિને પકડી પાડવા તપાસ શરુ કરી દીધી છે.

વાસ્તવમાં દિલ્હીમાં આજે નવા મુખ્યમંત્રીનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો, જેમાં એકનાથ શિંદે પણ સામેલ થયા છે. ધમકી મળ્યા બાદ શિંદેની સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. પોલીસે ધમકી આપનાર શખસને શોધવા તપાસ શરૂ કરી દીધી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી : શમી અને ગિલ ઝળક્યા, ભારતનો છ વિકેટે વિજય

## બાંગ્લાદેશ ૨૨૮, તૌહિદ ૧૦૦, શમી ૫/૫૩, ભારત ૪/૨૩૧, શુભમન ગિલે આઠમી સદી નોંધાવી



દુબઇ : પેસ બોલર મોહમ્મદ શમીએ પાંચ વિકેટ ઝડપ્યા બાદ ઓપનર શુભમન ગિલે નોંધાવેલી અણનમ સદીની મદદથી ભારતે બાંગ્લાદેશને છ વિકેટે હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો. બાંગ્લાદેશે એક સમયે ૩૫ રનમાં પાંચ વિકેટ ગુમાવ્યા બાદ તૌહિદની સદી વડે ૨૨૮ રનનો સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં ભારતે ૪૬.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૩૧ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. રનચેઝ કરતી વખતે સુકાની રોહિત શર્મા અને ગિલે પ્રથમ વિકેટ માટે ૬૯ રનની ભાગીદારી નોંધાવી હતી. રોહિતે તેની ૪૧ રનની ઇનિંગ દરમિયાન વન-ડેમાં ૧૧ હજાર રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી. વિરાટ કોહલી વધુ એક વખત સ્પિનરનો શિકાર બન્યો હતો અને તે ૨૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. ઐયરે ૧૫ તથા અક્ષર પટેલે આઠ રન બનાવ્યા હતા. ગિલ અને લોકેશ રાહુલે ૯૮ બોલમાં ૮૭ રનની ભાગીદારી નોંધાવીને ટીમને વધુ કોઇ નુકશાન થાય તે પહેલાં વિજય અપાવી દીધો હતો. વન-ડે કારકિર્દીની આઠમી સદી નોંધાવીને પ્લેયર ઓફ ધ મેચ બનેલા ગિલે ૧૨૯ બોલમાં નવ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૧૦૧ તથા લોકેશ રાહુલે ૪૭ બોલમાં ૪૧ રનની ઇનિંગ રમી હતી.

શમી અને હર્ષિત રાણાએ પાવરપ્લેમાં ત્રણ વિકેટ ઝડપ્યા બાદ સ્પિનર અક્ષરે બે બોલમાં બે વિકેટ ઝડપીને બાંગ્લાદેશને બેકફૂટ ઉપર ધકેલી દીધું હતું. મિડલ ઓર્ડરમાં તૌહિદે ૧૧૮ બોલમાં છ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૧૦૦ તથા જાકીર અલીએ ૧૧૪ બોલમાં ૬૮ રન બનાવીને બાંગ્લાદેશના પ્રારંભિક સંકટમાંથી બહાર કાઢયું હતું.



## વન-ડેમાં શમીની 200 વિકેટ પૂરી, સ્ટાર્કનો રેકોર્ડ તોડયો : શમીએ 5,126 બોલમાં માઇલસ્ટોન હાંસલ કર્યો

દુબઇ : ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો પ્રથમ મુકાબલો પેસ બોલર મોહમ્મદ શમી માટે શાનદાર રહ્યો હતો. બાંગ્લાદેશ સામે ૪૩મી ઓવરના ચોથા તથા પોતાના ક્વોટાની આઠમી ઓવરમાં પોતાની ત્રીજી સફળતા હાંસલ કરીને વન-ડે ફોર્મેટમાં તેણે ૨૦૦ વિકેટ પૂરી કરવાની સિદ્ધિ મેળવી હતી. તે ભારત માટે સૌથી ઓછી મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ બોલર બની ગયો છે. આ ઉપરાંત સૌથી ઓછી મેચોમાં ૨૦૦ વિકેટનો માઇલસ્ટોન પાર કરનાર વિશ્વનો બીજો બોલર બન્યો છે. શમીએ બોલના હિસાબે મિચેલ સ્ટાર્કનો રેકોર્ડ પણ તોડયો હતો. વન-ડે ક્રિકેટમાં શમીએ ૫,૧૨૬ બોલમાં ૨૦૦ વિકેટ પૂરી કરી છે. સ્ટાર્કે ૫,૨૪૦ બોલમાં બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. પાકિસ્તાનના ભૂતપૂર્વ સ્પિનર સકલૈન મુશ્તાકે પાકિસ્તાન માટે ૫,૪૫૧ બોલમાં આ આંકડો હાંસલ કર્યો હતો. શમીએ સકલૈનની પણ બરોબરી કરી છે. બંનેએ ૧૦૪ વન-ડે મેચમાં ૨૦૦ વિકેટ ઝડપી છે. મિચેલ સ્ટાર્કે ૧૦૨ મેચમાં ૨૦૦ વિકેટની પૂરી કરવાની સિદ્ધિ મેળવી હતી. આ યાદીમાં ટ્રેન્ટ બાઉલ્ટ ૧૦૭ મેચ સાથે ત્રીજા, બ્રેટ લીએ ૧૧૨ મેચમાં તથા એલન ડોનાલ્ડે ૧૧૭ મેચમાં આ માઇલસ્ટોન પાર કર્યો હતો.

## રશિયાની મીરા આન્દ્રિવાએ પોલેન્ડની ઇગા સ્વિયાતેકને હરાવીને મેજર અપસેટ સર્જ્યો

### પ્રથમ ક્રમાંકિત સબાલેન્કો પણ રાઉન્ડ ઓફ 16મા પરાસ્ત થઇ

દુબઈ : રશિયાની યુવા ખેલાડી મીરા આન્દ્રિવાએ દુબઈ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સમાં વિશ્વની બીજી ક્રમાંકિત પોલેન્ડની ઈગા સ્વિયાતેકને હરાવીને અપસેટ સર્જ્યો હતો. દુબઈ ઓપનમાં સતત બીજા દિવસે બીજો મેજર અપસેટ નોંધાયો છે. ૧૨મી ક્રમાંકિત આન્દ્રિવાએ પાંચ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી સ્વિયાતેકને કોઈ પણ મુશ્કેલી વિના ૬-૩, ૬-૩ના સ્કોરથી પરાજય આપીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલાં રાઉન્ડ ઓફ ૧૬ની એક મેચમાં બિનક્રમાંકિત કાર્લા ટોયુસને પ્રથમ ક્રમાંકિત બેલારુસની આર્યના સબાલેન્કોને ૬-૩, ૬-૨થી હરાવીને અપસેટ નોંધાવ્યો હતો. અન્ય મુકાબલામાં સોરેન ક્રિસ્ટિયૂએ આઠમી ક્રમાંકિત અમેરિકાની ઈમા નવારોને ૭-૬ (૭-૫), ૩-૬, ૭-૫થી, ૧૪મી ક્રમાંકિત કેરોલિના મુચોવાએ કેસલરને ત્રીજો સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ ૬-૩, ૧-૬, ૭-૬ (૭-૫)થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ઈલેના રિબાકિનાએ નવમી ક્રમાંકિત પાઉલા બડોસાને ૪-૬, ૭-૬ (૧૦-૮), ૭-૬ (૭-૨ )થી હરાવી હતી.

## રોહિતના વન-ડેમાં ૧૧ હજાર રન પૂરા



દુબઈ : બાંગ્લાદેશ સામેની ચેમ્પિયન્સ ટ્રોફીના પ્રથમ મુકાબલામાં ભારતીય સુકાની રોહિત શર્માએ પોતાની ઈનિંગ દરમિયાન કેટલાક રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. તે વન-ડે ફોર્મેટમાં બીજો ફાસ્ટેસ્ટ ૧૧ હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બની ગયો છે. રોહિતે સચિનનો રેકોર્ડ તોડયો હતો અને તે હજુ વિરાટ કોહલી બાદ બીજા ક્રમે છે. રોહિતે ૧૪મો રન બનાવવાની સાથે તેણે સિદ્ધિ હાંસલ કરી હતી. ઈનિંગ્સના મામલે રોહિતે સચિનને પાછળ રાખી દીધો છે. રોહિતે ૨૬૧ તથા સચિને ૨૭૬ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. વિરાટ કોહલી ૨૨૨ ઈનિંગ્સ સાથે મોખરાના સ્થાને છે. ઓવરઓલ વન-ડેમાં હાઈએસ્ટ રનના મામલે રોહિત ૧૦મા ક્રમે છે.

## મબાપેની હેટ્રિક, રિયલ મેડ્રિડે માન્ચેસ્ટર સિટીને ચેમ્પિયન્સ લીગમાંથી બહાર કરી

### પેરિસ સેન્ટ જર્મેને બ્રેસ્ટ એફસી સામે 7-0ના સ્કોરથી વિજય મેળવ્યો

**મેડ્રિડ**

અનુભવી સ્ટ્રાઈકર કિલિયન મબાપેએ નોંધાવેલી શાનદાર હેટ્રિકની મદદથી રિયલ મેડ્રિડે ૩-૧થી વિજય હાંસલ કરીને માન્ચેસ્ટર સિટીને ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાંથી બહાર કરી દીધી હતી. રિયલ મેડ્રિડે કુલ ૬-૩ના એગ્રિગેટ સ્કોર સાથે બંને લેગના મુકાબલા જીત્યા હતા. આ પહેલાં બોરુસિયા ડોર્ટમન્ડે સ્પોર્ટિગ લિસબન સામેની મેચ ૦-૦થી ડ્રો કર્યા બાદ કુલ ૩-૦ના એગ્રિગેટ સ્કોર સાથે નોકઆઉટમાં સ્થાન નિૃતિ કર્યું હતું. પેરિસ સેન્ટ જર્મેને બ્રેસ્ટ સામે ૭-૦ના સ્કોરથી વિજય હાંસલ કરવા ઉપરાંત કુલ ૧૦-૦ના એગ્રિગેટ સ્કોર સાથે રાઉન્ડ ઓફ ૧૬મા સ્થાન નિૃતિ કરી લીધું હતું. મબાપેએ મેચની ચોથી, ૩૩મી તથા ૬૧મી મિનિટે ગોલ કર્યા હતા. ગયા વર્ષની ચેમ્પિયન માન્ચેસ્ટર સિટી માટે નિકો ગોન્ઝાલેઝે મેચની કુલ ૯૨મી મિનિટે એકમાત્ર ગોલ નોંધાવ્યો હતો. મબાપે રિયલ મેડ્રિડ માટે ૨૨ મેચમાં ૧૭ ગોલ કરી ચૂક્યો છે. ક્લબ બ્રૂગેએ એટલાન્ટાને ૩-૧થી તથા પીએસવીએ જુવેન્ટ્સને ૩-૧થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

## બાબરનો તાજ છીનવીને શુભમન ગિલ ફરી વન-ડેનો નંબર-૧ બેટ્સમેન બન્યો

### રોહિત શર્મા ટોપ-5મા, કુલદીપ યાદવ બોલર્સની યાદીમાં ચોથા ક્રમે

**દુબઇ**

ચેમ્પિયન્સ ટ્રોફીના પ્રથમ દિવસે બુધવારે આઈસીસી રેન્કિંગમાં શુભમન ગિલ અને શ્રીલંકાના મહેશ થિકશનાએ મેન્સ વન-ડેમાં અનુક્રમે બેટ્સમેન તથા બોલર્સમાં નંબર-૧નું સ્થાન હાંસલ કરી લીધું છે. ગિલે પાકિસ્તાનના સિનિયર બેટ્સમેન બાબર આઝમ પાસેથી તેનું ટોચનું સ્થાન છીનવી લીધું છે. થિકશનાએ ઈંગ્લેન્ડના લેગ સ્પિનર આદિલ રાશિદને પાછળ રાખી દીધો છે.ગિલે ઈંગ્લેન્ડ સામેની વન-ડે શ્રોણીમાં ૮૭, ૬૦, ૧૧૨ રનન ઈનિંગ રમી હતી. તે ૨૬૯ રન સાથે ટોપ સ્કોરર રહ્યો હતો. ગિલ અગાઉ ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ વખતે નંબર-૧ બેટ્સમેન રહ્યો હતો. તેના ૭૯૬ તથા બાબરના ૭૭૩ રેટિંગ પોઈન્ટ છે. ટોપ-૫ બેટ્સમેનોમાં ભારતીય સુકાની રોહિત શર્મા, સાઉથ આફ્રિકાનો હેનરિક ક્લાસેન તથા ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિચેલ છે. શ્રીલંકાનો સુકાની ચરિથ અસાલંકા આઠ ક્રમાંકની આગેકૂચ સાથે ટોપ-૧૦મા પ્રવેશીને આઠમા ક્રમે પહોંચ્યો છે.

## શૂટર મનુ ભાકર અને અવનિ લેખરા વિશેષ એવોર્ડથી સન્માનિત કરાયાં

### ઓલિમ્પિકમાં મનુ ભાકરનું પ્રદર્શન ભારતીય રમતોમાં ઐતિહાસિક

**નવી દિલ્હી**

ભારતની ઓલિમ્પિયન શૂટર મનુ ભાકરને બીબીસી ઈન્ડિયન સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર, અવનિ લેખરાને બીબીસી પેરા-સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર, શીતલદેવીને ઈમર્જિગ પ્લેયર તથા ક્રિકેટર મિતાલી રાજને લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. વિશ્વ સ્તરે થયેલા વોટિંગ બાદ તેમને એવોર્ડ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ એવોર્ડ વિજેતાઓને અભિનંદન આપીને જણાવ્યું હતું કે બીબીસીની પૂરી ટીમને તેમના આયોજન બદલ અભિનંદન આપું છું. તેમણે રમતવીરોને તમની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ યુવા મહિલાએ પણ પોતાના સ્વપ્નોને અંતિમ સ્વરૂપ આપી શકે તેવી પ્રેરણા પણ આપી છે. બીબીસીના ડાયરેક્ટર જનરલ ટિમ ડેવીએ જણાવ્યું હતું કે ઓલિમ્પિકમાં મનુ ભાકરનું પ્રદર્શન ભારતીય રમતોમાં ઐતિહાસિક છે. ભારતના ટેલેન્ટેડ ખેલાડીઓની સિદ્ધિઓની ઉજવણી કરવાનો અમને આનંદ છે.

# USમાં ભારતીયો સહિતના લોકો સાથે આતંકીઓ જેવું વર્તન

## વીડિયોને છ કરોડ લોકોએ નિહાળ્યો, અમેરિકાએ પકડેલા ભારત સહિતના 300થી વધુ એશિયનો સાથે અમાનવીય વ્યવહારની ફરિયાદો

**વોશિંગ્ટન**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખ તરીકે સત્તા સંભાળી ત્યારથી ગેરકાયદે રહેનારાઓ સામે અમેરિકી પ્રશાસન ઘાતકી વર્તન કરવા લાગ્યું છે. ભારતીયો સહિતનાને કેવી રીતે પગમાં સાંકળ અને હાથમાં હાથકડી બાંધીને પરત મોકલે છે તેનો વીડિયો વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરાયો છે એટલુ જ નહીં વ્હાઈટ હાઉસે ગેરકાયદે ભારતીયો સહિતનાને એલિયન પણ કહ્યા છે.

૧૯મી તારીખે એક્સ (ટ્વિટર) પર જાહેર થયેલા આ વીડિયોને અત્યાર સુધીમાં છ કરોડથી વધુ લોકોએ જોયો છે. સાથે જ ગેરકાયદે અમેરિકામાં પ્રવેશવા જેવા આરોપોમાં પણ આતંકીઓ જેવું વર્તન કરવા બદલ લોકોએ અમેરિકા પર રોષ પણ ઠાલવ્યો છે. અમેરિકાએ જાહેર કરેલા વીડિયોને ટ્વિટર પર ટેસ્લાના માલિક ઈલોન મસ્કે પણ રિટ્વીટ કર્યો હતો અને આ અમાનવીય વર્તનના હાહા વાવ લખીને વખાણ કર્યા હતા. વીડિયોમાં બતાવ્યુ છે કે કેવી રીતે હાથમાં હાથકડી અને પગમાં સાંકળ બાંધવામાં આવે છે ને કેવી રીતે તેમને અમેરિકન સેનાના વિમાન સુધી લઈ જવામાં આવે છે.














# ઈરાનમાં એક વર્ષમાં 31 મહિલાઓ સહિત 975ને ફાંસી, દેખાવો કરનારને પણ મોત

**તહેરાન**

વિશ્વભરના અનેક દેશોમાં મૃત્યુ દંડની કાયદેસરતા અને નૈતિકતા પર સવાલો ઉઠી રહ્યા છે. જોકે ઈરાની સરકારની ક્રુરતાનો ભયાનક ડેટા સામે આવ્યો છે. રિપોર્ટ મુજબ ઈરાનની સરકારે 31 મહિલા સહિત 975 વ્યક્તિઓને મોતની સજા આપી છે. સરકારે ભયાનકતાની એવી હદ વટાવી છે કે, સામાન્ય બાબતમાં પણ લોકોને ફાંસી આપી રહી છે.

ઈરાને વર્ષ 2024માં અનેક લોકોને મોતની સજા ફટકારી હોવાનું માનવ અધિકાર જૂથો ખુલાસો કર્યો છે. દાવા મુજબ ઈરાને મૃત્યુદંડનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા 975 લોકોને મોત આપી છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ (IHR) અને ફ્રાન્સના ટુગેધર અગેઈન્સ્ટ ધ ડેથ પેનલ્ટી (ECPM)એ કહ્યું કે, ‘અમારા દ્વારા વર્ષ 2008માં ડેટા એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદ વર્ષ 2024નો આ સૌથી ભયાનક ડેટા છે.’ રિપોર્ટ મુજબ, ઈરાનમાં 2024માં મૃત્યુદંડનો ઉપયોગ કરવામાં ભયાનક વૃદ્ધિ થઈ છે. ઈરાનમાં રાજકીય ખુન્નસ કાઢવા માટે મૃત્યુદંડનો ઉપયોગ કરવામાં આવે છે.

# USAમાં ફરી વિમાન દુર્ઘટના: એરિઝોનામાં હવામાં બે વિમાન ટકરાયાં, 2 લોકોના મોત

**ન્યૂયોર્ક**

અમેરિકાના એરિઝોના એરપોર્ટ પર બે વિમાન વચ્ચે હવામાં ટક્કર થતાં બે લોકોના મોત નીપજ્યા છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના બુધવારે સવાર (સ્થાનિક સમયાનુસાર) ની છે. મારાના પોલીસે વિભાગે જણાવ્યું હતું કે આ દુર્ઘટના 19 ફેબ્રુઆરીએ અવરા વૈલી અને સૈંડેરિયો રોડ સ્થિત મારાના રીજનલ એરપોર્ટ પર સર્જાઈ હતી. આ અકસ્માતમાં 2 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. હજુ સુધી વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થઈ નથી. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા ફોટામાં એરપોર્ટ પાસે ધુમાડાના ગોટેગોળા જોવા મળી રહ્યા છે. મારાનામાં એક રીજનલ એરપોર્ટ છે. આ ટક્સનના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત એક શહેર છે. એફએએ અને એનટીએસબી અકસ્માતની તપાસ



કરશે. રિપોર્ટસમાં એ પણ કહેવામાં આવ્યું છે કે અકસ્માત વખતે બંને વિમાનોમાં લોકો સવાર હતા. આ પહેલાં પણ અમેરિકામાં ફ્લાઈટ અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ હતી, જેમાં 60થી વધુ લોકોના મોત થયા હતા.

# પાક.ના બલૂચિસ્તાનમાં 7 પંજાબીઓની હત્યા પહેલા નામ પૂછ્યું અને પછી ગોળી મારી દીધી

**બલુચિસ્તાન**

પાકિસ્તાનમાં વંશીય આધારે મોટું વિભાજન જોવા મળી રહ્યું છે. સેનાથી લઈને સરકાર સુધી પંજાબીઓના વર્ચસ્વ સામે હિંસક આંદોલનો થયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બલુચિસ્તાનમાં આવી હિંસક ઘટનાઓમાં વધારો થયો છે, જેમાં પંજાબી મૂળના લોકોની વીણી-વીણીને હત્યા કરવામાં આવી હતી. હવે ફરી આવી જ ઘટના બની છે. મંગળવારે મોડી રાત્રે પંજાબ અને બલુચિસ્તાનને જોડતાં સરહદી જિલ્લા બરખાનમાં હુમલો થયો હતો. બલુચ બંદૂકધારી બળવાખોરોએ 7 પંજાબીઓને બસમાંથી ઉતારીને મારી નાખ્યા હતા. બલુચ બળવાખોરોએ આ લોકોના ઓળખપત્રો તપાસ્યા અને જ્યારે તેમની પંજાબી ઓળખ જાહેર થઈ, ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી.

આ ઘટના અંગે બલુચિસ્તાન પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ‘લગભગ 40 બંદૂકધારીઓએ ઘણી બસો રોકી હતી. તેમાં સવાર લોકોને બહાર કાઢીને તપાસવામાં આવ્યા. આ દરમિયાન, પંજાબી મૂળના 7 લોકો મળી આવ્યા હતા, જેમની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બરખન-ડેરા ગાઝી ખાન હાઈવે પર બની હતી.’



# ગર્ભવતીને જોબથી કાઢી મૂકનાર બ્રિટન કંપનીને 1 કરોડનું વળતર ચૂકવવું પડ્યું

**લંડન**

બ્રિટનની એક કંપનીને વર્ક ફ્રોમ હોમની માગ ફગાવવાનું ભારે પડ્યું છે. કંપનીએ એક ગર્ભવતી મહિલા કર્મચારીને વર્ક ફ્રોમ હોમ કરવાની મંજૂરી ન આપતાં તેને રૂ. એક કરોડનું વળતર ચૂકવવુ પડ્યું છે. બર્મિંગમ સ્થિત રોમન પ્રોપર્ટી ગ્રૂપ લિ.માં કામ કરતી પાઉલા મિલુસ્કાને ગર્ભાવસ્થા દરમિયાન સ્વાસ્થ્ય સંબંધિત પડકારો નડ્યા હતાં. જેથી તેણે તે સમયે કંપની પાસે ઘરેથી કામ કરવાની મંજૂરી માંગતાં કંપનીએ તેને નોકરીમાંથી પણ હાંકી કાઢી હતી.

પાઉલા મિલુસ્કાની વર્ક ફ્રોમ હોમની



મંજૂરી રદ કરવાની સાથે કંપનીએ તેને નોકરીમાંથી પણ બરતરફ કરવામાં આવતાં તેણે કંપની વિરુદ્ધ કેસ ફટકાર્યો હતો. એમ્પ્લોયમેન્ટ ટ્રિબ્યૂનલે પાઉલાને કામમાંથી હાંકી કાઢવાના પગલાંને ભેદભાવપૂર્ણ દર્શાવ્યું હતું. જેના લીધે કંપનીને 94000 પાઉન્ડ અર્થાત રૂ. એક કરોડનું વળતર આપવાનો નિર્દેશ આપ્યો હતો.

# અમેરિકાએ કર્યું શક્તિ પ્રદર્શન, મિનટમેન-3 પરમાણુ મિસાઈલનું કર્યું પરીક્ષણ

**વેટિકન સીટી**

અમેરિકાએ બુધવારે નિ:શસ્ત્ર મિનિટમેન-3 મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. તેનું પરીક્ષણ કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ ખાતે કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણનો ઉદ્દેશ્ય USAના પરમાણુ હથિયારોની સુરક્ષા, વિશ્વસનીયતા અને અસરકારકતા દેખાડવાનો હતો. આ અમેરિકાની નિયમિત પ્રવૃત્તિઓનો એક ભાગ છે. અમેરિકા આ મિસાઈલનું અગાઉ ઘણી વખત સફળતાપૂર્વક પરીક્ષણ કરી ચૂક્યું છે.

આ પરીક્ષણ યુએસ એરફોર્સ અને વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝની ટીમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. મિનિટ મેન-3 મિસાઈલ એક ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) છે.

# લાંચ કેસમાં અદાણી સહિત 6ને સમન્સ બજાવવા એસઈસીની ભારતને અપીલ

**વોશિંગ્ટન**

અમેરિકન સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) દ્વારા તાજેતરમાં અમેરિકી કોર્ટમાં અદાણીના લાંચ કેસ અંગે એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. ગૌતમ અદાણી, સાગર અદાણી અને અમેરિકી કંપનીના અધિકારીઓ સહિત છ લોકો સામે કરવામાં આવી રહેલી તપાસની વર્તમાન સ્થિતિ વિશે એજન્સીએ કોર્ટને જણાવ્યું હતું. ન્યૂયોર્કની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એજન્સી દ્વારા 18 ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અદાણી અને અમેરિકી કંપની દ્વારા વીજ



કોન્ટ્રાક્ટ લેવા માટે જે લાંચ આપવામાં આવી હતી તે કેસમાં કોર્ટે જારી કરેલું સમન્સ આરોપીઓને પહોંચાડવા માટે વધુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મુદ્દે એસઈસી દ્વારા ભારત સરકારને મદદ કરવા માટે અપિલ કરવામાં આવી હોવાનો પણ એજન્સીએ સ્વીકાર કર્યો હતો.

# અમેરિકા સહિતના દેશોની ૧૧૯ એપ્સને બ્લોક કરાઈ

**વોશિંગ્ટન**

મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા ૧૧૯ મોબાઈલ એપ્સને બેન કરી દેવામાં આવી છે. આ એપ્લિકેશન્સમાં મોટાભાગની વીડિયો અને વોઈસ ચેટ એપ્લિકેશન્સ છે. હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં પ્લેટફોર્મ લુમેન ડેટાબેઝ દ્વારા ગૂગલે આ માહિતી આપી હતી. સરકાર અને અન્ય ઓર્ગેનાઈઝેશન દ્વારા કન્ટેન્ટ રીમૂવલની રીક્વેસ્ટ કરવામાં આવે તેને લુમેન ડેટાબેઝ મોનિટર કરે છે. ભારત દ્વારા બેન કરવામાં આવેલી મોટાભાગની એપ્લિકેશન્સના ડેવલપર્સ હોંગકોંગ અને ચીનના છે. સરકાર દ્વારા ભારતમાં ઉપલબ્ધ ૧૧૯ એપ્લિકેશન્સને બેન કરવામાં આવી છે અને એમાંથી ગૂગલ દ્વારા ફક્ત ૧૫ એપ્લિકેશન્સને હજી સુધી કાઢવામાં આવી છે. બાકીની એપ્લિકેશન્સને હજી પણ ડાઉનલોડ કરી શકાય છે.

# SHAH FINANCIAL
PLANNING INC.

## TAX FREE FIRST HOME SAVING ACCOUNT (FHSA)



The new First Home Savings Account (FHSA) is a registered plan that allows individuals to save up to $40,000 tax-free towards the purchase of a qualifying home. Annual contribution limit of $8,000/year, which can be carried forward.

FHSA contributions are tax-deductible (similar to RRSPs), and withdrawals used to purchase a qualifying home are tax-free (similar to TFSAs), including any investment growth.

CONTACT US TO LEARN MORE

SHAH FINANCIAL PLANNING INC.

Sponsored in part by MACKENZIE Investments

www.ShahFinancial.ca

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Paid in part by Mackenzie Invstesments.

## Happy savings and many tax-free returns.

**You may not be fully maximizing the tax-free benefit of your TFSA.**

If your TFSA is only invested in GICs or high-interest savings accounts that earn 5% (or even less), you are not saving much tax. A TFSA invested in Dynamic Funds may give you the opportunity to earn higher returns, save more tax and grow your money faster.

The Tax-Free Savings Account (TFSA) contribution limit remains $7,000 for 2025.

If you have never contributed to a TFSA, you can deposit a total of $102,000.

Contact us to make your contributions today.

www.ShahFinancial.ca

SHAH FINANCIAL PLANNING INC.

*Sponsored in part by Dynamic Funds.*

dynamic.ca

Dynamic Funds
Invest with advice.

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Dynamic Funds® is a registered trademark of The Bank of Nova Scotia, used under license by, and is a division of, 1832 Asset Management L.P.

## Franklin U.S. Rising Dividends Fund

**Consider adding a dividend-focused strategy to your 2025 RRSP by March 3rd!**

**Visit franklintempleton.ca**

FRANKLIN TEMPLETON

SHAH FINANCIAL PLANNING INC.

Paid in part by Franklin Templeton Investments Corp.
Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.

co-sponsored in part by

Sun Life Global Investments



## GATEWAY TO NEW INDIA

Invest in the world's fastest growing major economy with unique access to the entire spectrum of the Indian market, including small and mid-cap equities.

**SUN LIFE ADITYA BIRLA INDIA FUND**

Sun Life Global Investments is a trade name of SLGI Asset Management Inc., Sun Life Assurance Company of Canada and Sun Life Financial Trust Inc. all of which are members of the Sun Life group of companies.

© SLGI Asset Management Inc. 2025. Sun Life Assurance Company of Canada, and their licensors. All rights reserved.

SHAH FINANCIAL PLANNING INC.

WWW.SHAHFINANCIAL.CA

*Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.*

**Head Office: 10 Great Gulf Drive, Suite 208, Vaughan, Ontario L4K 0K7**
**Tel: 905-669-5000 | Email: info@shahfinancial.ca | www.ShahFinancial.ca**

**HEAD OFFICE**
- Hardip (Dipa) Shah 905-669-5000x105
- Ekta Chauhan 905-669-5000x106
- Dipesh Chauhan 905-669-5000x103

**AJAX**
- Medha Pathak 647-919-9690

**BARRIE**
- Mike Puro 705-795-5053

**BRAMPTON**
- Amit Shah 647-296-2609
- Harkirat Khangura 905-840-3000
- Mehul Shah 647-522-0394
- Mukund Sheth 416-839-9645
- Ravinder Singh 416-303-2828
- Viral Mehta 647-502-2170

**CALEDON**
- Jaswinder Dhillon 416-278-6869

**ETOBICOKE**
- Marianne Pisani 416-568-6273
- Nikhilkumar Shah 647-868-4675

**KITCHENER**
- Chetan Bhatt 519-572-6245
- Sangeet Arora 519-546-3618

**LONDON**
- Kayla Chauhan 647-915-5295

**MISSISSAUGA**
- Farrah Andrabi 905-403-9665
- Kok-Tak Toh (KT) 905-567-9946
- Kwame Yeboah 416-302-0945
- Lata Pandey 416-822-4137
- Manjit Sandhu 416-300-7393
- Nainesh Shah 416-720-9249
- Nat Venkat 647-865-7149
- Raj Saraf 416-951-8228
- Vikas Saraswat 416-839-4561

**NEWMARKET**
- Robert (Bob) Telford 905-686-0863

**NORTH YORK**
- Devangkumar Shah 416-846-5837

**PICKERING**
- Pramod Chopra 416-560-6951

**SCARBOROUGH**
- Arun Kumar 647-638-3904

**TORONTO**
- Azeem Jadavji 416-453-5992

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




This charming three-bedroom home is situated in a desirable neighborhood, offering a perfect blend of comfort and convenience. With proximity to schools, shopping centers, and major highways, it provides easy access to essential amenities and commuting options. The property features spacious living areas, a well-appointed kitchen, and a private yard, making it an ideal choice for families seeking a welcoming environment. Freshly painted.

Beautiful 3 Bedroom Townhouse Available For Sale In Most Desirable Location and Family Oriented neighborhood . Perfect Home For 1st Time Home Buyers and investors. Open Concept Main Floor Convenient Main Fl. Laundry W/Garage Accesss.Large Mstr. Bedrm W/4 Pce. Ensuite. Newly Fin. Bsmt W/ Family Rm.M 2 Pce. Bath, Cold Cellar & Lots Storage. Relax On The Deck W/Fenced Backyard. Easy Access To Hwy 407/401, Newly upgraded Window in 2024 with highest level of energy efficiency.

Very Bright & Spacious Layout Home in Prime Location. Well maintained house with 4 Bedrooms, 3 Bath with W/O to large deck through breakfast area. Kitchen with Granite Countertop and Stainless Steel Appliances. Separate Entrance to basement with 2 Bedrooms, Kitchen and Washroom, Separate laundry in basement. Great Neighborhood And An Easy Access Location To All Amenities, Shopping, Restaurants, Schools. Short Walk To Nearby Neighborhood Children's Park. Few Minutes To 401.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

**Shamim & Amin Kharodia**
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676




Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.